# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

કંગનાની નવી ફિલ્મ મુંબઈની હોસ્પિટલમાં આતંકી એટેક પર હશે....



પેજ-09

આઈપીએલ : વિરાટ કોહલી તૈયાર મેદાન ગજવવા સજ્જ....

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 39.00 | 22.00 |
| વડોદરા | 39.00 | 23.00 |
| સુરત | 38.00 | 24.00 |

પેજ 3



રાજકોટ ડિજિટલ એરેસ્ટ કેસ: મધ્યપ્રદેશથી છઠ્ઠા આરોપીની ધરપકડ...


12 MARCH-2026 THURSDAY


ઈરાન અમેરિકા યુદ્ધ સંકટ ટ્રમ્પની ગણતરીઓ ઊંધી પડી દુનિયા પર ખતરો



પેજ 10

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 76863.71 | ▼ | 1342.27 |
| નિફ્ટી | 23866.85 | ▼ | 394.75 |
| સોનું | 162250 | ▼ | 1053 |
| ચાંદી | 267742 | ▼ | 10108 |


વર્ષ-15 । અંક-119 । વિક્રમ સંવત-2082 । ફાગણ વદ - 09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### આની ખુશી ચહેરાઓ પર દેખાઈ રહી છે; રાજ્યમાં લગભગ ₹11 હજાર કરોડની વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું

# કેરળને મલયાલી નામ મળ્યું





(એજન્સી) ચેન્નઈ | તા.11

PM નરેન્દ્ર મોદી બુધવારે કેરલમ (કેરળ)ના પ્રવાસે છે. તેઓ બુધવારે સવારે લગભગ 11:30 વાગ્યે કોચી ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચ્યા. ત્યાંથી હેલિકોપ્ટર દ્વારા નૌકાદળના અડ્ડા પર ગયા. પછી રોડ માર્ગે મરીન ડ્રાઈવમાં અખિલ કેરળ ધીવર સભાના સુવર્ણ જયંતિ સમારોહમાં ભાગ લીધો. PMએ અહીં જનસભાને સંબોધતા કહ્યું- કેરળનું નામ બદલીને 'કેરલમ' કરવાનો નિર્ણય મલયાલી લોકો માટે ખુશીની ક્ષણ છે. મારા મલયાલી ભાઈઓ અને બહેનોની લાંબી રાહ આખરે પૂરી થઈ ગઈ છે. મલયાલી સંસ્કૃતિ અનુસાર આ સુંદર રાજ્યને તેનું યોગ્ય નામ મળ્યું છે. કેન્દ્ર સરકારે આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.પ્રધાનમંત્રી મોદીએ કોચીમાં રોડ શો પણ કર્યો.તેઓ જવાહરલાલ નેહરુ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં આયોજિત લગભગ 300 મીટર લાંબા રોડ શો દરમિયાન તેમણે કારની સનરૂફમાંથી લોકોનું અભિવાદન કર્યું. આ પછી PM એ 10,800 કરોડની અનેક વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દક્ષિણ ભારતના પ્રવાસ દરમિયાન કેરળના ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ ઉમેરતા જાહેરાત કરી છે કે હવેથી આ રાજ્ય 'કેરલમ' તરીકે ઓળખાશે. બુધવારે કોચી પહોંચેલા વડાપ્રધાને મલયાલી જનતાની વર્ષો જૂની માંગણી સંતોષતા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે રાજ્યનું નામ બદલવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ ઐતિહાસિક ક્ષણે તેમણે કેરળમાં અંદાજે ૧૧,૦૦૦ કરોડના વિકાસ કાર્યોની ભેટ આપી રાજ્યના અર્થતંત્રને નવી ગતિ પ્રદાન કરી છે. માછીમાર સમુદાયના કાર્યક્રમથી લઈને ભવ્ય રોડ શો સુધીના કાર્યક્રમોમાં વડાપ્રધાને જનતા સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

### મદુરાઈ એરપોર્ટને આંતરરાષ્ટ્રીય દરજ્જો આપવાની મંજૂરી

વડાપ્રધાનના પ્રવાસ પહેલા મંગળવારે કેન્દ્રીય કેબિનેટે મદુરાઈ એરપોર્ટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જાહેર કરવાની મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આ અપગ્રેડ આ ક્ષેત્રના લોકોની અપેક્ષાઓ દર્શાવે છે અને તેનાથી મદુરાઈના વિકાસની સંભાવનાઓમાં ઘણો બદલાવ આવશે.

### તમિલનાડુમાં 5,650 કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે

આ પછી PM તમિલનાડુ જશે. અહીં સાંજે લગભગ 5:45 વાગ્યે, વડાપ્રધાન તમિલનાડુના તિરુચિરાપલ્લીમાં લગભગ 5,650 કરોડ રૂપિયાની અનેક વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. આ પ્રસંગે વડાપ્રધાન એક જનસભાને પણ સંબોધિત કરશે.

### NDAની લોકપ્રિયતાથી DMK ડરી ગઈ

વડાપ્રધાન મોદીએ X પર એક પોસ્ટમાં કહ્યું કે DMK રાજ્યભરમાં NDAની વધતી લોકપ્રિયતાથી સ્પષ્ટપણે પરેશાન છે. તેમણે લખ્યું કે તમિલનાડુના લોકોએ DMKના કુશાસન અને અધૂરા વચનો જોઈ લીધા છે.

### મલયાલી અસ્મિતાનો વિજય અને નામકરણ

વડાપ્રધાન મોદીએ મરીન ડ્રાઈવ ખાતે આયોજિત 'અખિલ કેરળ ધીવર સભા'ના સુવર્ણ જયંતિ સમારોહમાં હાજરી આપી હતી. અહીં જનમેદનીને સંબોધતા તેમણે ભાવુક સ્વરે કહ્યું કે, 'કેરળનું નામ બદલીને 'કેરલમ' કરવાનો નિર્ણય એ દરેક મલયાલી વ્યક્તિ માટે ગૌરવની ક્ષણ છે.

### કોચીમાં વિકાસનો મહાકુંભ અને રોડ શો

કોચી આંતરરાષ્ટ્રીય વિમાનમથકે ઉતરાણ કર્યા બાદ વડાપ્રધાને જવાહરલાલ નેહરુ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે 300 મીટર લાંબો ભવ્ય રોડ શો યોજ્યો હતો. રસ્તાની બંને બાજુ ઉભેલી મેદનીએ પુષ્પવર્ષા કરીને તેમનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન તેમણે કુલ ૧૦,૮૦૦ કરોડની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો.

### રાજકીય પ્રહારો અને સુશાસનનો સંકલ્પ

આ બંને ગઠબંધનોએ રાજ્યને લૂંટ અને કુશાસન સિવાય કંઈ આપ્યું નથી. તેમણે NDAના 'ગુડ ગવર્નન્સ' એજન્ડા પર ભાર મૂકતા જણાવ્યું કે, કેરળના યુવાનોની અપેક્ષાઓ માત્ર વિકાસલક્ષી રાજનીતિથી જ પૂરી થઈ શકે છે. તમિલનાડુના DMK શાસન પર પ્રહાર કરતા તેમણે નોંધ્યું કે રાજ્યમાં NDAની વધતી જતી લોકપ્રિયતાથી વિપક્ષો ફફડાટ અનુભવી રહ્યા છે. માછીમારોના કલ્યાણ માટે સરકારની કટિબદ્ધતા દોહરાવતા તેમણે આધુનિક સુવિધાઓ પૂરી પાડવાની ખાતરી આપી હતી.

## ભારત આવી રહેલા થાઈલેન્ડના જહાજ પર હોર્મુઝ સ્ટ્રેટમાં હુમલો

### ઓમાન નૌકાદળે 20 ક્રૂ સભ્યોને બચાવ્યા, 3 હજુ પણ ગુમ



(એજન્સી) અમદાવાદ | તા.11

ગુજરાત આવી રહેલા થાઈલેન્ડના એક કાર્ગો જહાજ પર હોર્મુઝ સ્ટ્રેટમાં હુમલો થયો છે. ઓમાન નજીક જઈ રહેલા આ જહાજને પ્રોજેક્ટાઈલ દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું, ત્યારબાદ થાઈ નૌકાદળે બચાવ અભિયાન શરૂ કર્યું છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, થાઈ ધ્વજ ધરાવતું બલ્ક કેરિયર 'મયુરી નારી' ઓમાનની ઉત્તરે લગભગ 11 નોટિકલ માઈલ દૂર હતું, ત્યારે તેના પર હુમલો થયો હતો.

### યુદ્ધમાં 206 વિદ્યાર્થીઓ અને શિક્ષકોના મોત

ઈરાનના શિક્ષણ મંત્રી અલીરેઝા કાઝેમીએ કહ્યું છે કે અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓમાં અત્યાર સુધીમાં 206 વિદ્યાર્થીઓ અને શિક્ષકો માર્યા ગયા છે. આ ઉપરાંત 161 અન્ય લોકો ઘાયલ થયા છે.

### અમેરિકામાં ગેસ 21 મહિનામાં સૌથી મોંઘો થયો

ઈરાન યુદ્ધના કારણે અમેરિકામાં પેટ્રોલ-ગેસના ભાવમાં ઝડપથી વધારો થયો છે. દેશમાં ગેસની સરેરાશ કિંમત 3.58 ડોલર પ્રતિ ગેલન સુધી પહોંચી ગઈ છે, જે છેલ્લા 21 મહિનામાં સૌથી વધુ છે.

### જે આંખ મારે છે, ફ્લાઈંગ કીસ આપે છે તે સ્પીકર પર સવાલ ઉઠાવે છે

# ઓમ બિરલા પરથી ઘાત ટળી!:સ્પીકર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ નામંજૂર







(એજન્સી) નવી દિલ્હી | તા.11

લોકસભામાં બુધવારે સ્પીકર ઓમ બિરલાને પદ પરથી હટાવવાનો અવિશ્વાસ પ્રસ્તાવ ધ્વનિમતથી ફગાવી દેવામાં આવ્યો. તેમના પર ગૃહની કાર્યવાહી દરમિયાન ભેદભાવ કરવાનો આરોપ હતો. આ પહેલા ગૃહમંત્રી અમિત શાહે 56 મિનિટ સુધી જવાબ આપ્યો. તેમણે આ દરમિયાન રાહુલ ગાંધી અને કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા અને ગણાવ્યું કે 17મી, 18મી લોકસભામાં બોલવા માટે કેટલો સમય મળ્યો. તેમણે સ્પષ્ટ કહ્યું કે ગૃહ નિયમ મુજબ ચાલશે. સ્પીકરને નિયમોના ઉલ્લંઘન પર રોકવાનો અને ટોકવાનો અધિકાર છે.

### રાહુલ ગાંધીની સંસદીય વર્તણૂક પર વેધક સવાલો

ગૃહમંત્રીએ વિપક્ષના નેતા રાહુલ ગાંધીનું નામ લીધા વગર તેમની ભૂતકાળની વર્તણૂક પર આકરા પ્રહારો કર્યા હતા. શાહે કહ્યું કે, 'ગૃહમાં નિયમોથી બોલવું પડે છે. અહીં શશિ થરૂર અને બાલુ સાહેબ જેવા વરિષ્ઠ નેતાઓ બેઠા છે, તેઓ કેમ રાહુલ ગાંધીને સંસદીય મર્યાદા શીખવતા નથી?' તેમણે વધુમાં ઉમેર્યું કે વડાપ્રધાનને અચાનક ભેટી પડવું, ગૃહમાં આંખ મારવી કે ફ્લાઈંગ કિસ જેવી ચેષ્ટાઓ કરવી તે અત્યંત શરમજનક છે.

### અમિત શાહનો ૫૬ મિનિટનો વિસ્ફોટક જવાબ

શાહે અંદાજે ૫૬ મિનિટ સુધી ધારદાર પ્રવચન આપ્યું હતું. તેમણે કોંગ્રેસ અને રાહુલ ગાંધીને આડેહાથ લેતા સ્પષ્ટ કર્યું હતું કે ગૃહ કોઈ મેળો નથી કે જ્યાં નિયમોનું ઉલ્લંઘન સહન કરવામાં આવે. શાહે આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે ૧૭મી અને ૧૮મી લોકસભામાં વિપક્ષી સભ્યોને પૂરતો સમય ફાળવવામાં આવ્યો છે. જે સભ્યો નિયમોનું પાલન નહીં કરે, તેમના માઈક બંધ કરવા એ સ્પીકરની ફરજનો ભાગ છે.

## ઈચ્છામૃત્યુનો ચુકાદો સંભળાવતા ભાવુક થયા જસ્ટિસ પારડીવાલા

### SCએ 13 વર્ષથી કોમામાં રહેલા હરીશ રાણાને મંજૂરી આપી, આ પ્રકારનો દેશમાં પહેલો કિસ્સો





(એજન્સી) નવી દિલ્હી | તા.11

સુપ્રીમ કોર્ટે બુધવારે 31 વર્ષના એક યુવકને ઈચ્છામૃત્યુની મંજૂરી આપી છે. ગાઝિયાબાદના રહેવાસી હરીશ રાણા છેલ્લા 13 વર્ષથી કોમામાં છે. હરીશ હાલ લાઈફ સપોર્ટ સિસ્ટમ પર છે અને દેશમાં આ પ્રકારનો આ પ્રથમ કિસ્સો છે.જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે એઈમ્સ (AIIMS)ને નિર્દેશ આપ્યો છે કે, હરીશ રાણાને પેલિએટિવ કેર દાખલ કરવામાં આવે, જેથી જીવનરક્ષક સારવારને તબક્કાવાર રીતે હટાવી શકાય.

### પહેલા જાણો હરીશ રાણા કેસ શું છે?

દિલ્હીમાં જન્મેલા હરીશ રાણા ચંદીગઢની પંજાબ યુનિવર્સિટીમાંથી બીટેકનો અભ્યાસ કરી રહ્યા હતા. 2013માં તેઓ હોસ્ટેલના ચોથા માળેથી પડી ગયા. આને કારણે તેમના આખા શરીરમાં લકવો થઈ ગયો અને તેઓ કોમામાં ચાલ્યા ગયા. તેઓ ન કંઈ બોલી શકે છે કે ન કંઈ અનુભવી શકે છે.ડોક્ટરે જણાવ્યું છે કે દીકરાના મગજની નસો સંપૂર્ણપણે સુકાઈ ગઈ છે.

### UP-બિહારમાં પોલીસ સુરક્ષામાં સિલિન્ડર વહેંચાઈ રહ્યા છે, રાજસ્થાનમાં કાળાબજારી શરૂ

# દેશભરમાં LPGની અછત, એજન્સીની બહાર લાંબી લાઈન

(એજન્સી) નવી દિલ્હી | તા.11

અમેરિકા-ઈઝરાયલના ઈરાન સાથેના યુદ્ધને કારણે દેશભરમાં LPGની અછત સર્જાઈ રહી છે. ગેસ સિલિન્ડર લેવા માટે એજન્સીઓ પર લાંબી લાઈનો લાગી છે.દિલ્હી, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન સહિત ઘણા રાજ્યોએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરના સપ્લાય પર પ્રતિબંધ મૂકતા હોટલો અને રેસ્ટોરન્ટમાં ભોજન બની શકતું નથી.કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો સપ્લાય ઠપ થવાથી સૌથી મોટો સંકટ હોટલ-રેસ્ટોરન્ટ પર છે. જ્યારે ઘરેલું રસોઈ ગેસ લેવા માટે ગેસ એજન્સીઓની બહાર લાંબી લાઈન લાગી છે.જે ઘરોમાં લગ્ન છે, તેઓ તણાવમાં છે. એકલા ભોપાલમાં જ 20 દિવસમાં એક હજારથી વધુ લગ્નો છે. કેટરર્સનું કહેવું છે કે આ ઈમરજન્સી જેવી સ્થિતિ છે.



### ઉત્તર પ્રદેશ: પોલીસ સુરક્ષામાં સિલિન્ડર વહેંચાઈ રહ્યા છે

ઉત્તર પ્રદેશમાં બુકિંગના 4 થી 5 દિવસ પછી પણ સિલિન્ડર મળી રહ્યા નથી. ગેસ એજન્સીઓની બહાર લાઈનો લાગવા માંડી છે. ગોરખપુર-સિદ્ધાર્થનગરમાં પોલીસ સુરક્ષામાં સિલિન્ડરનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.એજન્સીઓ પર વહેલી સવારે 3 વાગ્યાથી જ લોકો લાઈન લગાવવા પહોંચી રહ્યા છે.

### બિહાર: લોકો સવારથી જ ગેસ એજન્સી પહોંચી રહ્યા છે

અહીં પણ 2 દિવસથી કોમર્શિયલ ગેસ સિલિન્ડરનું બુકિંગ બંધ છે. આ કારણે હોટલ, રેસ્ટોરન્ટ પર અસર પડી છે. ઘરેલું ગેસને લઈને પણ રાજ્યના ઘણા જિલ્લાઓમાં લોકોની લાંબી લાઈન જોવા મળી. ગોપાલગંજ, ખગડિયા, ઔરંગાબાદ, પટના સહિત ઘણા જિલ્લાઓમાં લોકો સવારથી જ ગેસ એજન્સી પહોંચવા લાગ્યા.

## રાયપુરમાં વિંગ કમાન્ડરે આત્મહત્યા કરી:ઘરમાંથી લટકતો મૃતદેહ મળ્યો

### એરફોર્સમાં કામ કરતી પત્ની દિલ્હી હતી; બે બાળકો બીજા રૂમમાં સૂતા હતા, ઘરકંકાસની આશંકા

(એજન્સી) રાયપુર | તા.11

રાયપુરમાં એરફોર્સના વિંગ કમાન્ડરે આત્મહત્યા કરી લીધી છે. પુરેના સ્થિત ધારાસભ્ય કોલોનીમાં વિંગ કમાન્ડરનો મૃતદેહ ઘરની અંદર ફાંસી પર લટકતો મળી આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, વિપુલ યાદવ (39)એ પુરેના ધારાસભ્ય કોલોની સ્થિત બંગલા નંબર-79માં ઘરના રૂમમાં ફાંસી લગાવી લીધી.વિપુલ હરિયાણાના રહેવાસી હતા અને રાયપુરમાં તૈનાત હતા. તેઓ છત્તીસગઢમાં નક્સલ વિરોધી ઓપરેશન સંબંધિત જવાબદારીઓ પણ સંભાળી રહ્યા હતા. સવારે તેમના ઘરમાં બેડરૂમમાં તેમનો મૃતદેહ પંખાથી લટકતો મળ્યો. સૌથી પહેલા ઘરની મેડે જોયું અને પોલીસને જાણ કરી. રૂમમાંથી કોઈ સુસાઈડ નોટ મળી નથી.તે સમયે તેમના બંને બાળકો બીજા રૂમમાં સૂઈ રહ્યા હતા, જ્યારે તેમની પત્ની કામના સંબંધમાં દિલ્હી ગઈ હતી. બંનેના 2014માં લવ મેરેજ થયા હતા. પત્ની પહેલા એરફોર્સમાં કામ કરતી હતી અને હાલમાં આઈટી સેક્ટરમાં કાર્યરત છે.

### અંતિમ સંસ્કારની તૈયારી વચ્ચે મહિલાએ શ્વાસ લીધો: ડોક્ટરે બ્રેઈન ડેડ જાહેર કરી



રસ્તામાં ખાડો આવતા એમ્બ્યુલન્સને ઝટકો લાગ્યો ને મહિલાનો શ્વાસ પાછો આવ્યા

(એજન્સી) પીલીભીત | તા.11

ઉત્તર પ્રદેશના પીલીભીતની એક મહિલાને બરેલીના ડોક્ટરોએ બ્રેઈન ડેડ જાહેર કરી દીધી. પરિજનોને મહિલાને ઘરે લઈ જવા માટે કહ્યું. ઘરે પણ મહિલાના અંતિમ સંસ્કારની તૈયારીઓ થવા લાગી.પતિ મહિલાને એમ્બ્યુલન્સથી લઈને ઘરે પાછો ફરવા લાગ્યો.

## રાજસ્થાનમાં તાપમાન 40°C થી વધુ

(એજન્સી) નવી દિલ્હી | તા.11

માર્ચ મહિનામાં જ મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, હરિયાણા સહિત અન્ય રાજ્યોમાં દિવસનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે. રાજસ્થાનમાં તાપમાન 40C થી વધુ રહ્યું, સૌથી વધુ બાડમેરમાં 40.6C નોંધાયું. તીવ્ર ગરમીની સાથે 2 જિલ્લામાં હીટવેવ અને 19 જિલ્લામાં કરા પડવાનું એલર્ટ છે.

મધ્ય પ્રદેશમાં માર્ચના બીજા અઠવાડિયાથી જ તીવ્ર ગરમી શરૂ થઈ ગઈ છે. ગ્વાલિયર-ચંબલમાં તાપમાન સામાન્ય કરતાં 6C થી વધુ રહ્યું. હવામાન વિભાગ મુજબ 15 માર્ચ પછી ગરમી વધુ વધશે. મંગળવારે ધારમાં પારો સૌથી વધુ 39C નોંધાયો. બાકીના શહેરોમાં 34C થી વધુ રહ્યું.





બિહારમાં આજે 8 જિલ્લામાં વરસાદનું યલો એલર્ટ છે. તેમાં ગોપાલગંજ, બેગુસરાય અને નાલંદાનો સમાવેશ થાય છે. મંગળવારે સૌથી વધુ તાપમાન સુપૌલનું રહ્યું, જે 32.1C હતું. પટનાનું પણ 32C રહ્યું.

પહાડી રાજ્યો જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદ અને ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષાનું એલર્ટ છે. ઉત્તરાખંડના દેહરાદૂનમાં દિવસનું તાપમાન 31C રહ્યું.

## આસારામ રામલલાના દર્શન કરવા અયોધ્યા પહોંચ્યો

### તીર્થ સ્થળોએ જવાથી નરક ભોગવવું પડતું નથી, સારવાર માટે 6 મહિનાના જામીન પર છે

(એજન્સી) અયોધ્યા | તા.11

રેપ કેસમાં સજા પામેલો આસારામ મંગળવારે સાંજે અયોધ્યા પહોંચ્યો. તે સરયૂ નદીના કિનારે ફર્યો. આ દરમિયાન ઘણા લોકો તેની સામે હાથ જોડતા જોવા મળ્યા. આસારામે કહ્યું, ભગવાન રામલલાના દર્શન કરીશ, તેથી અહીં આવ્યો છું.આસારામે કહ્યું, ભારતમાં ઘણા એવા તીર્થસ્થાનો છે, જ્યાં પ્રાણ ત્યાગવાથી કે માત્ર જવાથી મનુષ્યનું કલ્યાણ થાય છે. શાસ્ત્રોમાં સાત મોક્ષદાયી સ્થાન જણાવવામાં આવ્યા છે. તેમાં



અયોધ્યા, મથુરા, માયા (હરિદ્વાર), કાશી, કાંચી, અવંતિકા અને પુરી છે.માનવ શરીરમાં વાયુ, કફ અને પિત્ત ત્રણ દોષ હોય છે અને તીર્થ સ્થળોએ જવાથી આ દોષોનો પ્રભાવ ઓછો થાય છે.

## ઓમાનના પોર્ટ પર ઈરાનના હુમલાથી હાહાકાર, લાખો લીટર કાચું તેલ આગમાં ખાખ

(એજન્સી) ઓમાન | તા.11

અમેરિકા-ઈઝરાયલના હુમલા બાદ ઈરાન ભયાનક તબાહી મચાવી રહ્યું છે. ઓમાનના સલાલાહ પોર્ટ પર ઈરાની ડ્રોથી હુમલો થતા હાહાકાર મચી ગયો છે. રિપોર્ટ મુજબ હુમલામાં ઓછામાં ઓછાં ત્રણ ઓઈલ સ્ટોરેજ ડેપોમાં ભયાનક આગ લાગી ગઈ છે. આગની ઝપેટમાં આવેલું લાખો લીટર સળગી રહ્યું છે. ઓઈલ ટેન્કરોમાંથી વિશાળ કાળો ધૂમાળો બહાર નીકળી રહ્યો છે. હુમલા બાદ પોર્ટ તાત્કાલીક ખાલી કરવામાં આવ્યું છે. ઈરાન અને ઓમાન વચ્ચે ઘણા દિવસથી તણાવ ચાલી રહ્યો છે. ઈરાને અગાઉ પણ ઓમાનના પોર્ટને નિશાન બનાવ્યું હતું, જેમાં તેણે 11 માર્ચે દુમન પોર્ટ પર તેલથી ભરેલા ટેન્કો પર ડ્રોન ઝિંક્યા હતા. તે વખતે પણ મોટાપાયે આગ લાગી હતી. ઓમાની સ્ટેટ મીડિયાના રિપોર્ટ મુજબ, ઈરાને અનેક ડ્રોનથી હુમલા કર્યા હતા, જેમાંથી ઓમાનની એર ડિફેન્સ સિસ્ટમે કેટલાક ડ્રોન તોડી પાડ્યા હતા, તો કેટલાક ઓઈલ ટેન્કર પર પડ્યા છે. જોકે રાહતની વાત એ છે કે, ઘટનામાં કોઈપણ વ્યક્તિને ઈજા થઈ નથી. ઓમાન સરકારે પોર્ટના દક્ષિણ ભાગને તાત્કાલીક કામચલાઉ ધોરણે બંધ કરી દીધો છે. ઈરાન અન્ય દેશો પર હુમલાઓ કેમ કરી રહ્યું છે, તેની પણ અટકળો ચાલી રહી છે. રિપોર્ટ મુજબ તેણે અમેરિકા-ઈઝરાયેલ હુમલાના જવાબમાં આ હુમલો કર્યો હોવાનું કહેવાઈ છે. ઈરાન ગલ્ફ દેશોના ઊર્જા અને લોજિસ્ટિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ટાર્ગેટ કી રહ્યું છે. સલાલાહ આરબ સાગરનું મુખ્ય કન્ટેનર મથક છે અને તે પોર્ટ હોર્મુઝ જળમાર્ગને બાયપાસ કરનારા મહત્ત્વના ટ્રેડ રૂટ પર આવેલું છે.

## જમ્મુમાં ફારુક અબ્દુલ્લા પર ફાયરિંગ

(એજન્સી) જમ્મુ - કાશ્મીર | તા.11

જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના સંરક્ષક ડૉ. ફારુક અબ્દુલ્લા પર આજે(11 માર્ચ, 2026) ફાયરિંગ થયું હોવાની ઘટના સામે આવી છે. જો કે, આ ઘટનામાં તેમનો આબાદ બચાવ થયો હતો.અબ્દુલ્લા જમ્મુના ગ્રેટર કૈલાશ વિસ્તારમાં એક વકીલના લગ્નમાં હાજરી આપવા ગયા હતા. ફાયરિંગ કરનાર વ્યક્તિની ઓળખ કમલ સિંહ જમવાલ તરીકે થઈ રહી છે. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. જમ્મુમાં ફારુક અબ્દુલ્લા તેમની પાર્ટીના વકીલ કાર્યકર્તાના દીકરાના લગ્નમાં હાજરી આપવા આવ્યા હતા. જ્યાં લગભગ એક કલાક સુધી ફારુક અબ્દુલ્લા રોકાયા હતા. આ પછી બેન્ક્વેટ હોલમાંથી બહાર નીકળતાની સાથે જ તેમના પર ફાયરિંગ થયું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આરોપી ઝાડીઓમાં છુપાઈ ગયો હતો.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી મુદ્દે આમ આદમી પાર્ટીની ઉમેદવાર પસંદગી પ્રક્રિયા શરૂ



અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો પડઘમ વાગી રહ્યા છે. થોડા સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવાની છે. આ બાબતે આમ આદમી પાર્ટી સતત સંઘર્ષ કરીને આજે ગુજરાતની અંદર એક મજબૂત વિકલ્પ તરીકે ઉભરી આવી છે. આજે જ્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે પાર્ટી તમામ સીટો પર મજબૂતીથી ચૂંટણી લડવા જઈ રહી છે. આ બાબતે આમ આદમી પાર્ટીની ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ગત 10મી માર્ચથી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં મહાનગરપાલિકા અને જિલ્લા તથા તાલુકા પંચાયતની સીટો માટે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં દાવેદારોના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રક્રિયા ખૂબ જ પારદર્શક અને લોકશાહી પદ્ધતિથી કરવામાં આવી રહી છે, જેમાં પાર્ટીના કાર્યકરો, પદાધિકારીઓ અને સમર્થકોને પણ ભાગ લેવા તક મળી રહી છે. ગુજરાતના લોકો અને ગુજરાતના યુવાનો ભાજપના શાસનમાંથી મુક્તિ ઈચ્છે છે. આમ આદમી પાર્ટી એક સકારાત્મક વિકલ્પ તરીકે આગળ આવી રહી છે ત્યારે જેને પણ રાજકારણમાં આવવું હોય તે આ પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે. આવો સાથે મળીને ગુજરાતને ભાજપના અત્યાચારમાંથી મુક્ત કરીએ અને સાચા અર્થમાં ગુજરાતનો વિકાસ કરીએ. આમ આદમી પાર્ટી દ્વારા બે તબક્કામાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરશે. પ્રથમ તબક્કામાં જિલ્લા અને લોકસભા સ્તરે આગામી 10મી તારીખથી લઈને 15મી તારીખ સુધી અલગ અલગ જિલ્લાઓ અને લોકસભા વિસ્તારોમાં આમ આદમી પાર્ટીની સ્ક્રુટિની કમિટીઓ બેઠકો કરશે. તેમાં તમામ દાવેદારો, જેમણે ચૂંટણી લડવા માટે ઈચ્છા દર્શાવી છે, તેઓને મળવામાં આવશે અને સાથે સંગઠનના સાથીઓ સાથે ચર્ચા કરીને પસંદગી પ્રક્રિયા આગળ વધારવામાં આવશે.

# દેશમાં એલપીજી ગેસની ભારે અછત, એક કરોડ લોકો બેરોજગાર થવાનો ડર- કેજરીવાલ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે દેશભરમાં મંડરાઈ રહેલા એલપીજી ગેસ સંકટને લઈને પ્રધાનમંત્રી પર આકરા પ્રહાર કર્યા છે. તેના માટે પ્રધાનમંત્રીની ભૂલોને જવાબદાર ગણાવતા તેમણે કહ્યું કે સમગ્ર દેશમાં એલપીજી ગેસની ભારે અછત છે. તેના કારણે એક કરોડથી વધુ લોકોના બેરોજગાર થવાનો ડર છે. મોદીજીએ ટ્રમ્પ આગળ દેશને અમેરિકાની કોલોની બનાવી દીધી છે. આખરે મોદીજીની આવી શું મજબૂરી છે? ટ્રમ્પના દબાણમાં મોદીજીને યુદ્ધ શરૂ થવાના એક દિવસ પહેલાં ઈઝરાયેલ જવાની શું જરૂર હતી? પ્રધાનમંત્રીએ જૂના મિત્ર ઈરાનને નારાજ કરીને સમગ્ર દેશને એલપીજી ગેસના ભારે સંકટમાં નાખી દીધો છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે ભારતની વિદેશ નીતિ હંમેશા નિરપેક્ષ રહી છે, પરંતુ મોદીજી અમેરિકા-ઇઝરાયેલ સાથે નજર આવ્યા. એવું લાગે છે કે



નરેન્દ્ર મોદી એક કમજોર પ્રધાનમંત્રી છે. તેથી જ ટ્રમ્પના દરેક આદેશને માથું ઝુકાવી 'જી હજૂર' કહીને સ્વીકારી લે છે. આખરે ટ્રમ્પ પાસે એવું કયું સિક્રેટ છે, જેના કારણે પ્રધાનમંત્રી એટલા મજબૂર બની ગયા છે. જો મોદીજીને ટ્રમ્પ પાસેથી પોતાના સિક્રેટ બહાર આવી જવાનો ડર સતાવી રહ્યો હોય તો રાજીનામું આપી દે, પરંતુ દેશને બરબાદ ન કરે. બુધવારે 'આપ' મુખ્યાલયમાં સાંસદ સંજય સિંહ અને નેતા જસ્મીન શાહ સાથે પ્રેસ વાર્તા કરી અરવિંદ કેજરીવાલે કહ્યું કે આ સમયે દેશ ખૂબ જ ગંભીર સંકટમાંથી પસાર થઈ રહ્યો છે. સમગ્ર દેશમાં એલપીજી ગેસની ભારે અછત થઈ ગઈ છે. એલપીજી ગેસનો ઉપયોગ ઘરોમાં રસોઈ બનાવવા, રેસ્ટોરન્ટ, હોટલ, ઈન્ડસ્ટ્રી સહિત અનેક રીતે લોકો કરે છે. આ ભારે કમી પાછળ મુખ્ય કારણ એ છે કે આપણા દેશમાં દરરોજ જેટલું એલપીજી ગેસનું ઉત્પાદન થાય છે, તેમાં લગભગ 50% કમી આવી ગઈ છે.

# જૂનાગઢ જિલ્લા સહકારી બેંકમાં બોર્ડની મુદત પૂરી છતાં વહીવટદારની નિમણૂંક કેમ નહીં? ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાનો સરકારને સવાલ

અમદાવાદ : ગાંધીનગર વિધાનસભામાં પ્રશ્નોત્તરી દરમિયાન વિસાવદર મતવિસ્તારના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ પોતાના મતવિસ્તાર સંબંધિત મહત્વના પ્રશ્નો સરકાર સમક્ષ રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું કે જૂનાગઢ જિલ્લા સહકારી બેંક ત્રણ જિલ્લાઓ જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદરના હજારો ખેડૂતો સાથે સંકળાયેલી મહત્વપૂર્ણ સંસ્થા છે. આ બેંકમાંથી દર વર્ષે હજારો ખેડૂતો કરોડો રૂપિયાનું પાક ધિરાણ મેળવે છે. આવી સંસ્થાનો વહીવટ પારદર્શક અને પ્રામાણિક રીતે થવો અત્યંત જરૂરી છે. ધારાસભ્યએ જણાવ્યું કે તેમના ધ્યાનમાં આવ્યું છે કે જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મુદત ઘણાં સમય પહેલાં પૂર્ણ થઈ ગઈ છે. તેમ છતાં બેંકના ચેરમેન અને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ હજુ પણ પદ પર રહીને બેંકનો વહીવટ સંભાળી રહ્યા છે.



આ મુદ્દે તેમણે વિધાનસભામાં પ્રશ્ન રજૂ કર્યો હતો. સરકારે આપેલા જવાબમાં સ્વીકાર્યું છે કે બેંકના ચૂંટાયેલા સભ્યોની મુદત ખરેખર પૂર્ણ થઈ ગઈ છે, છતાં બેંકમાં કસ્ટોડિયન (વહીવટદાર) ની નિમણૂંક કરવામાં આવી નથી. સરકારનું કહેવું છે કે હાલમાં એવી પરિસ્થિતિ નથી કે જેમાં કસ્ટોડિયનની નિમણૂંક કરવાની જરૂર પડે. ગોપાલ ઈટાલિયાએ સવાલ ઉઠાવ્યો કે જ્યારે ત્રણ જિલ્લાના હજારો ખેડૂતો કરોડો રૂપિયાનું ધિરાણ લેતા હોય તેવી સંસ્થામાં બોર્ડની મુદત પૂર્ણ થઈ ગઈ હોવા છતાં એ જ લોકો વહીવટ ચલાવી રહ્યા છે, ત્યારે આ સ્થિતિ કેટલી વ્યાજબી ગણાય? ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે થોડા દિવસ પહેલાં ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતોની ચૂંટાયેલી બોડીઓની મુદત પૂર્ણ થતાં સરકારે તરત જ કસ્ટોડિયન એટલે કે વહીવટદારની નિમણૂંક કરી દીધી હતી.

# ચૈતર વસાવાએ પોલીસના દુરુપયોગ મુદ્દે વિધાનસભામાં અવાજ ઉઠાવ્યો

અમદાવાદ: આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ આજે વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગૃહ વિભાગ પોલીસ, જેલ અને કાયદા વિભાગની માંગણીઓને લઈને ગૃહમંત્રી અને નાયબ મુખ્યમંત્રી આવ્યા હતા ત્યારે મને મારા વિચારો રજૂ કરવાની તક મળી. ગુજરાતના સવા છ કરોડ લોકોની સુરક્ષાની જવાબદારી ગૃહ વિભાગની છે અને આના માટે તેઓ શપથ પણ લે છે. આજે ગૃહ વિભાગમાં બે પ્રકારના અધિકારીઓ બની ગયા છે. એક અધિકારીઓ એવા છે જે પોતાના જીવના જોખમે પણ ગુજરાતના લોકોને સલામત રાખવાનું કામ કરે છે અને આવા અધિકારીઓને અમે સલામ કરીએ છીએ. પરંતુ બીજા પ્રકારના અધિકારીઓ



નીતિ નિયમ અને કાયદા કાનૂનની સાથે સાથે બંધારણને પણ માનતા નથી, એ લોકો "ઉપરથી સૂચના છે" એવા જવાબો આપે છે. મેં મારું પોતાનું ઉદાહરણ પણ આપ્યું હતું અને જે એટીવીટીની મિટિંગમાં જે ઘટના ઘટી તે કેસ મુદ્દે જ્યારે અમે સવાલ કરીએ છીએ કે "તપાસ ક્યાં સુધી પહોંચી?" તો અમને એક જ જવાબ મળે છે કે "તપાસ ચાલુ છે." બીજી બાજુ મને બપોરના 2:00 વાગે નર્મદા જિલ્લાના એલસીબી, એસઓજી અને ડીવાયએસપી સહિતના લોકોએ એક ધારાસભ્ય હોવા છતાં પણ કોઈ પણ પ્રકારના વોરંટ વગર અરેસ્ટ કરવામાં આવ્યો અને એ લોકોએ કહ્યું કે "અમારે કોઈ વોરંટની જરૂરત નથી, અમારી પાસે પાવર છે અને ઉપરથી અમને સુચના છે" એમ કહીને બાદમાં એક કેસ બનાવવામાં આવ્યો અને મારા પર એફઆઈઆર કરવામાં આવી. વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવા જણાવ્યું હતું કે, એક ધારાસભ્યને બે વાગે અરેસ્ટ કરવામાં આવે અને સાંજે 07:00 વાગે ફરિયાદ દાખલ કરવામાં આવે તો પછી એક સામાન્ય જનતા સાથે શું થતું હશે? ગુજરાતમાં પોલીસ બે પ્રકારે કામ કરે છે. જો તમે પક્ષમાં રહેશો તો તમારા પર કોઈ કાનૂન કાયદા નિયમ લાગુ નહીં પડે અને જો તમે વિપક્ષમાં રહેશો તો તમે ધરણા, આંદોલનની શાંતિથી વાત કરવાની પણ રજૂઆત કરશો, તો પોલીસ તમને ટીંગાટોળી કરીને લઈ જશે અને તમારા પર 144 સહિતના ગુનાઓ દાખલ કરવામાં આવશે, અને વિપક્ષના ધારાસભ્ય હોય કે કોઈ પણ હોય તેમના પર ખોટા કેસો કરવામાં આવે છે.

# News Brief

## લોકલ ક્રાઈમ બ્રાન્ચે સગીરાના અપહરણનો ભેદ ઉકેલ્યો ,ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ

ડાંગ : ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સગીરાના અપહરણના મામલે લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને મોટી સફળતા મળી છે. પોલીસે ગણતરીના સમયમાં અપહરણ કરનાર આરોપીને ઝડપી પાડી ૧૭ વર્ષીય સગીરાને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી છે. મળતી માહિતી મુજબ, ગત તારીખ ૦૫/૦૩/૨૦૨૬ ના રોજ મોડી રાત્રે એક અજાણ્યો ઈસમ સગીરાનું તેના વાલીપણામાંથી અપહરણ કરી ગયો હતો. આ અંગે આહવા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૩૭(૨) મુજબ ગુન્હો નોંધવામાં આવ્યો હતો.જે બાદ આહવા લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પી.એસ.આઈ.જે.જી.અનડકટની ટીમ સક્રિય બની હતી.લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પી.એસ.આઈ.જે.જી.અનડકટને ટેકનિકલ અને હ્યુમન સોર્સ દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે આરોપી સગીરાને લઈને પીપલનેર ગામ પાસે ખેતરમાં મજૂરી અર્થે આવ્યો છે અને ત્યાંથી પગપાળા મહારાષ્ટ્ર તરફ જઈ રહ્યો છે.આ બાતમીના આધારેપોલીસે સુબીર તાલુકાના નકટીયા હનવત ફોરેસ્ટ નાકા પાસે વોચ ગોઠવી હતી. ત્યાંથી પસાર થતા એક યુવક અને યુવતીને રોકી પૂછપરછ કરતા તે ગુન્હામાં સંડોવાયેલ આરોપી અને ભોગ બનનાર સગીરા હોવાનું બહાર આવ્યું હતુ.હાલમાં પોલીસે આ કેસમાં મેહુલભાઈ સદુભાઈ ભોયે (ઉંમર ૧૯, રહે. કેળ ગામ, તા. સુબીર) ની ધરપકડ કરી છે. ભોગ બનનાર સગીરાનું રેસ્ક્યુ કરી તેને કાઉન્સેલિંગ માટે લાવવામાં આવી હતી અને ત્યારબાદ આગળની તપાસ માટે આહવા પોલીસને સોંપવામાં આવી છે.આ બાબતેની વધુ તપાસ પી.આઈ.આર.એસ.પટેલ કરી રહ્યા છે..

## જૂનાગઢ જિલ્લો નિરક્ષરતા મુક્ત બનવા ભણી : તા. ૧૫મી માર્ચે વધુ ૧૫૩ નિરક્ષરો સાક્ષર બનવા આપશે પરીક્ષા

નરેન્દ્ર દવે જૂનાગઢ : દેશભરમાંથી નિરક્ષરતા નાબૂદ કરવા માટે ભારત સરકાર દ્વારા નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ ૨૦૨૨-૨૦૨૭ શરૂ છે, જે જૂનાગઢ જિલ્લામાં અંતર્ગત સાક્ષરતાની તાલીમ મેળવેલા ૧૫૩ જેટલા તાલીમાર્થીઓ તા.૧૫મી માર્ચે સાક્ષર થવા માટે સંલગ્ન પ્રાથમિક શાળા ખાતે FLNAT - ફાઉન્ડેશનલ લિટરસી એન્ડ ન્યુમરસી એસેસમેન્ટ ટેસ્ટ પરીક્ષા આપશે.જૂનાગઢ જિલ્લામાં છેલ્લી વસ્તી ગણતરી મુજબ આશરે ૧ લાખ જેટલા નિરીક્ષરો નોંધાયેલા હતા, જે પૈકી અંદાજે ૬૦ હજાર જેટલા નિરીક્ષરોને જરૂરી તાલીમ બાદ ઉક્ત પરીક્ષા આપીને સાક્ષર બની ચૂક્યાં છે.આ પરીક્ષા તથા નિરક્ષરોના સર્વે હાથ ધરવા સંદર્ભે નિવાસી અધિક કલેકટર સુશ્રી બી.એસ. બારડના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લાની જુદી જુદી પ્રાથમિક શાળામાં નિરક્ષરો માટે યોજાનાર FLNAT ની પરીક્ષાના સુચારું આયોજન કરવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. ઉપરાંત જુદી જુદી કચેરીઓમાં રેકર્ડ પર જોવા મળતા નિરીક્ષરોની યાદી તૈયાર થાય એટલે કે, તેના સર્વે સંદર્ભે જરૂરી દિશા નિર્દેશ આપવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, બેંક સહિત જુદી જુદી કચેરીઓમાં કામકાજ અર્થે અરજદારો દ્વારા સહીની જગ્યાએ અંગૂઠો લગાવવામાં આવતો હોય છે તેના પરથી પણ નિરીક્ષરોની ઓળખ કરવામાં આવે છે. મહત્વનું છે કે, FLNAT - ફાઉન્ડેશનલ લિટરસી એન્ડ ન્યુમરસી એસેસમેન્ટ ટેસ્ટ પરીક્ષા દર છ માસે યોજવામાં આવે છે. ઉપરાંત નિરક્ષરોને સાક્ષર કરવા માટે ૨૦૦ કલાકની તાલીમ પણ આપવામાં આવે છે.આ બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારીમાંથી શિક્ષણ નિરીક્ષકશ્રી લક્ષ્મણ કરમટા, નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી અલ્પાબેન તારપરા, DIETના પ્રાચાર્યશ્રી, પ્રોગ્રામ ઓફિસર ICDS, રોજગાર અધિકારી સહિતના સલગ્ન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વિભાગ દ્વારા "લક્ષ્ય" (કેરિયર ડેવલપમેન્ટ સેન્ટર) શ્રેણી હેઠળ નિષ્ણાત વ્યાખ્યાન યોજાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ : ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વિભાગ દ્વારા "લક્ષ્ય" (કેરિયર ડેવલપમેન્ટ સેન્ટર) શ્રેણી હેઠળ નિષ્ણાત વ્યાખ્યાન અંતર્ગત "જનરલ સ્ટડીઝનું મહત્વ" વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વ્યાખ્યાનનાં નિષ્ણાત સ્વામિ વિવેકાનંદ આઈ.એ.એસ.સ્ટડીઝ સેન્ટરનાં કોર્ષ કો-ઓર્ડીનેટર જયરાજ યાદવ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ સર્વાંગી વિકાસ માટે જનરલ સ્ટડીઝ વિષયનું મહત્વ સમજાવ્યું હતું. સાથે સાથે તેમણે વર્તમાન પરિસ્થિતિમાં સામાન્ય જ્ઞાન, વાંચન અને વિશ્લેષણ ક્ષમતા કેવી રીતે કારકિર્દી માટે ઉપયોગી બને છે, તે અંગે વિગતવાર માર્ગદર્શન આપતા જણાવ્યુ હતુ કે આપણાં દેશમાં સરકારી નોકરી મેળવવા માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ (Competitive Exams) લેવામાં આવે છે. આ પરીક્ષાઓ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બંને લેવલે થાય છે.પરીક્ષાર્થી તરીકે સૌથી પહેલું મહત્વનું પગલું છે કે તમે તમારી જાતને સમજો.,તમને કયા વિષયમાં રસ છે?, તમારી શક્તિઓ (Strengths) શું છે?,તમે કયા પ્રકારનું કામ કરવાનું પસંદ કરો છો?, તમારી લાંબા સમયની લક્ષ્યો શું છે? સરકારી નોકરીમાં UPSC, GPSC, Banking માટે પસંદ કરેલા ક્ષેત્ર માટે યોગ્ય અભ્યાસ અને કુશળતા મેળવવી જરૂરી છે. નોકરીમાં માત્ર અભ્યાસ પૂરતો નથી. અનુભવ પણ જરૂરી છે, ક્યાં જવું છે તેનો નિર્ધાર પાકો હોય, ધ્યેય મેળવીને જ ઝંપીશું તે સંકલ્પ સાચો હોય તો મોટા મોટા પડકાર ખુદ ઘુંટણિયે પડીને કહે, આગળ વધો, જીવનમાં સફળતા માટે બે બાબતો અવશ્ય નહીં અનિવાર્ય છે. યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવો. અને નિર્ણય લીધા પછી કોઈ પણ સંજોગોમાં તેને મક્કમતાથી વળગી રહેવું. કાર્યક્રમને શુભેચ્છા સંદેશો પાઠવતા યુનિવર્સીટીનાં કુલપતિ પ્રો.પ્રતાપસિંહ ચૌહાણે જણાવ્યુ હતુ કે જીવન ઘડત્તરમાં યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવો કોઈપણ સફળતાનું પ્રવેશદ્વાર છે:, જીવનના રસ્તાઓ સીધા-સાદા અને એક લીટીમાં જતા હોય તેવા નથી હોતા, જીવનની અનિશ્ચિતતા જ જીવને રંગીન અને સંગીન બનાવે છે. ધાર્યું બને તેના કરતાં અણધાર્યું વધારે બને તેનું નામ જ જીવન. હવે શું થવાનું છે તેની ખબર ના હોય ત્યારે જ જીવવાની વધુ મજા આવે અને એક માણસ તરીકે તમે કેટલા સચોટ છો તેની સાચી કસોટી છે. આજની યુવા પેઢી માટે કારકિર્દી અને ભાવી જીવનપથ માટે ખૂબ જ અગત્યના હોય છે. વિદ્યાર્થી મિત્રો, તમે સૌ શ્રેષ્ઠ ભારતના ભાગ્યવિધાતા બનવાના છો ત્યારે ઉત્તમ કારકિર્દીની કેડી કંડારવા માટેના મહત્ત્વપૂર્ણ તબક્કામાં તમારી ક્ષમતા અને સામર્થ્યને ઉજાગર કરે તેવી દિશા નક્કી કરવાનો આ સમય છે. તેમ વિદ્યાર્થીઓને સમજાવતા કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે સમગ્ર વિશ્વમાં પરિવર્તનનો પવન ફૂંકાયો છે. દુનિયાભરમાં અદ્યતન ટેક્નોલોજીનો આવિષ્કાર વધ્યો છે અને સ્વાભાવિક રીતે જ તેને અનુરૂપ કારકિર્દીના નવા ક્ષેત્રો પણ વિકસી રહ્યાં છે. સમયસર જાગીને શ્રેષ્ઠ કારકિર્દી બનાવવા સજ્જ થવાનું છે. ગુજરાતના વિકાસ મોડેલની આજે સમગ્ર વિશ્વ નોંધ લઈ રહ્યું છે. આ વિકાસયાત્રાના પાયામાં ગુજરાતના યુવાનો પણ રહેલા છે. આંતરરાષ્ટ્રિય, રાષ્ટ્રિય કક્ષાએ ગુજરાતના યુવાનોએ પોતાની ક્ષમતાનો પરિચય કરાવ્યો છે. આ પરંપરા આગળ વધતી રહે તે માટે વિશ્વ સ્તરે કદમ મિલાવી ઉજ્જવળ કારકિર્દી બનાવવા કમર કસવાની છે. વિદ્યાર્થી મિત્રો, આ નિર્ણાયક ઘડીએ ઉત્તમ કારકિર્દીનો ધ્યેય હાંસલ કરવા માટે પૂરી નિષ્ઠા અને પરિશ્રમનો સંકલ્પ કરવાનો છે. આજનાં વિષય નિષ્ણાંત દ્વારા કારકિર્દીલક્ષી પરિક્ષાઓમાં જનરલ નોલેજનાં આયામો અને કેવી રીતે સતત નવીનત્તમ માહિતી મેળવવા સજાગ રહેવુ તેની સમજ આપ સૌને ઉત્કૃષ્ટ કારકિર્દી માટે ઉપયોગી બનશે. આપ સૌ શ્રેષ્ઠ કારકિર્દી હાંસલ કરી દેશ-વિદેશમાં ગુજરાત અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનું નામ રોશન કરો એવી શુભકામનાં વ્યક્ત કરી હતી. કાર્યક્રમ પ્રારંભે સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વિભાગનાં વિભાગિય વડા પ્રો.જયસિંહ ઝાલા એ વિષય નિષ્ણાંત જયરાજ યાદવનો પરિચય આપી સત્કાર્યા હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વ્યાખ્યાનથી ભાગ લઈ નિષ્ણાતને પ્રશ્નો પૂછ્યા અને માર્ગદર્શન મેળવ્યું હતું. વિભાગ દ્વારા આવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓના કારકિર્દી ઘડત્તરને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. કાર્યક્રમનું સંચાલન ડો. પરાગ દેવાણીએ સંભાળ્યુ હતુ.

## જૂનાગઢ ખાતે જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ભરતી મેળો યોજાયો : ૮૨ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ : જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ દ્વારા રોજગાર દાતાઓ અને નોકરીની શોધમાં રહેલા યુવાનો વચ્ચે સેતુ સ્થાપિત કરવાના ઉમદા હેતુથી ગત તા. ૦૯/૦૩/૨૦૨૬ના રોજ જૂનાગઢ ખાતે ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના બિલખા રોડ પર આવેલી જે.જે.સી.ઇ. ટ્રસ્ટ સંચાલિત કોમર્સ એન્ડ બીબીએ કોલેજ કેમ્પસ ખાતે યોજાયેલા આ મેળામાં જિલ્લાના અનેક ઉત્સાહી ઉમેદવારોએ ભાગ લીધો હતો, જેમાંથી લાયકાત ધરાવતા ૮૨ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવી છે. જિલ્લા રોજગાર કચેરી દ્વારા અંદાજે ૪૫૦૦થી વધુ ઉમેદવારોને ઈ-મેઈલ અને સોશિયલ મીડિયા ના માધ્યમથી ઈન્ટરવ્યુ પ્રક્રિયા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. જે પૈકી હાજર રહેલા ૯૫ ઉમેદવારો માટે વિવિધ નામાંકિત કંપનીઓ દ્વારા ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયાના અંતે ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા અને કૌશલ્યના આધારે ૮૨ ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરી આગામી રાઉન્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. ભરતી મેળામાં જૂનાગઢ જ્વેલરી પ્રા.લી., રિલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યુરન્સ,વિનય ઈન્ડસ્ટ્રીઝ, સાવન ઓટોટ્રેડ, એચ.ડી.એફ.સી.લાઈફ ઈન્સ્યુરન્સ, ભારતી એક્સા લાઈફ ઈન્સ્યુરન્સ, સુપરનોબલ ઓટોમોબાઈલ, ભારતીય જીવન વીમા નિગમ (LIC) અને બિલિવ્યુ સરોવર પ્રિમિયર જેવી જાણીતી સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ નોકરીદાતાઓએ યુવાનોને પોતાની સંસ્થા સાથે જોડાઈ ઉજ્વળ કારકિર્દી બનાવવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા રોજગાર અધિકારીશ્રી ડી.એ. પરમાર, કોલેજના પ્રિન્સિપાલશ્રી ત્રાડા તથા પ્લેસમેન્ટ સુશ્રીઓફિસર ઓડેદરાએ ઉમેદવારોને પ્રોત્સાહિત કરતા રોજગાર વાચ્છુઓને કારકિર્દીના ઘડતર માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડી સ્પર્ધાત્મક યુગમાં કૌશલ્ય વર્ધનનું મહત્વ સમજાવ્યું હતું.

# ડાંગનું ગૌરવ: રાષ્ટ્રપતિના હસ્તે વઘઈ તાલુકાના સંગીતાબેન દેશમુખનું બહુમાન



ડાંગ : ભારત સરકારના જલ શક્તિ મંત્રાલય દ્વારા નવી દિલ્હી ખાતે આયોજિત 'જલ મહોત્સવ-૨૦૨૬' માં ડાંગ જિલ્લાએ રાષ્ટ્રીય ફલક પર ઝળહળતી સિદ્ધિ હાંસલ કરી છે. ડાંગના વઘઈ તાલુકાના ઘોડવહળ ગામની પાણી સમિતિના સભ્ય સંગીતાબેન અશોકભાઈ દેશમુખને આજરોજ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના હસ્તે પ્રશંસા પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાં 'જલ જીવન મિશન' હેઠળ શુદ્ધ પાણી પૂરું પાડવાના અભિયાનમાં શ્રીમતી સંગીતાબેને "FTK આધારિત પાણીની ગુણવત્તાની દેખરેખ" માં ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યાં છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે, 'ભારતમાં પાણી માત્ર મૂળભૂત સુવિધા નથી, પણ આપણી સંસ્કૃતિ અને આજીવિકા સાથે જોડાયેલું છે. એક સમયે મહિલાઓએ પાણી માટે સંઘર્ષ કરવો પડતો હતો, પરંતુ આજે 'જલ જીવન મિશન' દ્વારા દરેક ઘરમાં સ્વચ્છ પાણી પહોંચ્યું છે.' તેમણે જળ સંરક્ષણમાં સેલ્ફ-હેલ્પ ગ્રુપ્સ અને મહિલાઓની ભૂમિકાને બિરદાવતા 'જલ મહોત્સવ'ને એક જન આંદોલન ગણાવ્યું હતું. નોંધનીય છે કે, ડાંગ જિલ્લાની ભૌગોલિક પરીસ્થિતી ડુંગરાળ છે. ડાંગ જિલ્લામાં ૩૧૧ ગામોમાં કુલ ૨૭૩૯૪૯ લોકોની વસ્તિ છે. જિલ્લામાં સ્વજલધારા કાર્યક્રમ/રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ/જલ જીવન મિશન કાર્યક્રમ/ગ્રામીણ વિસ્તારોમાં લોકભાગીદારીથી અને પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ વિતરણ વ્યવસ્થાની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. જેમાં ગામની પીવાના પાણીની યોજનાની મરામત અને નિભાવણી ગ્રામપંચાયત/પાણી સમિતિની અને ગામલોકોની સામેલગીરી અને સક્રિયતાથી સંચાલન કરવામાં આવે છે. ડાંગ જિલ્લામાં શુધ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે જિલ્લાના મુખ્ય સોર્સ કુવા, હેન્ડપંપ તથા બોરના પીવાના પાણીના સેમ્પલ લઈ ફીલ્ડ ટેસ્ટ કીટ દ્વારા ચકાસણી કરવામાં આવે છે. જે અન્વયે દરેક ગામોમાં આંગણવાડી બહેનોને ફીલ્ડ ટેસ્ટ કીટથી પીવાના પાણીની ચકાસણી કરવા માટેની તાલીમ આપવામાં આવે છે. તેમજ આંગણવાડી બહેનો દ્વારા પીવાના પાણીના મુખ્ય સોર્સના સેમ્પલ લઈ પીવાના પાણીની ચકાસણી કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, જલ શક્તિ મંત્રાલય દ્વારા ૮ માર્ચથી ૨૨ માર્ચ સુધી સમગ્ર દેશમાં 'જલ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય જળ સુરક્ષામાં જન ભાગીદારી અને સામુદાયિક માલિકીને મજબૂત કરવાનો છે.

# ગેસ સિલિન્ડર માટે હાલાકી! બદલાયેલા નિયમોને કારણે ગ્રાહકોની લાંબી કતારો લાગી



ડાંગ : ડાંગ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ડોમેસ્ટિક ગેસ સિલિન્ડર મેળવવા માટે ગ્રાહકોમાં ભારે અફરાતફરીનો માહોલ જોવા મળી રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા 1 માર્ચથી ગેસ સિલિન્ડર માટે KYC અને OTP ફરજિયાત બનાવવામાં આવતા જ ગ્રાહકો અને એજન્સી સંચાલકો બંને માટે મોટી મુશ્કેલીઓ ઉભી થઈ છે. ખાસ કરીને અંતરિયાળ વિસ્તારના ગરીબ આદિવાસી પરિવારો માટે રસોઈનો આ ગેસ હવે માથાના દુખાવા સમાન બની ગયો છે.ડાંગ જેવા ડુંગરાળ અને વિષમ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા જિલ્લામાં પરિવહનની સુવિધાઓ મર્યાદિત છે. તેમ છતાં, ગૃહિણીઓ અને શ્રમિકો ગેસ સિલિન્ડર મેળવવા માટે 50 થી 60 કિલોમીટર દૂરથી ટેમ્પો કે અન્ય ખાનગી વાહનોમાં ભાડું ખર્ચીને આહવા ખાતેની ગેસ એજન્સી પર આવી રહ્યા છે. કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા બાદ પણ ટેકનિકલ ખામીને કારણે ખાલી હાથે પરત ફરવું પડતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.એજન્સી સંચાલકોના જણાવ્યા અનુસાર, સરકારના નવા નિયમ મુજબ દરેક ગ્રાહકનું KYC અપડેટ કરવું અને ડિલિવરી સમયે OTP વેરિફિકેશન કરવું અનિવાર્ય છે. જોકે, ડાંગના અંતરિયાળ વિસ્તારોમાં નેટવર્કની નબળી કનેક્ટિવિટી અને કંપનીના સર્વરમાં આવતી સતત ટેકનિકલ ખામીને કારણે પ્રક્રિયા અત્યંત ધીમી ચાલી રહી છે.ડાંગ જિલ્લામાં અંદાજે 38,000 જેટલા ગેસ ગ્રાહકો છે, જેમાંથી મોટા ભાગના ગ્રાહકો પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ નોંધાયેલા છે. આર્થિક રીતે નબળા વર્ગના આ લોકો પાસે હવે રસોઈ બનાવવા માટે લાકડા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી, જેના કારણે ગૃહિણીઓને ધુમાડામાં રસોઈ કરવાની ફરજ પડી રહી છે. સ્થાનિક લોકો અને ગ્રાહકોની સરકાર પાસે એક જ માંગ છે કે જો આટલી કડક રીતે KYC અને OTP અમલી બનાવવા હોય, તો તેની સુવિધા દરેક ગ્રામ પંચાયત સ્તરે ઉપલબ્ધ કરાવવી જોઈએ. જો પંચાયત કચેરીમાં જ આ કામગીરી થાય, તો લોકોને ઉનાળાની આ આકરી ગરમીમાં 60 કિમી દૂર આહવા સુધીના ધક્કા ખાવા ન પડે અને સમય તેમજ નાણાંનો બચાવ થાય.ત્યારે આ મામલે એજન્સી સંચાલકોના જણાવ્યા મુજબ ફરજિયાત કેવાયસી અને ઓટીપી માટે યોગ્ય સર્વર ન હોવું એ મોટી સમસ્યા છે. ત્યારે હવે જોવાનું એ રહે છે કે વહીવટી તંત્ર આ આદિવાસી પ્રજાની પીડા સમજીને પ્રક્રિયા સરળ બનાવે છે કે પછી ગ્રાહકોએ હજુ પણ કતારોમાં ઊભા રહીને હાલાકી ભોગવવી પડશે.

# ડાંગ SOG પોલીસની મોટી સફળતા:-અઢી વર્ષથી પ્રોહિબિશનના ગુનામાં નાસતો-ફરતો વોન્ટેડ આરોપી ઝડપાયો



ડાંગ : વલસાડના વાઘલદરાથી ઝડપાયો..સાપુતારા 11-03-2026 ડાંગ જિલ્લામાં નાસતા-ફરતા અને વોન્ટેડ આરોપીઓને પકડવા માટે પોલીસ વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહેલી વિશેષ ઝુંબેશ અંતર્ગત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ને મોટી સફળતા મળી છે. છેલ્લા અઢી વર્ષથી પ્રોહિબિશનના ગુનામાં પોલીસને થાપ આપી રહેલા નાની દમણના બુટલેગરને ડાંગ SOGની ટીમે વલસાડ જિલ્લાના વાઘલદરા ખાતેથી દબોચી લીધો છે. ડાંગ-આહવા પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા જિલ્લાના વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ માર્ગદર્શન હેઠળ ડાંગ SOGના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.જી.શેખ અને તેમની ટીમ નાસતા-ફરતા આરોપીઓની તપાસમાં હતી.તપાસ દરમિયાન SOG ટીમને હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સના આધારે ચોક્કસ બાતમી મળી હતી કે, આહવા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2023માં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ આરોપી મયુરભાઈ મહેશભાઈ હળપતી (રહે. એન્કર કોલોની, ભીમપોર, નાની દમણ) હાલ વલસાડ જિલ્લાના વાઘલદરા ગામે આવ્યો છે.બાતમીના આધારે SOGની ટીમે તાત્કાલિક વલસાડના વાઘલદરા બસ સ્ટેશન પાસે વોચ ગોઠવી હતી. બાતમી મુજબના વર્ણન વાળો ઈસમ દેખાતા જ પોલીસે તેને કોર્ડન કરી પુછપરછ કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં તેણે આહવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુનામાં પોતાની સંડોવણી હોવાની કબૂલાત આપી હતી. પોલીસે તેની ધરપકડ કરી ડાંગ-આહવા ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આ ગુનામાં કુલ ત્રણ આરોપીઓ વોન્ટેડ હતા, જેમાંથી મયુર હળપતી ઝડપાઈ ગયો છે. જ્યારે આ જ ગુનામાં સંડોવાયેલા અન્ય બે વોન્ટેડ આરોપીઓને પકડવા માટે ડાંગ-આહવા એલ.સી.બી. (LCB) ટીમ દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# ચાણસ્મા પોલિશે મેસરાની આંક ફરકનો જુગાર રમતા જુગારીયા ઝડપ્યા



નિતીન ઠાકર | ચાણસ્મા

કચ્છ ભુજ રેન્જ આઈજી ચિરાગ કોરડીયાની મિલકત સબંધી ગુનાઓ સામે કાર્યવાહી કરવા રેન્જના પોલિસ મથકોને સુચન કરાતાં એસપી વી.વી નાયી અને ના પોલિસ અધિક્ષકના સીધા માર્ગદર્શન નીચે મિલ્કત સંબંધી ગુનાઓની કાર્યવાહી સંદર્ભે ચાણસ્મા પી આઈ આર એચ.સોલંકી અને તેમની ટીમ વડાવલી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મણીપુરાથી મેસરા રોડ પર મેસરા સીમ વિસ્તારની બાવળોની ઝાડીમાં કેટલાક ઈસમો આંક ફરકનો જુગાર રમી રહ્યાની હકીક્ત મળતાં ચાણસ્મા પીઆઈ સોલંકી અને પોલીશ ટીમે. મળેલી હકીકત વાળી જગ્યાએ છાપો મારતાં (1) આકાશ સિંહ ભગવતસિંહ ઝાલા રહે-સુણસર(2) જિગ્નેશ સિંહ અગરસિંહ વાઘેલા રહે ચાણસ્મા (3) દિલીપકુમાર સોમાભાઈ વાલ્મિકી-રહે-મેસરા (4) ઈશ્વરજી પ્રહલાદજીડા ઠાકોર રહે- મણીપુરા (5) ઉમેદ સંગ બાદર સંગ ઝાલા રહે ટાકોદી (6) અજ્ય સિંહ જવાનસિંહ દરબાર-રહે ટાકોદી સહિતના શખ્શોની અટકાયત કરી રોકડ રૂ 24550/ સહિત કુલ રૂ.52050/ ના મુદ્દામાલ સાથે અટકાયત જુગારધારા નો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉપલેટામાં માનવ સેવા ટ્રસ્ટ અન્ન ક્ષેત્ર દ્વારા રવિવારે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

વિજય રાડીયા ઉપલેટા

ઉપલેટા પંથકમાં અઢી દાયકાથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિ સંકળાયેલ માનવસેવા ટ્રસ્ટ અને ક્ષેત્ર ગ્રાહક સુરક્ષા મંડળ સંયુક્ત ઉપક્રમે શહેરના જાણીતા ગૌભક્ત સુરેશભાઈ માકડીયા ના સ્મરણાર્થે સર્વ રોગ નિદાન કેમ્પ તથા આંખના ઓપરેશન ના કેમ્પનું આયોજન તારીખ 15 ને રવિવારે સવારે 9:00 થી .1. વાગ્યા સુધી સમસ્ત વાજા જ્ઞાતિ વાળી સિદ્ધાર્થ ચેમ્બર ની બાજુમાં જવાહર રોડ ઉપલેટામાં આયોજન કરવામાં આવેલ છે શહેરના જાણીતા ગૌભક્ત અને વડ ચોક ગૌ. સેવા સમાજના પ્રણેતા સુરેશભાઈ વલ્લભભાઈ માકડીયા ના સ્મરણા અર્થ માનવસેવા ટ્રસ્ટ અન્ન ક્ષેત્ર દ્વારા પિયુષભાઈ માકડીયા અને ધવલભાઈ માકડીયાના મુખ્ય સહકારથી આ સર્વર રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે આ કેમ્પમાં આંખના મોતિયાના ઓપરેશન માટે રણછોડદાસ આશ્રમ આંખની હોસ્પિટલ રાજકોટ દ્વારા વિનામૂલ્ય કરી આપવામાં આવશે આ ઉપરાંત સુપેડી ધ્રુવ આયુર્વેદિક કોલેજના જાણીતા ડોક્ટરો આ ઉપરાંત ઘૂંટણ કમર વાહ જુના હઠીલા દર્દની તપાસણી વિના મૂલ્ય કરવામાં આવશો ઘણા દુખાવા ની સારવાર લેશરગનથી વિના મૂલ્ય પણ કરી આપવામાં આવશે આ કેમ્પમાં ભાગ લેવા માગતા દર્દીઓએ વહેલા તે પહેલાના ધોરણે લાલજીભાઈ રાઠોડ નો મોબાઇલ નંબર 8000382382. રમેશભાઈ 9429351922 ઉપર સંપર્ક કરે નામની નોંધણી કરાવી લેવી.


**asREC (India) Limited**
બિલ્ડીંગ નં. 2, યુનિટ નં. 201-202A અને 200-202B, ગ્રાઉન્ડ ફ્લોર, સોલિટાયર કોર્પોરેટ પાર્ક, અંધેરી ઘાટકોપર લિંક રોડ, ચકલા, અંધેરી (પૂર્વ), મુંબઈ-400 093.

**પરિશિષ્ટ-IV-A**
**સ્થાવર મિલકત વેચાણ માટે હરાજીની જાહેર નોટિસ**

(સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8(6) સાથે વંચાતા નિયમ 9 હેઠળ) જેમ કે,
ASREC (ઈન્ડિયા) લિમિટેડ એ એક સિક્યુરિટાઈઝેશન અને એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની છે (ત્યારબાદ 'ASREC' તરીકે ઓળખાય છે) જે આંધ્ર બેંક સાથે કરવામાં આવેલ તારીખ 30.08.2017 ના એસાઈનમેન્ટ ડીડના આધારે મેસર્સ ઝેન લાઈફ કેર લિમિટેડ (દેવાદાર), શ્રી રાકેશ શાંતિલાલ શાહ, શ્રી દીપક કુમાર છબીલદાસ શાહ અને શ્રી સતીષ કુમાર સોમાભાઈ પટેલ (ડાયરેક્ટર્સ/જામીનદાર) ની સુરક્ષિત લેણદાર છે. આંધ્ર બેંક (એસાઈનર બેંક) ના અધિકૃત અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (SARFAESI) અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 હેઠળ મળેલી સત્તાની રૂએ, તારીખ 14.07.2015 ના રોજ કલમ 13(2) હેઠળ માંગણી નોટિસ જારી કરી હતી, જેમાં ઉપરોક્ત તમામ દેવાદારો/ગીરો રાખનારાઓ/જામીનદારોને તેમની ક્ષમતા મુજબ કુલ બાકી રકમ રૂ. 1,30,30,023.79 (અંકે રૂપિયા એક કરોડ ત્રીસ લાખ ત્રીસ હજાર તેવીસ અને ઓગણએંસી પૈસા પૂરા) જે તારીખ 30.06.2015 ના રોજ સુધીની થાય છે, તે આંધ્ર બેંક દ્વારા આપવામાં આવેલી લોન પેટે, નોટિસ મળ્યાના 60 દિવસના નિર્ધારિત સમયગાળામાં 01.07.2015 થી વધુ વ્યાજ સાથે ચૂકવવા માટે જણાવવામાં આવ્યું હતું. કુલ બાકી રકમની વિગત નીચે મુજબ છે:

| ખાતાનું નામ | રકમ |
|---|---|
| ટર્મ લોન અને વર્કિંગ કેપિટલ | રૂ. 1,30,30,023.79 (અંકે રૂપિયા એક કરોડ ત્રીસ લાખ ત્રીસ હજાર તેવીસ અને ઓગણએંસી પૈસા પૂરા) તારીખ 30.06.2015 ના રોજ (વધુ વ્યાજ, ખર્ચ, કિંમત અને ચાર્જ વગેરે સાથે). |
| બાકી રકમ | રૂ. 1,30,30,023.79 તારીખ 30.06.2015 ના રોજ |

દેવાદારો, સહ-દેવાદારો/ભાગીદારો/જામીનદાર/ગીરો રાખનારાઓ કલમ 13(2) હેઠળની તારીખ 14.07.2015 ની માંગણી નોટિસ મુજબની સંપૂર્ણ લેણી રકમ સાઠ દિવસના નિર્ધારિત સમયગાળામાં ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી અને ASREC (ઈન્ડિયા) લિમિટેડની તરફેણમાં થયેલા તારીખ 30.08.2017 ના એસાઇનમેન્ટ એગ્રીમેન્ટ મુજબ, ASREC (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારીએ SARFAESI એક્ટ, 2002 ની કલમ 13(4) સાથે વંચાતા નિયમો હેઠળ કલમ 14 મુજબ નીચે મુજબની મિલકતોનો પ્રત્યક્ષ કબજો લીધો છે. સમગ્ર લેણી રકમ ચૂકવવામાં આવી ન હોવાથી, જાહેર જનતા અને ખાસ કરીને દેવાદાર(ઓ), સહ-દેવાદાર અને જામીનદાર(ઓ) ને આથી નોટિસ આપવામાં આવે છે કે અધિકૃત અધિકારી ઉપરોક્ત માંગણી નોટિસ મુજબની લેણી રકમની વસૂલાત માટે નીચે દર્શાવેલ સુરક્ષિત મિલકતનું વેચાણ કરવાનો ઈરાદો ધરાવે છે અને તે માટે સીલબંધ કવરમાં ટેન્ડર/બિડ આમંત્રિત કરવામાં આવે છે.
મિલકતનું વેચાણ સખત રીતે 'જે છે જ્યાં છે', 'જે છે જેવું છે', 'જે છે તે સ્થિતિમાં' અને 'કોઈ આશરો નહીં'ના ધોરણે તારીખ 30.06.2015 ના રોજ સુધીની કુલ બાકી રકમ રૂ. 1,30,30,023.79 (અંકે રૂપિયા એક કરોડ ત્રીસ લાખ ત્રીસ હજાર તેવીસ અને ઓગણએંસી પૈસા પૂરા) અને તેના પરના કરારબદ્ધ દરે વ્યાજની વસૂલાત માટે કરવામાં આવશે. રિઝર્વ પ્રાઈસ (અનામત કિંમત) અને EMD વગેરે નીચે મુજબ છે:

| મિલકતનું વર્ણન | રિઝર્વ પ્રાઈસ (રૂ. લાખમાં) | E.M.D. (રૂ. લાખમાં) | બિડ ઈન્ક્રીમેન્ટલ વેલ્યુ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| રાકેશ શાંતિલાલ શાહની માલિકીની રહેણાંક મિલકત: ડી-94, અવની કોમ્પ્લેક્સ, વિભાગ-2, વાડજ, અમદાવાદ - 380013. | 37.30 | 3.37 | 0.25 |

હરાજીની વિગતો:
હરાજીની તારીખ અને સમય: 30.03.2026 સવારે 11.00 કલાકે
મિલકત નિરીક્ષણની તારીખ અને સમય: 23.03.2026 બપોરે 12.30 થી 2.00 કલાક સુધી
કોઈપણ પૂછપરછ અને આગોતરી મુલાકાત માટે અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકાય છે.
બિડ ફોર્મ મેળવવાનું/સબમિટ કરવાનું સ્થળ અને હરાજી તથા બિડ ખોલવાનું સ્થળ: ASREC (ઈન્ડિયા) લિમિટેડની ઓફિસ, 201/202A, બિલ્ડિંગ નં. 2, સોલિટેર કોર્પોરેટ પાર્ક, અંધેરી-ઘાટકોપર લિંક રોડ, ચકાલા, અંધેરી (પૂર્વ), મુંબઈ 400093. ટેન્ડર ફોર્મ ASREC (ઈન્ડિયા) લિમિટેડની વેબસાઈટ (www.asrecindia.co.in) પરથી પણ ડાઉનલોડ કરી શકાય છે અથવા હર્ષદ ગરુડેને harshad@asrecindia.co.in પર ઈમેલ કરીને વિનંતી કરી શકાય છે. EMD સાથે બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ 27.03.2026 સાંજે 4.00 વાગ્યા સુધી છે.
ASREC ને મળેલા ઓફર/ટેન્ડરો અધિકૃત અધિકારી દ્વારા 30.03.2026 ના રોજ બપોરે 12.00 વાગ્યાથી ઉપરોક્ત ઓફિસના સરનામે ખોલવામાં આવશે, જેમાં આંતરિક બોલી (inter-se bidding) થઈ શકે છે.
નિયમો અને શરતો:
1. અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માહિતી મુજબ મિલકત પર કોઈ બોજો નથી. ઈચ્છુક બિડરોએ તેમની બિડ સબમિટ કરતા પહેલા મિલકત પરના બોજા, ટાઈટલ અને મિલકતને અસર કરતા દાવા/હક/લેણાં અંગે પોતાની રીતે સ્વતંત્ર તપાસ કરવી જોઈએ. હરાજીની જાહેરાત એ ASREC (ઈન્ડિયા) લિમિટેડની કોઈ પ્રતિબદ્ધતા કે રજૂઆત નથી. મિલકત તમામ જાણીતા કે અજાણ્યા બોજાઓ સાથે વેચવામાં આવી રહી છે. કોઈપણ ત્રીજા પક્ષના દાવા/હક માટે અધિકૃત અધિકારી જવાબદાર રહેશે નહીં.
2. તમામ 20 દુકાનો એક લોટમાં 'જે છે જ્યાં છે', 'જે છે જેવું છે' અને 'કોઈ આશરો નહીં' ના ધોરણે વેચવામાં આવશે.
3. ટેન્ડર દસ્તાવેજમાં આપેલા નિર્ધારિત ફોર્મેટમાં સીલબંધ બિડ ઉપર જણાવેલ રજિસ્ટર્ડ ઓફિસના સરનામે સબમિટ કરવાની રહેશે. ઉપર જણાવેલ અનામત કિંમતથી ઓછી કોઈ પણ બિડ સ્વીકારવામાં આવશે નહીં. બિડ ફોર્મ અધિકૃત અધિકારી, ASREC (ઈન્ડિયા) લિમિટેડ, બિલ્ડીંગ નં. 2, યુનિટ નં. 201-202A અને 200-202B, ગ્રાઉન્ડ ફ્લોર, સોલિટેર કોર્પોરેટ પાર્ક, અંધેરી ઘાટકોપર લિંક રોડ, ચકાલા, અંધેરી (પૂર્વ), મુંબઈ-400093 ખાતે અથવા ઈમેલ: harshad@asrecindia.co.in દ્વારા સબમિટ કરવાના રહેશે. 27.03.2026 પછી મળેલ બિડ ફોર્મ કે EMD કોઈપણ સંજોગોમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં. EMD વગરની બિડ સીધી રીતે નકારી દેવામાં આવશે.
4. સફળ બિડરની અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) વેચાણની રકમના ભાગ રૂપે રાખવામાં આવશે અને અસફળ બિડરોની EMD (જો DD હોય તો) તે જ દિવસે પરત કરવામાં આવશે અને RTGS ના કિસ્સામાં 3 કામકાજના દિવસોમાં પરત કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ મળશે નહીં. બિડરોને વિનંતી છે કે ઝડપી રિફંડ માટે તેમની બેંક વિગતો આપવી.
5. સફળ બિડરે તરત જ એટલે કે તે જ દિવસે અથવા પછીના કામકાજના દિવસથી મોડું નહીં તે રીતે, વેચાણ કિંમતના 25% રકમ (EMD સહિત) નીચે દર્શાવેલ બેંક ખાતામાં જમા કરાવવાની રહેશે, અને જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો EMD જપ્ત કરવામાં આવશે અને મિલકત ફરીથી વેચવામાં આવશે.
6. બાકીની 75% વેચાણ કિંમત મિલકતના વેચાણની પુષ્ટિ થયાના 15 મા દિવસ સુધીમાં અથવા ASREC (ઈન્ડિયા) લિમિટેડ અને સફળ બિડર વચ્ચે લેખિતમાં સંમત થયેલ લંબાવેલ સમયગાળામાં ચૂકવવાની રહેશે.
7. વેચાણ SARFAESI એક્ટ, 2002 અને તે હેઠળ બનેલા નિયમો/શરતોને આધીન રહેશે.
8. EMD વગરની અથવા અનામત કિંમતથી ઓછી બિડ સ્વીકારવામાં કે કન્ફર્મ કરવામાં આવશે નહીં.
9. ઈચ્છુક ખરીદદારો/બિડરોએ EMD ની રકમ NEFT/RTGS દ્વારા એકાઉન્ટ નં.: 009020110000777, બેંક ઓફ ઈન્ડિયા, SSI, અંધેરી શાખા, IFSC કોડ: BKID0000090, લાભાર્થીનું નામ: ASREC India LTD અથવા 'ASREC India LTD' ના નામે મુંબઈમાં ચૂકવવાપાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જમા કરાવવાની રહેશે.
10. રસ ધરાવતા બિડરો 23.03.2026 ના રોજ બપોરે 12.30 થી 2.00 વાગ્યા સુધી મિલકતનું નિરીક્ષણ કરી શકે છે. સંપર્ક વિગત: શ્રી હર્ષદ ગરુડે - 95946 92251.
11. અધિકૃત અધિકારીને કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ ઓફર/બિડ સ્વીકારવા અથવા નકારવા અને/અથવા શરતોમાં ફેરફાર કરવાનો સંપૂર્ણ અધિકાર છે.
12. સફળ બિડરે નોંધણી માટેના શુલ્ક/ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, આકસ્મિક ખર્ચ, સરકારને ચૂકવવાપાત્ર તમામ વૈધાનિક લેણાં, ટેક્સ અને મિલકતને લગતા વર્તમાન અને ભવિષ્યના તમામ ખર્ચ કાયદા મુજબ ભોગવવાના રહેશે.
13. વેચાણની શરતોના પાલન અને વેચાણની પુષ્ટિ પર, અધિકૃત અધિકારી સફળ બિડરની તરફેણમાં વેચાણ પ્રમાણપત્ર જારી કરશે.
14. જો ઉપર જણાવેલ હરાજી કોઈપણ કારણસર નિષ્ફળ જાય, તો ASREC ને આ નોટિસ દ્વારા ખાનગી સમજૂતી (PRIVATE TREATY) થી અથવા SARFAESI એક્ટ, 2002 ના નિયમો હેઠળ સુરક્ષિત મિલકત વેચવાનો અધિકાર છે.
15. સૌથી ઊંચી બોલી સુરક્ષિત લેણદાર/અધિકૃત અધિકારીની મંજૂરીને આધીન રહેશે.
16. સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના નિયમ 8(6) હેઠળની આ નોટિસ, દેવાદારો/જામીનદારો/ભાગીદારો/ગીરો રાખનારાઓ માટે 15 દિવસની વેચાણ નોટિસ તરીકે પણ ગણાશે જો તેઓ તેમની બાકી લેણી રકમ સંપૂર્ણ ચૂકવતા નથી.

તારીખ: 12.03.2026
સ્થળ: મુંબઈ

સહી/-
અધિકૃત અધિકારી,
ASREC (ઈન્ડિયા) લિમિટેડ.


OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## પાલિકા તંત્રની કડક કાર્યવાહી મકરપુરા ડેપો બાદ હવે પેટ્રોલ પંપનો વારો

# વડોદરા પાલિકા મિલકત વેરો બાકી હોવાથી નાયરા પેટ્રોલ પંપ સીલ

(એજન્સી) વડોદરા । તા. 11




સંસ્કારી નગરી વડોદરામાં મિલકત વેરાની બાકી વસૂલાત માટે વડોદરા મહાનગરપાલિકા (VMC) એ અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે. ૧૧ માર્ચ ૨૦૨૬ના રોજ પાલિકાના રેવન્યુ વિભાગની ટીમે શહેરના વોર્ડ નંબર ૧ માં સ્થિત નાયરા પેટ્રોલ પંપને સીલ મારી દેતા વ્યાપારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે. લાખો રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ બાકી હોવા છતાં તેની ચુકવણી ન કરાતા તંત્રએ આજે લાલ આંખ કરી હતી. બે દિવસ અગાઉ મકરપુરા એસટી ડેપોને સીલ કર્યા બાદ આજે વધુ એક મોટી મિલકત સામે થયેલી આ કાર્યવાહીથી બાકીદારોમાં દોડધામ મચી ગઈ છે.

### લાખોના લેણાં વસૂલવા પાલિકા મેદાને

વડોદરા મહાનગરપાલિકાના નોર્થ ઝોન હેઠળ આવતા નવા યાર્ડ વિસ્તારમાં પાલિકાની ટીમે સવારના સમયે દરોડો પાડ્યો હતો. લાલપુરા જુના છાણી રોડ પર સેન્ટ જોસેફ સ્કૂલ પાસે આવેલા નાયરા પેટ્રોલ પંપના સંચાલકોએ વર્ષોથી વેરો ભરવામાં ઠાગાઠૈયા કર્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ પેટ્રોલ પંપના પાછલા વર્ષના કુલ રૂ. ૧,૫૧,૩૫૭ અને ચાલુ વર્ષના રૂ. ૧,૪૦,૮૨૪ મળીને કુલ રૂ. ૨,૯૨,૧૮૧ જેવી રકમ બાકી બોલતી હતી. વારંવારની નોટિસ છતાં રકમ જમા ન કરાવતા આખરે રેવન્યુ વિભાગે પેટ્રોલ પંપના મશીનો અને ઓફિસને સીલ મારી દીધા હતા.

### વાહનચાલકોમાં દહેશત અને અફરાતફરી

જ્યારે પાલિકાની ટીમ સીલિંગની કાર્યવાહી કરવા પહોંચી ત્યારે પેટ્રોલ-ડીઝલ પુરાવવા આવેલા વાહનચાલકોમાં ભારે આશ્ચર્ય અને દહેશત જોવા મળી હતી. અચાનક પેટ્રોલ પંપ બંધ થઈ જતાં વાહનોની લાઈનો લાગી હતી અને ચાલકોને અન્ય પંપ પર જવાની ફરજ પડી હતી. મીડિયા અહેવાલ મુજબ, પંપ સીલ થવાને કારણે આસપાસના વિસ્તારના વાહનચાલકોમાં પણ ગભરાટ ફેલાયો હતો કે ક્યાંક ઈંધણની તંગી ન સર્જાય. જોકે, આ કાર્યવાહી માત્ર વેરા વસૂલાત સંદર્ભે હોવાની સ્પષ્ટતા બાદ મામલો શાંત પડ્યો હતો.

### મકરપુરા ડેપો પર પણ ત્રાટક્યું હતું સીલ

પાલિકા તંત્રએ માત્ર ખાનગી એકમો જ નહીં પરંતુ સરકારી મિલકતો સામે પણ કાર્યવાહી તેજ કરી છે. બે દિવસ અગાઉ જ મકરપુરા એસટી ડેપો અને મોલના મિલકત વેરાના અંદાજે રૂ. ૧.૯૬ કરોડ બાકી હોવાથી તેને પણ સીલ મારી દેવાયું હતું. એસટી ડેપો સીલ થવાને કારણે મુસાફરો, વિદ્યાર્થીઓ અને પાસ કઢાવનારા નાગરિકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. આટલી મોટી સરકારી મિલકત સામેની કાર્યવાહી બાદ પાલિકાએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે વેરા વસૂલાતમાં કોઈને પણ છોડવામાં આવશે નહીં.

### બાકીદારો વિરુદ્ધ કડક ઝુંબેશ ચાલુ રહેશે

શહેરના તમામ વિસ્તારોમાં મોટા બાકીદારોની યાદી તૈયાર કરવામાં આવી છે. જે મિલકત ધારકોએ લાંબા સમયથી વેરો નથી ભર્યો તેમના નળ જોડાણ કાપવા, ગટર લાઈન બંધ કરવી અથવા મિલકત સીલ કરવા જેવી કડક જોગવાઈઓનો અમલ શરૂ કરી દેવાયો છે. પાલિકાની આ ઝુંબેશને કારણે રેવન્યુ આવકમાં વધારો થવાની ધારણા છે. પાલિકા તંત્રએ તમામ નાગરિકોને અપીલ કરી છે કે વ્યાજ અને સીલિંગની કાર્યવાહીથી બચવા માટે સમયસર વેરો ભરી દેવો હિતાવહ છે. નાયરા પેટ્રોલ પંપ સીલ થવાની ઘટના બાદ સ્થાનિક વ્યાપારી સંગઠનોમાં ચર્ચા શરૂ થઈ છે. અનેક વેપારીઓનું માનવું છે કે પાલિકાએ હપ્તા પદ્ધતિ કે રાહત આપવી જોઈએ, જ્યારે બીજી તરફ જાગૃત નાગરિકો પાલિકાની આ કડક નીતિને આવકારી રહ્યા છે જેથી શહેરના વિકાસ કામો માટે જરૂરી ફંડ એકત્ર થઈ શકે.

## સૌરાષ્ટ્ર પોસ્ટ ઓફિસ બોમ્બ ધમકી: રાજકોટ સહિત અનેક શહેરોમાં પોલીસ દોડતી થઈ



*Source: The financial information for our Company is based on the Restated Consolidated Financial Information for Fiscal 2025.*

*The financial information for listed industry peers mentioned above is on a consolidated basis, if applicable and is sourced from the financial statements of the respective company for Fiscal 2025 submitted to the Stock Exchanges. The listed industry peers mentioned above have been identified considering Indian listed peers who operate in the agrochemical industry and based on the following parameters: (i) size, and (ii) product range.*

*For definitions of Basic EPS, Diluted EPS, Return on net worth, NAV per equity share and other terms, please refer section **"Basis for Offer Price"** on page 138 of the RHP.*

**7. The Offer Price is [●] times of the face value of the Equity Shares.**

The Offer Price of ₹[●] has been determined by our Company, in consultation with the BRLMs, on the basis of assessment of market demand from investors for Equity Shares through the Book Building Process, and is justified in view of the above qualitative and quantitative parameters. The trading price of the Equity Shares could decline, including due to the factors mentioned in ***"Risk Factors"*** on page 33 of the RHP, and you may lose all or part of your investments. Investors should read the above-mentioned information along with ***"Our Business"***, ***"Management Discussion and Analysis of Financial Condition and Results of Operations"*** and ***"Summary of Financial Information"*** on pages 250, 415 and 92 of the RHP respectively, to have a more informed view.

**8. Past transfer(s)/ allotment(s)**

Our Company confirms that there has been no:

(a) primary/new issue of shares (Equity Shares/convertible securities), excluding grants of any options and issuance of bonus shares, equal to or more than 5% of the fully diluted paid-up share capital of our Company (calculated on the pre-issue capital before such transaction and excluding employee stock options granted but not vested), in a single transaction or multiple transactions (combined together over a span of rolling 30 days) during 18 months preceding the date of filing of the Red Herring Prospectus, in a single transaction or multiple transactions combined together over a span of rolling 30 days; and

(b) secondary sale/acquisition of shares (Equity Share/convertible securities) by Promoters, Promoter Group entities, Selling Shareholders, Shareholders having the right to nominate directors to the Board, excluding gifts, where either acquisition or sale is equal to or more than 5% of the fully diluted paid-up share capital of our Company (calculated on the pre-issue capital before such transaction and excluding employee stock options granted but not vested), in a single transaction or multiple transactions (combined together over a span of rolling 30 days) during 18 months preceding the date of filing of the Red Herring Prospectus, in a single transaction or multiple transactions combined together over a span of rolling 30 days.

Since there are no such transaction to report to under (a) and (b), the following are the details of the last five primary or secondary transactions (secondary transactions where Promoters or members of the Promoter Group or Selling Shareholders or Shareholder(s) having the right to nominate director(s) on our Board, are a party to the transaction), not older than three years prior to the date of filing of the Red Herring Prospectus irrespective of the size of transactions:

| S. No. | Date of transaction | Number of Equity Shares allotted/transferred | Face value per Equity Share (in ₹) | Issue price per Equity Share (in ₹) | Nature of transaction | Nature of consideration | Total consideration (in ₹ million) |
|---|---|---|---|---|---|---|---|
| 1. | September 20, 2024 | 5,861,250 | 10 | Not applicable | Transmission of shares in Demat mode | Not applicable | - |
| 2. | November 22, 2024 | 975,975 | 10 | Not applicable | Gift | Gift | - |
| 3. | November 22, 2024 | 1,023,825 | 10 | Not applicable | Gift | Gift | - |
| 4. | July 30, 2025 | 15,000 | 10 | 106.65 | Transfer of shares from Nileshbhai Nautambhai Jani to Alpha Trust | Cash | 1.60 |
| 5. | January 13, 2026 | 15,000 | 10 | 110.79 | Transfer of shares from Patel Pankaj S to Alpha Trust | Cash | 1.66 |

**9. The Floor Price and Cap Price vis-à-vis Weighted Average Cost of Acquisition based on past transaction(s)**

Floor Price and Cap Price as compared to the weighted average cost of acquisition of Equity Shares based on primary/ secondary transaction(s), as disclosed in paragraph 10 above, are set out below:

| Past allotment/ secondary transactions | Weighted average cost of acquisition (in ₹) | Floor Price (i.e., ₹ 304) | Cap Price (i.e., ₹ 320) |
|---|---|---|---|
| Weighted average cost of acquisition of primary transactions in last three years | Not applicable | Not applicable | Not applicable |
| Weighted average cost of acquisition of secondary transactions in last three years* | 0.41 | 741.46 | 780.49 |

** Secondary transactions where Promoters, Promoter Group entities, Selling Shareholders or Shareholders having the right to nominate directors are a party to the transaction.*

*** After considering any bonus or split of the Equity Shares undertaken post the last balance sheet of the Company for the Fiscal 2025/six months period ended September 30, 2025.*

**Explanation for Offer Price/ Cap Price**

Set forth below is an explanation for the Offer Price and Cap Price being Not Applicable, respectively, the weighted average cost of acquisition of primary transactions in last three years; and (ii) [●] times and 780.49 times, respectively, the weighted average cost of acquisition of secondary transactions in last three years; along with our Company's KPIs and financial ratios for the six months ended September 30, 2025 and for the Fiscals 2023, 2024 and 2025, and in view of the external factors which may have influenced the pricing of the Offer:

- We have a well-diversified product portfolio including a wide range of insecticides, herbicides, fungicides, and plant growth regulators, making us a comprehensive solution provider for our customers
- We have a large and diverse clientele both domestically as well as internationally
- We have strong in-house R&D capabilities with focus on innovation and product development
- We have robust manufacturing facilities with ability to manufacture a wide range of products with a focus on sustainability
- Our Company is led by qualified and experienced Promoters and supported by a professional management team

**The Offer Price will be [●] times of the face value of the Equity Shares**

The Offer Price of ₹[●] has been determined by our Company, in consultation with the BRLMs, on the basis of assessment of market demand from investors for Equity Shares through the Book Building Process and is justified in view of the above qualitative and quantitative parameters. Investors should read the above information along with ***'Risk Factors'***, ***'Our Business'***, ***'Restated Consolidated Financial Information"*** and ***'Management's Discussion and Analysis of Financial Conditions and Results of Operations'*** on pages 33, 250, 337 and 415 of the RHP. The trading price of the Equity Shares could decline due to the factors mentioned in ***'Risk Factors'*** or any other factors that may arise in the future and you may lose all or part of your investments.

## AN INDICATIVE TIMETABLE IN RESPECT OF THE OFFER IS SET OUT BELOW:

**Submission of Bids (Other than Bids from Anchor Investors)**

| Bid/Offer Period (except the Bid/Offer Closing Date) | |
|---|---|
| Submission and Revision in Bids | Only between 10.00 a.m. and 5.00 p.m. IST |
| **Bid/Offer Closing Date*** | |
| Submission of electronic applications (online ASBA through 3-in-1 accounts) – For RIBs | Only between 10.00 a.m. and up to 5.00 p.m. IST |
| Submission of electronic application (bank ASBA through online channels like internet banking, mobile banking and syndicate ASBA applications through UPI as a payment mechanism where Bid Amount is up to ₹5,00,000) | Only between 10.00 a.m. and up to 4.00 p.m. IST |
| Submission of electronic applications (syndicate non-retail, non-individual applications of QIBs and NIIs) | Only between 10.00 a.m. and up to 3.00 p.m. IST |
| Submission of physical applications (direct bank ASBA) | Only between 10.00 a.m. and up to 1.00 p.m. IST |
| Submission of physical applications (syndicate non-retail, non-individual applications where Bid Amount is more than ₹5,00,000) | Only between 10.00 a.m. and up to 12.00 p.m. IST |
| **Revision/cancellation of Bids** | |
| Upward Revision of Bids by QIBs and Non-Institutional Bidders categories# | Only between 10.00 a.m. and up to 4.00 p.m. IST on Bid/ Offer Closing Date |
| Upward or downward Revision of Bids or cancellation of Bids by RIBs | Only between 10.00 a.m. and up to 5.00 p.m. IST on Bid/ Offer Closing Date |

**UPI mandate end time and date shall be at 5 p.m. on the Bid/Offer Closing Date.*

*# QIBs and Non-Institutional Bidders can neither revise their bids downwards nor cancel/withdraw their Bids.*

**On the Bid/Offer Closing Date, the Bids shall be uploaded until:**

(i) 4.00 p.m. IST in case of Bids by QIBs and Non-Institutional Bidders, and

(ii) until 5.00 p.m. IST or such extended time as permitted by the Stock Exchanges, in case of Bids by Retail Individual Bidders and Eligible Shareholders.

On the Bid/Offer Closing Date, extension of time may be granted by Stock Exchanges only for uploading Bids received from Retail Individual Bidders, Eligible Shareholders Bidding under the Shareholder Reservation Portion after taking into account the total number of Bids received and as reported by the BRLMs to the Stock Exchanges.

**Bid/ Offer Programme**

| Event | Indicative Date |
|---|---|
| Anchor Investor Bid/Offer Date | Friday, March 13, 2026 |
| Bid/Offer Opens On | Monday, March 16, 2026 |
| Bid/ Offer Closing Date | Wednesday, March 18, 2026 |
| Finalization of Basis of Allotment with the Designated Stock Exchange | On or about Friday, March 20, 2026 |
| Initiation of refunds (if any, for Anchor Investors)/unblocking of funds from ASBA* | On or about Monday, March 23, 2026 |
| Allotment of Equity Shares/ Credit of Equity Shares to dematerialized accounts of Allottees | On or about Monday, March 23, 2026 |
| Commencement of trading of the Equity Shares on the Stock Exchanges | On or about Tuesday, March 24, 2026 |

** In case of (i) any delay in unblocking of amounts in the ASBA Accounts (including amounts blocked through the UPI Mechanism) for cancelled / withdrawn / deleted ASBA Forms, the Bidder shall be compensated at a uniform rate of ₹100 per day or 15% per annum of the Bid Amount, whichever is higher from the date on which the request for cancellation/ withdrawal/ deletion is placed in the Stock Exchanges bidding platform until the date on which the amounts are unblocked; (ii) any blocking of multiple amounts for the same ASBA Form (for amounts blocked through the UPI Mechanism), the Bidder shall be compensated at a uniform rate ₹100 per day or 15% per annum of the total cumulative blocked amount except the original application amount, whichever is higher from the date on which such multiple amounts were blocked till the date of actual unblock; (iii) any blocking of amounts more than the Bid Amount, the Bidder shall be compensated at a uniform rate of ₹100 per day or 15% per annum of the difference in amount, whichever is higher from the date on which such excess amounts were blocked till the date of actual unblock; (iv) any delay in unblocking of non-allotted/ partially allotted Bids, exceeding two Working Days from the Bid/ Offer Closing Date, the Bidder shall be compensated at a uniform rate of ₹100 per day or 15% per annum of the Bid Amount, whichever is higher for the entire duration of delay exceeding two Working Days from the Bid/ Offer Closing Date by the SCSB responsible for causing such delay in unblocking. The BRLMs shall, in their sole discretion, identify and fix the liability on such intermediary or entity responsible for such delay in unblocking. The post Offer BRLMs shall be liable for compensating the Bidder at a uniform rate of ₹100 per day or 15% per annum of the Bid Amount, whichever is higher from the date of receipt of the investor grievance until the date on which the blocked amounts are unblocked. The Bidder shall be compensated in the manner specified in the SEBI ICDR Master Circular, which for the avoidance of doubt, shall be deemed to be incorporated in the deemed agreement of our Company with the SCSBs, to the extent applicable, issued by SEBI, and any other applicable law in case of delays in resolving investor grievances in relation to blocking/unblocking of funds. RIBs Bidding for up to ₹0.50 million and individual investors Bidding under the Non - Institutional Portion Bidding for more than ₹0.20 million and up to ₹0.50 million, using the UPI Mechanism, shall provide their UPI ID in the Bid – cum - Application Form for Bidding through Syndicate, sub - syndicate members, Registered Brokers, RTAs or CDPs, or online using the facility of linked online trading, demat and bank account (3 in 1 type accounts), provided by certain brokers*

**ASBA*** | **Simple, Safe, Smart way of Application!!!**

*Applications Supported by Blocked Amount ("**ASBA**") is a better way of applying to offers by simply blocking the fund in the bank account.
For further details, check section on ASBA.
**Mandatory in public issues.**
**No cheque will be accepted.**

UPI — UNIFIED PAYMENTS INTERFACE

**UPI-Now available in ASBA for Retail Individual Investors and Non Institutional Investor applying in public issues where the application amount is up to ₹ 500,000, applying through Registered Brokers, Syndicate, CDPs & RTAs. Retail Individual Investors and Non-Institutional Investors also have the option to submit the application directly to the ASBA Bank (SCSBs) or to use the facility of linked online trading, demat and bank account. Investors are required to ensure that the bank account used for bidding is linked to their PAN. Bidders must ensure that their PAN is linked with Aadhaar and are in compliance with CBDT notification dated February 13, 2020 and press release dated June 25, 2021 read with press release dated September 17, 2021 CBDT circular no. 7 of 2022, dated March 30, 2022, read with press release dated March 28, 2023 and any subsequent press releases in this regard.**

*ASBA has to be availed by all the investors except Anchor Investors. UPI may be availed by (i) Retail Individual Investors in the Retail Category; (ii) Non-Institutional Investors with an application size of up to ₹ 500,000 in the Non-Institutional Portion. For details on the ASBA and UPI process, please refer to the details given in the Bid Cum Application Form and abridged prospectus and also please refer to the section "Offer Procedure" on page 503 of the RHP. The process is also available on the website of Association of Investment Bankers of India ("**AIBI**") and Stock Exchanges and in the General Information Document. The ASBA Bid Cum Application Form and the Abridged Prospectus can be downloaded from the websites of BSE Limited ("**BSE**") and National Stock Exchange of India Limited ("**NSE**", and together with BSE, the "**Stock Exchanges**") and can be obtained from the list of banks that is displayed on the website of SEBI at www.sebi.gov.in/sebiweb/other/OtherAction.do?doRecognised Fpi=yes&intmId=35 and https://www.sebi.gov.in/sebiweb/other/OtherAction.do?doRecognisedFpi=yes &intmId=43, respectively as updated from time to time. For the list of UPI apps and banks live on IPO, please refer to the link: www.sebi.gov.in. UPI Bidders Bidding using the UPI Mechanism may apply through the SCSBs and mobile applications whose names appear on the website of SEBI, as updated from time to time. HDFC Bank Limited and Kotak Mahindra Bank Limited have been appointed as the Sponsor Banks for the Offer, in accordance with the requirements of SEBI circular dated November 1, 2018 as amended. For Offer related queries, please contact the BRLMs on their respective email IDs as mentioned below. For UPI related queries, investors can contact NPCI at the toll free number: 18001201740 and mail Id: ipo.upi@npci.org.in.*

In case of any revision in the Price Band, the Bid/ Offer Period shall be extended for at least three additional Working Days after such revision of the Price Band, subject to the total Bid/Offer Period not exceeding 10 Working Days. In cases of force majeure, banking strike or similar unforeseen circumstances, our Company, in consultation with the BRLMs, for reasons to be recorded in writing, extend the Bid / Offer Period for a minimum of one Working Day, subject to the Bid/ Offer Period not exceeding 10 Working Days. Any revision in the Price Band, and the revised Bid/ Offer Period, if applicable, shall be widely disseminated by notification to the Stock Exchanges by issuing a public notice and also by indicating the change on the respective websites of the BRLMs and at the terminals of the members of the Syndicate and by intimation to Designated Intermediaries and Sponsor Bank(s), as applicable.

The Offer is being made in terms of Rule 19(2)(b) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended (the "**SCRR**"), read with Regulation 31 of the SEBI ICDR Regulations. The Offer is being made in accordance with Regulation 6(1) of the SEBI ICDR Regulations, through the Book Building Process wherein not more than 50% of the Offer shall be available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers ("**QIBs**") (such portion referred to as "**QIB Portion**"), provided that our Company in consultation with the BRLMs, may allocate up to 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations (the "**Anchor Investor Portion**"), out of which 40% shall be reserved in the following manner (i) 33.33% shall be reserved for domestic Mutual Funds; and (ii) 6.67% shall be reserved for Life Insurance Companies and Pension Funds only, subject to valid Bids being received from domestic Mutual Funds, Life Insurance Companies and Pension Funds at or above the price at which allocation is made to Anchor Investors ("**Anchor Investor Allocation Price**"), in accordance with the SEBI ICDR Regulations. In the event of under-subscription in the Anchor Investor Portion reserved for Life Insurance Companies and Pension Funds, the unsubscribed portion shall be available for allocation to domestic Mutual Funds. In the event of under-subscription or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares shall be added to the QIB Portion (excluding the Anchor Investor Portion) (the "**Net QIB Portion**"). Further, 5% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to Mutual Funds only, and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIB Bidders (other than Anchor Investors), including Mutual Funds, subject to valid Bids being received at or above the Offer Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5% of the Net QIB Portion, the balance Equity Shares available for allocation in the Mutual Fund Portion will be added to the remaining Net QIB Portion for proportionate allocation to all QIBs. Further, not less than 15% of the Offer shall be available for allocation on a proportionate basis to Non-Institutional Investors out of which (a) one-third of such portion shall be reserved for applicants with application size of more than ₹0.20 million and up to ₹1.00 million; and (b) two third of such portion shall be reserved for applicants with application size of more than ₹1.00 million provided that the unsubscribed portion in either of such sub-categories may be allocated to applicants in the other sub-category of Non-Institutional Investors and not less than 35% of the Offer shall be available for allocation to Retail Individual Investors ("**RIBs**") in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received at or above the Offer Price. Further, Equity Shares will be allotted on a proportionate basis. All potential Bidders (except Anchor Investors) are required to mandatorily use the Application Supported by Blocked Amount ("**ASBA**") process providing details of their respective ASBA accounts, and UPI ID in case of UPI Bidders, if applicable, in which the corresponding Bid Amounts will be blocked by the SCSBs or by the Sponsor Bank(s) under the UPI Mechanism, as applicable, to the extent of the respective Bid Amounts. Anchor Investors are not permitted to participate in the Offer through the ASBA process. For further details, see ***'Offer Procedure'*** on page 503 of the RHP.

**Bidders/Applicants should ensure that DP ID, PAN and the Client ID and UPI ID (for UPI Bidders bidding through UPI Mechanism) are correctly filled in the Bid cum Application Form. The DP ID, PAN and Client ID provided in the Bid cum Application Form should match with the DP ID, PAN, Client ID and UPI ID available (for UPI Bidders bidding through the UPI Mechanism) in the Depository database, otherwise, the Bid cum Application Form is liable to be rejected. Bidders/ Applicants should ensure that the beneficiary account provided in the Bid cum Application Form is active. Bidders/Applicants should note that on the basis of the PAN, DP ID, Client ID and UPI ID (for UPI Bidders bidding through the UPI mechanism) as provided in the Bid cum Application Form, the Bidder/Applicant may be deemed to have authorized the Depositories to provide to the Registrar to the Offer, any requested Demographic Details of the Bidder/Applicant as available on the records of the depositories. These Demographic Details may be used, among other things, for giving Allotment Advice or unblocking of ASBA Account or for other correspondence(s) related to the Offer. Bidders/Applicants are advised to update any changes to their Demographic Details as available in the records of the Depository Participant to ensure accuracy of records. Any delay resulting from failure to update the Demographic Details would be at the Bidders/Applicants' sole risk.**

**Contents of the Memorandum of Association of our Company as regards its Objects:** For information on the main objects of our Company, please see ***"History and Certain Corporate Matters – Brief history of our Company"*** and ***"History and Certain Corporate Matters - Changes in the registered office"*** on page 287 of the RHP. The Memorandum of Association of our Company is a material document for inspection in relation to the Offer. For further details, see **"*Material Contracts and Documents for Inspection*"** on page 547 of the RHP.

**Liability of the Members of our Company:** Limited by shares.

**Amount of Share Capital of our Company and Capital Structure:** As on the date of the RHP, the authorised share capital of our Company is ₹500,000,000 divided into 50,000,000 Equity Shares of face value of ₹10 each. The issued, subscribed and paid-up Equity share capital of our Company is ₹390,187,500 divided into 39,018,750 Equity Shares of face value of ₹10 each. For details of the capital structure of the Company, see ***"Capital Structure"*** beginning on page 107 of the RHP.

**Names of the Initial Signatories to the Memorandum of Association of the Company and the number of equity shares subscribed by them:** The initial signatories of the Memorandum of Association of the Company are as follows: Vrajmohan Ramanlal Shah and Chandrakant Ramanlal Shah. For details of the share capital history of our Company please see "*Capital Structure*" beginning on page 107 of the RHP.

**Listing:** The Equity Shares offered through the Red Herring Prospectus are proposed to be listed on the Stock Exchanges. Our Company has received in-principle approvals from BSE and NSE for listing of the Equity Shares pursuant to their letters each dated March 13, 2025. For the purposes of the Offer, BSE shall be the Designated Stock Exchange. A signed copy of the Red Herring Prospectus and the Prospectus shall be filed with the RoC in accordance with Section 26(4) and 32 of the Companies Act, 2013. For details of the material contracts and documents available for inspection from the date of the Red Herring Prospectus up to the Bid/Offer Closing Date, see ***"Material Contracts and Documents for Inspection"*** on page 547 of the RHP.

**Disclaimer Clause of Securities and Exchange Board of India:** SEBI only gives its observations on the offer documents and this does not constitute approval of either the Offer or the specified securities stated in the Offer Documents. The investors are advised to refer to page 483 of the RHP for the full text of the disclaimer clause of SEBI.

**Disclaimer Clause of BSE (the Designated Stock Exchange):** It is to be distinctly understood that the permission given by BSE Limited should not in any way be deemed or construed that the RHP has been cleared or approved by BSE Limited nor does it certify the correctness or completeness of any of the contents of the RHP. The investors are advised to refer to the page 485 of the RHP for the full text of the disclaimer clause of BSE.

**Disclaimer Clause of NSE:** It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to page 485 of the RHP for the full text of the disclaimer clause of NSE.

**General Risks:** Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Offer unless they can afford to take the risk of losing their investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in this Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares have not been recommended or approved by the SEBI, nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Red Herring Prospectus. Specific attention of the investors is invited to ***"Risk Factors"*** on page 33 of the RHP.

**BOOK RUNNING LEAD MANAGERS**

equirus

**Equirus Capital Private Limited**
Unit No. 2601B, 26th Floor, A Wing, Marathon Futurex, Mafatlal Mills Compound, Lower Parel, Mumbai - 400 013, Maharashtra, India
**Tel.:** +91 22 43320736; **E-mail:** gspcrop.ipo@equirus.com
**Website:** www.equirus.com
**Investor grievance e-mail:** investorsgrievance@equirus.com
**Contact person:** Malay Shah/Siddh Vadecha
**SEBI Registration Number:** INM000011286

motilal oswal — Investment Banking

**Motilal Oswal Investment Advisors Limited**
Motilal Oswal Tower, Rahimtullah Sayani Road, Opposite Parel ST Depot, Prabhadevi, Mumbai- 400 025 Maharashtra, India
**Tel:** + 91 22 7193 4380; **E-mail:** gspcrop.ipo@motilaloswal.com
**Investor Grievance ID:** moiaplredressal@motilaloswal.com
**Contact Person:** Vaibhav Shah/Kunal Thakkar
**Website:** www.motilaloswalgroup.com
**SEBI Registration Number:** INM000011005

**REGISTRAR TO THE OFFER**

MUFG — MUFG Intime

**MUFG Intime India Private Limited *(formerly Link Intime India Private Limited)***
C 101, Embassy 247, Lal Bahadur Shastri Marg, Vikhroli (West)
Maharashtra, India 400083
**Tel:** +91 810 811 4949; **E-mail:** gspcrop.ipo@in.mpms.mufg.com
**Website:** www.in.mpms.mufg.com
**Investor grievance e-mail:** gspcrop.ipo@in.mpms.mufg.com
**Contact person:** Shanti Gopalkrishnan
**SEBI Registration No.:** INR000004058

**COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER**

**Kamleshbhai D Patel**
**GSP CROP SCIENCE LIMITED**
404, Lalita Complex, Rasala Road, Mithakhali Six Road, Navrangpura, Ahmedabad, Gujarat, 380 009, India
**Tel:** +91 79 61915165; **E-mail:** cs@gspcrop.com
**Website:** www.gspcrop.in

Bidders may contact the Company Secretary and Compliance Officer, the BRLMs or the Registrar to the Offer in case of any pre-Offer or post-Offer related problems, such as non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode. For all Offer-related queries and for redressal of complaints, investors may also write to the BRLMs.

*Continued on next page...*

...continued from previous page.

**AVAILABILITY OF THE RHP:** Investors are advised to refer to the RHP and the *"Risk Factors"* beginning on page 33 of the RHP before applying in the Offer. A copy of the RHP will be made available on the website of SEBI at www.sebi.gov.in and is available on the websites of the BRLMs, Equirus Capital Private Limited at www.equirus.com and Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswalgroup.com and at the website of the Company, GSP CROP SCIENCE LIMITED at www.gspcrop.in and the websites of the Stock Exchanges, for BSE at www.bseindia.com and for NSE Limited at www.nseindia.com.

**AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS:** A copy of the Abridged Prospectus shall be available on the website of the Company, the BRLMs and the Registrar to the Offer at: www.gspcrop.in, www.equirus.com, www.motilaloswalgroup.com and www.in.mpms.mufg.com, respectively.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORM:** Bid cum Application Form can be obtained from the Registered Office of our Company, **GSP CROP SCIENCE LIMITED:** Tel: +91 79 61915165; **BRLMs: Equirus Capital Private Limited**, Tel.: +91 22 43320736; **Motilal Oswal Investment Advisors Limited**, Tel: +91 22 7193 4380 and **Syndicate Members:** Equirus Securities Private Limited, Tel: +91 22 4332 0600; Motilal Oswal Financial Services Limited, Telephone: +91 22 7193 4200 and Registered Brokers, SCSBs, Designated RTA Locations and Designated CDP Locations for participating in the Offer. Bid cum Application Forms will also be available on the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com and at all the Designated Branches of SCSBs, the list of which is available on the websites of the Stock Exchanges and SEBI.

**SUB-SYNDICATE MEMBERS:** Alankit Imaginations Limited, Almondz Global Securities Limited, Anand Rathi Share & Stock Brokers Limited, Asit C. Mehta Investment Intermediates Limited, Axis Capital Limited, Centrum Broking Limited, Dalal & Broacha Stock Broking Pvt Limited, Finwizard Technology Private Limited, HDFC Securities Limited, ICICI Securities Limited, IIFL Capital Services Limited, JM Financial Services Limited, Kantilal Chhaganlal Securities Pvt. Limited, KJMC Capital Market Services Limited, Kotak Securities Limited, LKP Securities Limited, Nuvama Wealth and Investment Limited, Prabhudas Lilladher Pvt Limited, Pravin Ratilal Share and Stock Brokers Limited, RR Equity Brokers Pvt. Limited, SBICAP Securities Limited, Sharekhan Limited, SMC Global Securities Limited, SS Corporate Securities Limited, TradeBulls Securities (P) Limited, Upstox Securities Private Limited and YES Securities (India) Limited.

**SPONSOR BANK, ESCROW COLLECTION BANK AND REFUND BANK:** HDFC Bank Limited.

**SPONSOR BANK AND PUBLIC OFFER ACCOUNT BANK:** Kotak Mahindra Bank Limited.

**UPI:** UPI Bidders can also Bid through UPI Mechanism.

**All capitalised terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.**

Place: Ahmedabad, Gujarat
Date: March 11, 2026

For **GSP CROP SCIENCE LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
Kamleshbhai D Patel
Company Secretary and Compliance Officer

**GSP CROP SCIENCE LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public Offer of its Equity Shares and has filed a red herring prospectus dated March 10, 2026 with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLMs i.e., Equirus Capital Private Limited at www.equirus.com and Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswalgroup.com, the website of the NSE at www.nseindia.com and the website of the BSE at www.bseindia.com and the website of the Company at www.gspcrop.in. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section *"Risk Factors"* beginning on page 33 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision but should only rely on the information included in the RHP filed by the Company with the RoC, the SEBI and the Stock Exchanges.

The Equity Shares issued in the Issue have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (**"U.S. Securities Act"**) or any other applicable laws in the United States, and unless so registered, may not be issued or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in 'offshore transactions' as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be issued or sold, and Bids may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction.

CONCEPT

## અંબાજી મંદિર હવે માઈભક્તો માટે ડિજિટલ બન્યું: કલેક્ટર શ્રી મિહિર પટેલના હસ્તે અત્યાધુનિક મોબાઈલ એપ લોન્ચ કરાઈ

(માહિતી બ્યુરો, પાલનપુર)

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આવતા કરોડો માઈ ભક્તોની સુવિધા અને પારદર્શિતા વધારવા માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અત્યાધુનિક મોબાઈલ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન શ્રી મિહિર પટેલના વરદ હસ્તે આ એપ્લિકેશનનું વિધિવત લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ એપ્લિકેશન ગૂગલ પ્લે સ્ટોર અને એપલ આઈ સ્ટોર પર ઉપલબ્ધ કરવામાં આવી છે, જેના દ્વારા યાત્રિકો હવે ગમે ત્યાંથી મંદિરની વિવિધ સેવાઓનો લાભ લઈ શકશે. આ મોબાઈલ એપ્લિકેશન માઈભક્ત



દ્વારા નિશુલ્ક બનાવવામાં આવી છે. જેમાં યાત્રિકો માટે દર્શનનો સમય, જનરલ ડોનેશન, સુવર્ણ શિખર દાન, ભોજનાલય માટે દાન, પ્રસાદની ઓનલાઈન બુકિંગ અને ઈ-સ્ટોર જેવી સુવિધાઓ મેળવી શકશે. આ ઉપરાંત, ભાદરવી પૂનમના મેળા દરમિયાન પદયાત્રી સંઘો માટે રજીસ્ટ્રેશન અને સેવા કેમ્પની માહિતી પણ ડિજિટલ માધ્યમથી ઉપલબ્ધ થશે. ઉલ્લેખનીય છે કે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા દર વર્ષે અંદાજે ૧ કરોડ ૨૦ લાખ જેટલા મોહનથાળ પ્રસાદના પેકેટનું વિતરણ અને કરોડોનું દાન મેળવવામાં આવે છે, ત્યારે આ નવી ટેકનોલોજી અને સેન્ટ્રલાઈઝ્ડ સર્વર દ્વારા વહીવટમાં વધુ ગુડ ગવર્નન્સ અને સુગમતા આવશે.

## આંકોલવાડી કન્યા શાળાના શિક્ષક શ્રી નિશાંતભાઈ એમ મહેતાનું બાળકો માટે કરવામાં આવતું રિસર્ચ પેપર (સંશોધન પત્ર)વડોદરા ખાતે રાજ્યકક્ષાએ પસંદગી પામ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

તાલાળા તા.૧૧ આંકોલવાડી કન્યા શાળા ના શિક્ષકશ્રી નિશાંતભાઈ એમ. મહેતા નું બાળકોના અભ્યાસ માટે કરવામાં આવતું રિસર્ચ પેપર (સંશોધન પત્ર)વડોદરા ખાતે રાજ્ય કક્ષાએ રજૂ કરવામાં આવ્યું હતું,પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાતમાંથી દરેક જિલ્લામાંથી પસંદગી પામી ઝોન કક્ષાએ અને ત્યાંથી પસંદગી પામી રાજ્ય કક્ષાએ સંશોધકોની પસંદગી થતી હોય છે,જેમાં ગીર સોમનાથ જિલ્લામાંથી એકમાત્ર



આંકોલવાડી કન્યા શાળાનાં શિક્ષકશ્રી નિશાંતભાઈ મહેતાનું સંસ્કૃત વિષય પર તૈયાર કરવામાં આવેલ સંશોધન પેપરને આવકારવામાં આવ્યું. ખાસ કરીને બાળકોને સંસ્કૃત વિષયને કઈ રીતે સરળ બનાવી શીખવી શકાય તે હેતુ આ સંશોધન પત્રનો હતો. G.C.E.R.T રિસર્ચ અસોસિએટ ડો.પંકજ મિસ્ત્રીજીનાં હસ્તે શ્રી નિશાંતભાઈ મહેતાને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યુ તેમજ વડોદરા ડાયેટ પ્રાચાર્ય,ગીરસોમનાથ ડાયેટ પ્રાચાર્ય પંપાણીયા, આશાબેન, મીરાંબેન,મેસિયાભાઈ, ધર્મેન્દ્રભાઈ, તજજ્ઞ મિત્રો તેમજ સમગ્ર સ્ટાફ પરિવાર દ્વારા નિશાંતભાઈ ને અભિનંદન પાઠવવામાં આવ્યા.

## અંબાજી ખાતેથી 'માતૃશક્તિ પોષણ' અને 'શ્રી શક્તિ વધામણા' કીટ વિતરણનો પ્રારંભ કરાવતા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ

(માહિતી બ્યુરો, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન શ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને અંબાજી ચાચર ચોક ખાતે માતૃશક્તિ પોષણ કીટ અને શ્રી શક્તિ વધામણા કીટ અર્પણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. સરકારશ્રી અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના સંયુક્ત ઉપક્રમે બનાસકાંઠા જિલ્લાના દાંતા, હડાદ અને અમીરગઢ તાલુકાની સગર્ભા માતાઓ અને નવજાત દીકરીઓના આરોગ્યની જાળવણી માટે એક વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ છે. આ પ્રસંગે કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા પોલીસ વડા અને મહાનુભાવોના હસ્તે આદિજાતિ તાલુકાની બહેનો અને માતાઓને કીટનું વિતરણ કરીને આ ઝુંબેશનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલે જણાવ્યું હતું કે, દર મહિને કલેકટર કચેરી ખાતે સગર્ભા અને ધાત્રી માતાઓના આરોગ્યને લઈને નિયમિત બેઠક યોજાય છે જેમાં આ વિસ્તારની બહેનો અને માતાઓને યોગ્ય પોષણ મળી રહે તે માટે નવતર અભિગમ અપનાવીને પોષણ કીટો તૈયાર કરાઈ છે. તેમણે જણાવ્યું કે, માતૃશક્તિ સર્વ જીવનનો આધાર છે તેના મંત્ર સાથે સગર્ભા માતાઓને પોષક તત્વોથી ભરપૂર 'માતૃશક્તિ પોષણ કીટ' અને નવજાત દીકરીઓને 'શ્રી શક્તિ વધામણા કીટ' તૈયાર કરાઈ છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સગર્ભા માતાઓને પોષણ પૂરું પાડી તંદુરસ્ત બાળકનો જન્મ સુનિશ્ચિત કરવાનો અને નવજાત દીકરીઓના આરોગ્યની કાળજી રાખવાનો છે. કલેકટરશ્રીએ જણાવ્યું કે, આગામી ૧ એપ્રિલ ૨૦૨૬ થી લઈને ૩૧ માર્ચ ૨૦૨૭ સુધી આદિજાતિ તાલુકાઓમાં ૧૨ હજાર સગર્ભા બહેનોને માતૃશક્તિ પોષણ કીટ અને ૬ હજાર બહેનોને શ્રી શક્તિ વધામણા કીટ અર્પણ કરાશે તે સુનિશ્ચિત કરાયું છે. મંદિર ટ્રસ્ટ દ્વારા કુલ ૧૮,૦૦૦ કીટ તૈયાર કરાશે જે આરોગ્ય વિભાગ દ્વારા વિતરણ કરાશે.

## જૂનાગઢ ખાતેની બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ ખાતે ઈનોવેશન અને સ્ટાર્ટઅપ વિષયક કાર્યશાળા યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૧ જૂનાગઢ ખાતેની બહાઉદ્દીન આર્ટ્સ કોલેજમાં ઈનોવેશન ક્લબ તથા SSIP (Student Startup and Innovation Policy) સેલના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં નવીનતા, સર્જનાત્મકતા અને સ્ટાર્ટઅપ પ્રત્યે અભિગમ કેળવવાના હેતુથી બે અલગ- અલગ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં IPR (બૌદ્ધિક સંપત્તિ અધિકારો), પ્રોટોટાઈપ ડિઝાઈન તેમજ ગુજરાતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં રહેલી તકો જેવા અદ્યતન વિષયો પર ૫૦ જેટલા વિદ્યાર્થીઓને વિસ્તૃત જાણકારી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના SSIP કો-ઓર્ડિનેટર ડૉ.મૃણાલ અંબાસણાએ પ્રોટોટાઈપ ડિઝાઈનની પ્રક્રિયા અને નવીન વિચારોને મૂર્ત સ્વરૂપ આપવાની પદ્ધતિઓ સમજાવી હતી. તેમણે ખાસ કરીને બૌદ્ધિક સંપત્તિ અધિકારો (IPR) ના મહત્વ પર ભાર મૂકી, વિદ્યાર્થીઓ પોતાના મૌલિક આવિષ્કારોનું કાનૂની રક્ષણ કેવી રીતે મેળવી શકે તે અંગે ટેકનિકલ જાણકારી પૂરી પાડી હતી. કાર્યક્રમમાં અન્ય નિષ્ણાત અને લાઈફ સાયન્સિસ વિભાગના પ્રોફેસર ડૉ.સુહાસ વ્યાસે ગુજરાત સરકાર દ્વારા સ્ટાર્ટઅપ ક્ષેત્રે આપવામાં આવતી વિવિધ ગ્રાન્ટ્સ અને સહાયલક્ષી યોજનાઓ વિશે માહિતી આપી હતી. તેમણે રાજ્ય સરકારની ઈનોવેશન પોલિસી હેઠળ વિદ્યાર્થીઓ કેવી રીતે આર્થિક અને માળખાગત મદદ મેળવીને પોતાના પ્રોજેક્ટ્સને વ્યાવસાયિક સ્તરે લઈ જઈ શકે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર આયોજન કોલેજના આચાર્ય ડૉ. જે.આર. વાંઝાના માર્ગદર્શન હેઠળ ઈનોવેશન તથા SSIP સેલના કો-ઓર્ડિનેટર ડૉ.દીપિકા કેવલાણી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જૂનાગઢ વેટરનરી કોલેજની ૧૩મી બેચનો વેલીડીક્ટ્રી કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૧. કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન વેટરનરી કોલેજ, જૂનાગઢ ખાતે બી.વી.એસ.સી. એન્ડ એ.એચ.નો સાડા પાંચ વર્ષનો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ૧૩મી બેચના ૬૬ વિદ્યાર્થીઓ માટે વેલીડીક્ટ્રી- વિદાય સમારંભ યોજાયો હતો. મહત્વનું છે કે, કામધેનુ યુનિવર્સિટી બન્યા બાદની આ પ્રથમ બેચ છે, જેણે પોતાનું શૈક્ષણિક કાર્ય પૂર્ણ કરી પશુચિકિત્સાના ક્ષેત્રમાં વ્યાવસાયિક કદમ માંડ્યા છે.આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ અને ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.બી. કે. અસવારે જણાવ્યું હતું કે, વેટરનરી ક્ષેત્રના વિદ્યાર્થીઓએ ભવિષ્યમાં ખેડૂતો અને પશુપાલકોના આર્થિક તથા સામાજિક હિત માટે અત્યંત નિષ્ઠાપૂર્વક સેવાઓ આપવી જોઈએ. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત પશુપાલન વિભાગના રીજીયોનલ જોઈન્ટ ડાયરેક્ટર ડૉ.અમિત એન. કાનાણીએ પશુ ચિકિત્સા વિજ્ઞાનમાં રહેલી વિશાળ તકો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે બેક્ટેરિયા અને વાયરસ સંબંધિત સંશોધનો તેમજ વૈશ્વિક સંસ્થાઓ સાથેના પોતાના અનુભવો જણાવી વિદ્યાર્થીઓને સંશોધન ક્ષેત્રે આગળ વધવા પ્રેરણા આપી હતી. આ પ્રસંગે અતિથિ વિશેષ અને બહાઉદ્દીન સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ.આર.પી. ભટ્ટે ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં પશુપાલન નું મહત્વ સમજાવી, વિદ્યાર્થીઓને સમાજ પ્રત્યે સમર્પિત ભાવે કાર્ય કરવા અનુરોધ કર્યો હતો.કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. આર. ડી. સિંહે મહાનુભાવોનો પરિચય આપ્યો હતો અને ડૉ.વિરલ ગામિત દ્વારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે પશુ ઉછેર કેન્દ્રના સંશોધન વૈજ્ઞાનિક ડૉ. એમ.ડી.ઓડેદરા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ટર્નશિપ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ ચાવડા ઉદયસિંહ અને મહેતા મેઘાવીએ પોતાના પાંચ વર્ષના શૈક્ષણિક અનુભવો વાગોળ્યા હતા.

## જૂનાગઢ જિલ્લાના ૯ તાલુકાઓમાં તા.૧૩મી માર્ચે મિલેટ મેળો-૨૦૨૬ યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ:તા.૧૧. જૂનાગઢ જિલ્લાના ૯ તાલુકાઓમાં તા.૧૩મી માર્ચ ૨૦૨૬ના રોજ મિલેટ ડેવલપમેન્ટ યોજના અંતર્ગત તાલુકા કક્ષાના મિલેટ મેળો-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે જ પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી અંતર્ગત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આસામના ગુવાહાટી ખાતેથી ખેડૂતોના ખાતામાં પીએમ કિસાન યોજનાનો ૨૨મો હપ્તો ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) મારફત જમા કરાવશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે.જિલ્લામાં ભેસાણ તાલુકાનો મિલેટ મેળો કથિરીયા સમાજ વાડી-છોડવડી, તેવી જ રીતે કેશોદનો કાર્યક્રમ શ્રી પેથલજી ચાવડા આહીર સમાજ, જૂનાગઢનો પટેલ સમાજ વાડી- વડાલ, માણાવદરનો કાર્યક્રમ સોરઠીયા આહીર સમાજ ખાતે યોજાશે. આ ઉપરાંત માળિયા તાલુકામાં શ્રી રામ પ્રાકૃતિક ફાર્મ- ગળોદર, મેંદરડા તાલુકાનો કાર્યક્રમ પટેલ સમાજ-ગઢાળી, માંગરોળમાં લેઉવા પટેલ સમાજ-દિવરાણા, વંથલીમાં પટેલ સમાજ- થાણાપીપળી અને વિસાવદર તાલુકામાં પટેલ સમાજ-સુખપુર ખાતે આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.આ તમામ ૯ સ્થળોએ ૧૩મી માર્ચના રોજ એકસાથે મેળાનું આયોજન થશે, જ્યાં ખેડૂતોને શ્રી અન્ન (મિલેટ) ના વાવેતર અને તેના સ્વાસ્થ્યલક્ષી ફાયદાઓ વિશે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ સાથે જ વડાપ્રધાનશ્રી દ્વારા રિલીઝ કરવામાં આવનાર કિસાન સન્માન નિધિના ૨૨માં હપ્તાના કાર્યક્રમમાં જોડાવા માટે ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યો છે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની એક યાદીમાં જણાવાયું છે.

## ખોરસમ ગામે તંત્રની ઘોર બેદરકારી: ભૂગર્ભ ગટરની કુંડીઓના ઢાંકણા અધખુલ્લા છોડી દેવાતા રહીશો પરેશાન



નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના ખોરસમ ગામે. ખોરસમથી બ્રાહ્મણવાડા જતાં રોડની બાજુમાં અનુસુચિત જાતિ અને લઘુમતિ સમાજના મહોલ્લા તરફ જતાં રસ્તા પર ગયા ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો નિકાલ નહી થઈ શકતાં આ રસ્તા પર વરસાદી પાણી ભરાઈ જતાં બંન્ને મહોલ્લાઓના લોકોએ હંગામો મચાવ્યો હતો બાદમાં તાલુકા વિકાશ અધિકારી મામલતદાર સહિત પાટણ ક્લેક્ટર જિલ્લા વિકાશ અધિકારી સહિત ઉચ્ચ કક્ષાએ બંન્ને મહોલ્લાના આગેવાનોએ લેખિત અને મૌખિક રજુઆત કરતાં. વહીવટી તંત્ર દ્વારા. બંન્ને સમાજના મહોલ્લાના આ રસ્તા પર વરસાદી પાણીના નિકાલ માટે. ભુગર્ભ ગટર પાઈપલાઈન સાથે મંજુર કરતાં અંદાજે ૨માસ પહેલાં કુંડીઓ સાથે વરસાદી નિકાલની ભુગર્ભ ગટર લાઈનનું કામ કોન્દ્રાકટર દ્વારા પુરુ કરી દેવાયું છે પરંતુ કુંડીઓ પર ભુગર્ભ ગટરની પાઈપો નાખી જરૂરીયાત મુજબ કૂંડીઓ બનાવી તેની ઉપર. કેટલીક કુંડી પર ઢાંકણા ચણતર સાથે. લગાવાયાં છે તો કેટલીક કુંડીઓ પર ઢાંકણાં મૂકી કામ અધુરુ રખાયું છે બીજી બાજુ આ માર્ગ લઘુમતિ.ના તેમજ અનુસુચિત જાતિના લોકો માટે ખેતરે જવું વિદ્યાર્થીઓને સ્કુલ શાળાએ જવા માટે મહત્તમ ઉપયોગ કરતાં હોવાથી અને ખાસ કરીને રાત્રીના સમયે આવનજાવન કરતાં મહોલ્લાના રહીશો કે વાહનચાલકો આ માર્ગ પર ના કુંડીનાં ઢાંકણાં.થી પરેશાન થઈ રહ્યા છે. સંલગ્ન તંત્ર એ કોન્દ્રાક્ટર દ્વારા આ માર્ગ પરની વરસાદી પાણી નિકાલની. ગટર વ્યવસ્થાનું અધુરુ કામ પુરુ કરવામાં આવે તેવી આ બંન્ને મહોલ્લા.ના લોકો નીપ્રબળ માંગ ઉઠવા પામી છે.

## નખત્રાણા મધ્યે સોનપાર પરિવાર દ્વારા આગામી સમયમાં યોજાનાર શાસ્ત્રી પાઠ અંગે મિટિંગ યોજાઈ



મહેશ એલ.સોની નખત્રાણા

નખત્રાણા મધ્યે શ્રી દરિયા સ્થાન ખાતે આગામી દિવસોમાં સોનાપાર પરિવાર દ્વારા શાસ્ત્રીપાઠ યોજવા માટે ચર્ચા વિચારણા કરવા એક અગત્યની મિટિંગ તા.૧૦/૩ ના રોજ યોજાઈ ગઈ. આ અંગે નખત્રાણાના બ્રહ્મ સમાજના અગ્રણી શ્રી દિનેશ ભાઈ જોશીએ જણાવ્યું હતું કે બ્રહ્મ સમાજના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ જોશીની અધ્યક્ષતામાં યોજાયેલ આ બેઠકમાં તા.૨૯/૩ થી તા.૩૧ /૩/૨૦૨૬ એમ ત્રી - દિવસીય આ શાસ્ત્રીપાઠ યોજવા અંગે વિવિધ મુદ્દાઓ વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં બહારગામથી આવતા પરિવારજનો માટે જમવા રહેવા વ્યવસ્થા સહિતનો સમાવેશ કરવામાં આવ્યો હતો.દર વર્ષની જેમ ચૈત્ર સુદ તેરસ તા.૩૧/૩ /૨૦૨૬ ના રોજ બિબ્બર મુકામે ગાયોને ચારા નું નિરણ કરવામાં આવશે તેમજ જસરાજ દાદા તેમજ માતાજીના સાનિધ્યમાં સમૂહ મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ભુવા ધીરજ જોશીની અનુમતિથી લેવાયેલા આ કાર્યક્રમમાં પિતૃઓની સર્વ ઈચ્છા પૂર્ણ કરવા શક્ય હશે તેટલા પ્રયત્નો કરાશે. શ્રી પ્રકાશભાઈ જોશી. શ્રી રમેશભાઈ જોશી. શ્રીસુભાષભાઈ જોશી. શ્રીદિનેશભાઈ જોશી.શ્રી મિતેશ મહારાજ. શ્રીદેવેન્દ્રભાઈ જોશી. શ્રીકિશોરભાઈ જોશી. શ્રીસુરેશભાઈ જોશી. શ્રીરજનીકાંતભાઈ જોશી. શ્રી દીપકભાઈ જોશી. શ્રી અશોકભાઈ જોશી. શ્રી શૈલેષભાઈ જોશી સહિત નખત્રાણા નગરના તમામ જ્ઞાતિજનો મિટિંગમાં ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ અંતર્ગત વધુ માહિતી માટે રમેશભાઈ જોશીનો સંપર્ક કરવા જણાવાયું છે.

## વિથોણના મહાજન સમાજના અગ્રણીનું અવસાન થતાં શોક ફેલાયો



મહેશ એલ. સોની નખત્રાણા

મૂળ માતાનામઢના પણ વર્ષોથી વિથોણ ગામને કર્મભૂમિ તરીકે સ્વીકારી લોક હિતના કાર્યો કરી અપ્રિતમ લોક ચાહના મેળવનારા વોરિયા મણિશંકર પરસોતમ રાજગોરનું ૭૦ વર્ષની વયે અવસાન થતાં વિથોણ સહિત આસપાસના વિસ્તારોના ગામોમાં ભારે શોકની લાગણી ફેલાઈ હતી. તેમની સ્મશાન યાત્રામાં વિવિધ સમાજના વિશાળ સંખ્યામાં લોકો જોડાયા હતા અને સ્વયંભૂ પોતાના કામકાજ બંધ રાખ્યા હતા. વિધિની વ્રક્તા જુઓ તો સદગતના એકના એક દિકરાની થોડા દિવસ પહેલા જ કોઈ કારણસર તબિયત લથડતા અમદાવાદની યુ. એન. મહેતા હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. આ અરસામાં પિતાનું દેહાંત થતાં પથારી વશ પુત્ર જોડાઈ ના શકતા પરિવારોજન સાથે બન્ને પુત્રીઓ રેખાબેન તેમજ હિના બેન સ્મશાન યાત્રામાં જોડાઈ અગ્નિદાહ આપ્યો હતો.પરિવારજનોમાં અમિત, નયન ,રાજ શિવ રુદ્ર સાથે પૌત્રીઓ તાના , રીના પણ જોડાઈ હતી. સદગતનો પરિવાર જાહેર ક્ષેત્રમાં સંકળાયેલ હોઈ સારી એવી લોકચાહના ધરાવે છે. તેમની પત્ની પણ પરોપકારી સ્વભાવના તેમજ પુત્ર અશ્વિનજોશી પણ સામાજિક કાર્યોમાં હમેંશા તત્પર રહે છે.તેમની સ્મશાન યાત્રામાં પૂર્વ કારોબારી ચેરમેન દિનેશભાઈ રૂડાણી, તાલુકા પૂર્વ વિપક્ષી નેતા અશ્વિનભાઈ રૂપારેલ, મોરઝરના પરમ પૂજ્ય દિલીપદાદા કાપડી, જાણીતા લોક સાહિત્યકાર રાજેશ ગઢવી(દેવપયક્ષ), મંગલભાઈ જોશી, અમિતભાઈ જોશી, ટીના દરજી સહિત મોટી સંખ્યામાં લોકોએ શ્રદ્ધા સુમન અર્પણ કરી તેમની સેવાઓને યાદ કરી હતી.

## શ્રી કલરાવાંઢ પ્રાથમિક શાળાનું ગૌરવ : શિક્ષિકા રીતુબેન ચૌધરી સન્માનિત

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

લખપત તાલુકાની શ્રી કલરાવાંઢ પ્રાથમિક શાળાની શિક્ષિકા રીતુબેન ચૌધરીને શિક્ષણ ક્ષેત્રે કરેલ ઉત્તમ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા છે.અમદાવાદ સ્થિત સૌરવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે યોજાયેલા દયાપર ખાતે કાર્યક્રમમાં રીતુબેન ચૌધરીને "વિશ્વ મહિલા દિવસ એવોર્ડ 2026" સાથે સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. રીતુબેન ચૌધરીએ શાળામાં



વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમની આ કામગીરીને માન આપી ટ્રસ્ટ દ્વારા તેમને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.આ સિદ્ધિ બદલ શ્રી કલરાવાંઢ પ્રાથમિક શાળા પરિવાર તેમજ સમગ્ર વિસ્તારમાં આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત થઈ રહી છે. તેમજ સહકર્મી શિક્ષકો અને ગ્રામજનો દ્વારા રીતુબેન ચૌધરીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ખોરસમ પ્રા શાળામાં ધોરણ-૨ ના વિદ્યાર્થીઓ સફાઇ કરતા કચરો ઉઠાવતા જોવા મળ્યા



નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના ખોરસમ પ્રાશાળાના ધોરણ-૨ માં અભ્યાસ કરતાં બાળકો દ્વારા પ્રાર્થના માટે ના ઓટલાની સફાઈ વર્ગખંડોની સફાઇ કરતાં જોવા મળતાં અને સફાઇ કરતાં બાળકો ને સફાઇ કરવા અંગે પુછતાં બાળકો પાસે રોજ પ્રાર્થના માટેનો ઓટલો વર્ગખંડની રોજ સફાઇ કરવાતી હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું જ્યારે શાળાના આચાર્ય નો સંપર્ક થઈ શક્યો નથી.

## મેઘાણી: મેઘાવી રંગ કસુંબલ સર્જક

તખુભાઈ સાંડસુર

ઝવેરચંદ કાળીદાસ મેઘાણી એટલે કાઠીયાવાડનો કંઠમાળ થઈને વ્યક્તિત્વને નહીં પરંતુ વ્યક્તિત્વથી શોભિત એવો કંઠમાળ. કસુંબીનો રંગ ક્યાં,કેવી રીતે લાગે તેનો ટેસ્ટ કરવો હોય તો તમારે મેઘાણીના શબ્દોને ટેરવા અડાડવા પડે! કાઠીયાવાડના શોર્ય કે ફનાગીરી જવામર્દી, 56 ની છાતીના ઝગમગતા પાત્રોનો પરિચય જરૂર થઈ જાય.એમ કહીએ કે મેઘાણીની કલમ કદાચ ન હોત તો એવા અનેક રેખાચિત્રો, ઘટનાઓ



અને ગાથાઓને સાહિત્યના ઐતિહાસિક નભમંડળમાં પ્રકાશિત કરવાનું કામ કોઈ કરી શક્યું ન હોત.તે રીતે સૌરાષ્ટ્રની એ ધીંગીધરાનો પરિચય યુગો સુધી અંધકારમાં જ ઢબુરાયેલો પડ્યો રહેત.

'કસુંબીના રંગ 'જેવી કાવ્ય ધારાઓ આપીને તેમણે આપણાં આઝાદીના ઈતિહાસને લખવાનું અને તેથી રાષ્ટ્રસેવાનું જે કાર્ય કર્યું છે તે બેનમૂન છે.'રક્ત ટપકતી સો સો ઝોળી' જેવી આઝાદીના રક્ત રંજિત ઈતિહાસ સાથે જોડાયેલી રચનાઓ તેમનાં દ્વારા મળે છે. તેઓ આઝાદી માટેની જે ધંખના ધરાવે છે તે તેમની કલમમાંથી નિતરતી દેખાય છે.ઋતુ ગીતોની વાત હોય કે પછી 'ચારણ કન્યા' જેવી શોર્ય અને ખુમારીથી ભરેલા ગીરના લોકોનો આલેખ હોય બધાંમાં ઝવેરચંદ અલગ રીતે ઉપસી આવે છે.જો કે ઈતિહાસવિદ્ ડો. પ્રદ્યુમનભાઈ ખાચર જણાવે છે કે ઝવેરચંદ મેઘાણીએ પોતાના એક આત્મકથાનાત્મકમાં કહ્યું છે કે કેટલીક વાર્તાઓ,ઘટનાઓ તેમણે તેમના મિત્ર હડાળા દરબાર શ્રી વાજસુર વાળા પાસેથી સાંભળીને નોંધી છે. એ જ રીતે દરબાર શ્રી બાવાવાળા પાસેથી પણ તેમણે સંત સાહિત્ય પૈકીનું ઘણું ટપકાવ્યું છે.પણ તેનું નિરૂપણ કરવાનું શ્રેય જે રીતે મેઘાણી સાહેબે કર્યું તે પ્રશંશાપાત્ર નહીં પરંતુ સન્માનનીય છે.

મેઘાણી સાહેબના કુલ 47 થી વધારે પુસ્તકોમાં 13 નવલકથાઓ છે.તેમાં 'સત્યની શોધ 'અને 'બીડેલા દ્વાર 'જેવી નવલકથાઓ અમેરિકન લેખક સિન્કલરના 'સેમ્યુઅલ ધ સિકર 'અને 'લવ્ઝ પિલગ્રીવેજ' જેવી કૃતિઓના આધારે લખાયેલી હોવાનું વિવેચકોએ કહ્યું છે.તેનો અર્થ એ થયો કે તેઓ વિશ્વ સાહિત્ય સાથે પણ જોડાયેલાં રહ્યાં છે.

સંસ્કૃત અને અંગ્રેજીમાં સ્નાતક થયેલાં અને 17 ઓગસ્ટ 97 થી 9 મી માર્ચ 1947 સુધીની માત્ર 50 વર્ષની જીવન સફરમાં એવું કેટલું કરી ગયા કે આપણાં સૌની આંખો પહોળી કરી દેનારી તે ઐતિહાસિક ઘટનાઓ છે.વ્યક્તિ કેટલું જીવે છે તેના કરતાં કેટલું કરીને જાય છે તે ખૂબ મહત્વનું છે.મેઘાણી સાહેબે ગુજરાતી સાહિત્ય માટે જે કર્યું છે તે એક ગૌરવપૂર્ણ ઈતિહાસ બનીને રહી જશે!

પૂજ્ય મોરારિબાપુની કથા મેઘાણી સાહિત્યની ઈર્દગીર્દ ગવાઈ રહી છે.ત્યારે થાય કે બાપુ શા માટે આ સાહિત્યકારને અંજલી આપે છે?! કારણ કે તેમના શરીરમાં એક આઝાદી માટેનો ફિરસ્તો જીવતો હતો અને બાપુ પણ રાષ્ટ્રપ્રેમના અભિન્ન રંગોથી લિપ્ત છે. શોર્ય અને ગૌરવ એ મેઘાણીજીના જીવનના પર્યાય હતાં અને બાપુએ પણ આ બંને સદગુણોને હંમેશા મુઠ્ઠીમાં રાખીને જીવવાનો પ્રયત્ન કર્યો છે. ગરીબ અને વંચિત માટેની પીડા એ મેઘાણીએ પોતે અનુભવી હોય તે રીતે પોતાની કલમમાંથી કાગળ પર ઉતારી છે.બાપુ પણ આ જ વાણી આ જ પીડાને આજ દર્દને વાણીથી મુખર કરી રહ્યાં છે. આ બધી જ સામ્યતા બાપુને મેઘાણી માટે મનોરથ કરવા પ્રેરતી રહી છે.કુલ 972 રામકથાઓમાંથી અનેક કથાઓ એવી હોય છે કે જેમાં બાપુએ મેઘાણીના એ ગીત વ્યાસપીઠના પ્રાંગણમાં રમતાં મુક્યા હોય.

આ તકે,આજના આ અવસરે મેઘાણીજીની પુણ્યતિથિએ અને વ્યાસપીઠના મેઘાણી અનુગ્રહ માટે પૂ.બાપુને પણ શત શત વંદન.

## રામાયણ ના પ્રસંગો

રામ સભા માં અમે રમવાને ગ્યાતા,
હે!!પસલી ભરીને રસ પીધો રે..

જ્યાં "તારું..તારું.." એટલે સમર્પણ ની ભાવના વધારે હોય ત્યાં જ "રામાયણ" બિરાજે છે.રામ રાજ્ય નું સ્વપ્નું ધરા પર સામન્ય માણસ થી શક્ય નથી,કેમ? માણસ નો 'મારું..હું..' નામનો અંધ મોહ એટલો બધો મોટો હોય છે ને કે આ મોહમાં ખુદના નજીકના ને પણ હાની પહોંચાડી શકે છે.ભગવાન શ્રી રામ ના રામરાજ્ય ની કલ્પના કરવી પણ સામન્ય માણસ માટે અશક્ય છે.જેમણે "રામ નામ" નો ભેખ ધારણ કર્યો છે એ માણસનું જીવન પ્રભુ શ્રી રામચંદ્રજી તારી દેતા હોય છે.મોટા મોટા મહાનુભાવો બજરંગ દાસ બાપા,નીમ કરોલી બાબા,સંત કબીર, જલારામ બાપા,રામદાસ બાપુ વગેરે વગેરે સંતો ના જીવન માં સહેજ ડોકિયું કરશો તો સમજાશે કે "શ્રી રામ" નું સ્મરણ કેટલું તાકતવર હશે જેના પ્રભાવ થી લાખો કરોડો લોકોના જીવન પરિવર્તિત થયા છે. બંગલા નું નામ "રામાયણ" રાખવાથી "શ્રી રામ નામ" ઉદેશ્ય સિદ્ધ થતો નથી.પ્રભુ શ્રી રામ ના નામ ની તાકત નો ઉપયોગ કરીને ચૂંટણીઓ જીતવા થી રામ નામ નો હેતુ સિદ્ધ થતો નથી. ભગવાન શ્રી રામચંદ્રજી નો અયોધ્યા ની ગાદી પર રાજ્યાભિષેક થયા બાદ એમણે સામન્ય માણસ ધોબી ના કટાક્ષ સાંભળી ને પત્નીનો ત્યાગ કર્યો હતો.વિચારો "પત્ની" જે પુરુષ ની ગૃહચર્યા હોય છે "નારી વગર નું નર નું જીવન અશક્ય" છતાંય પ્રજાવત્સલ રાજા હતા એટલે પ્રિય વસ્તુનો ત્યાગ કરીને પ્રજા માં ઉદાહરણ બેસાડ્યું હતું કે એક રાજા પર પ્રજા નો અધિકાર સર્વ માન્ય હોવો જોઈએ. રાજા ના શપથ લીધા બાદ "મારું..મારું" નો ત્યાગ કરીને "તારું.. તારું" જરૂરી છે.રાજા નું શાસન પ્રજાવત્સલ હોવું જરૂરી છે."રામ" શબ્દ નો ભેખ ધારણ કરીને વાલિયો લૂંટારો વાલ્મિકી બની ગયો તો વિચારો આ શબ્દની તાકાત



- રુપાલી દવે

કેટલી હશે? રામ નામ સુમિરન કરલે બંદે..

રામાયણ ના પ્રસંગો:

ભગવાન શ્રી રામચંદ્રજી,માતા સીતાજી અને ભાઈ લક્ષ્મણ ને ભક્ત હનુમાનજી સાથે ૧૪વર્ષ ના વનવાસ દરમિયાન વનમાં ઋષિઓને પરેશાન અને ત્રાસ અને પરેશાન કરતા અનેક ભયાનક રક્ષશો અને રાક્ષશીઓઓ નો ખત્મો બોલાવ્યો હતો.હવન માં વિઘ્ન નાખનાર તડકા, મરિચ,સુર પંખા વગેરે નો વધ કરીને સમગ્ર ઋષિ મુનિઓ નું કાર્ય કર્યું. આ રાક્ષશોના વધ ના લીધે લંકાપતિ રાજા રાવણ નું ઘમંડ ચૂર ચૂર કર્યું હતું.રાવણ ને સાથ આપનાર અધમ વાલી વગેરે રાજાઓનો ખાત્મો બોલાવી દીધો. રણભૂમિ માં રાવણના દસ માથાનો વધ કર્યો ને આમ ભગવાને રાવણ ના દસ ઘમંડ ને ચકના ચૂર કર્યું હતું. દસ ઘમંડ પર લક્ષ્ય સાધી ને બાણોથી ઉડાડિયા બાદ રાવણ નો મર્મ વેધ સમાન નાભિ પર બાણ સાધી ને રાવણ નો કાળ સમાપ્ત કર્યો. લંકાની રાજગાદી પર રામ ભક્ત વિભીષણ નું રાજતિલક કર્યું.ભગવાન રઘુનાથજી એ વિભીષણ નું રાજતિલક કર્યું એ દિવસ થી લંકા માં સુખ ચેન ની વ્યાખ્યા બદલાઈ ગઈ.લંકા ની સુખ સમૃદ્ધિ માતા સીતાજી ના શુભ પગલાં પડતાં સોનાની લંકા ની ગુમ થઈ ગયેલ ચમક પરત ફરી હત.. વિભીષણ એ ભગવાન શ્રી રામ ને લક્ષમણજી,માતા સીતાજી અને ભક્ત હનુમાનજી સાથે લંકા માં ઘણા મહિનાઓ સુધી રોકી લીધા હતા.વિભીષણ ના મુખ માંથી રામનામ સ્મરણ વિસરાતું નહતું એમાં સાક્ષાત પ્રભુ લંકા માં બિરજમાન છે ભગવાન ની દિવ્ય ઉપસ્થિતિથી વિભીષણ ના આનંદ નું અનુમાન થવું અશક્ય છે.એનું મન શ્રી રામ,બુધ્ધિ શ્રી રામ સમગ્ર એનો અહેસાસ રામમય હતો,જ્યારે પણ ભગવાન અયોધ્યા પરત ફરવાની વાત કરતા એ ભેગા વિભીષણ એને કોઈના કોઈ રીતે મનાવી ને રોકી લેતા હતા.અંતે ભગવાન એ લંકા પતિ વિભીષણ ની આગળ અયોધ્યા જવાની જીદ કરી.. ભગવાનની અયોધ્યા જવાની જીદ આગળ વિભીષણ ને ઝૂકવું પડ્યું..

રામ રાવણ ના યુદ્ધ માં રાવણ ના પરાજય બાદ ભગવાન શ્રી રામ,માતા સીતાજી અને લક્ષ્મણ સાથે અયોધ્યા પધારેલ હનુમાનજી રાત દિવસ એના આરાધ્ય ના સાનિધ્ય માં રહેતા હતા.ભગવાન શ્રી રામ ની બધી જ સેવા હનુમાનજી કરતા હતા એટલે સીતા માતા ના ભાગે પતિ સેવા આવતી નહતી.પત્ની સહજ સ્વભાવ અનુસાર માતા સીતા એ એક વખત હનુમાનજી ને બોલાવી ને એની અતિ કિંમતી મૂલ્યવાન મોતીઓ નો હાર આપ્યો. માતાજી ને હતું કે મૂલ્યવાન મોતીઓ ના હાર નિહાળતા જ હનુમાનજી મોહિત થઇ જશે ને એના રસ્તે ચાલ્યા જશે પરંતુ ભક્ત અને ભગવાન માં સામ્યતા એ છે કે બન્ને એકબીજા બીજા વગર રહી શકતા નથી. હનુમાન જી એ મોતીઓ નો મૂલ્યવાન હાર હાથ માં લેતા જ એમાંથી મોતીઓ અલગ કરવા લાગ્યા ત્યારે સીતાજી એ પૂછ્યું કે બેટા,મોતીઓ અલગ કરશો તો હાર પહેરવા લાયક રહેશે નહી. હનુમાનજી એ વિનમ્રતા પૂર્વક મોતી ઓનો હાર માતાજી ને પરત આપતા કહ્યું કે માતાજી, આ મૂલ્યવાન હાર માં "રામ નામ" અંકિત નથી એટલે આ હાર મારા કામનો નથી.

શ્રી રામ ચંદ્રજી પત્ની ને શોધવા "સીતે સીતે.." ના મોટે મોટે થી નાદ કરતા વન વન માં ભટકતા હતા.ત્યાં અચાનક પ્રભુ શ્રી રામચંદ્રજીની નજર છેલ્લા શ્વાસ લઈ રહેલા જટાયુ પર પડી.ઘાયલ જટાયુ એ ભગવાન શ્રી રામ ચંદ્રજી ના દર્શન કરતાં કહ્યું કે પ્રભુ ક્ષમા કરજો રાક્ષસ રાજ સાથે ખૂબ લડ્યો હતો પરંતુ એના બળ સામે મારી રામ ભક્તિ ટૂંકી પડી એટલે રામકાજ કરવા અસમર્થ રહીયો.ભગવાન શ્રી રામચંદ્રજી એ જટાયુ ની કપાયેલી પાંખ તરફ નજર કરતા પૂછ્યું કે તારી આવી હાલત કોણે કરી? જટાયુ એ ભગવાન ને જવાબ આપતા કહ્યું કે લંકાનો રાજા રાવણ જબરદસ્તી થી માતા સીતા ને વિમાન માં બેસાડી ને લંકા પ્રયાણ કરી રહીયો હતો ત્યારે મે રાવણ ની ચુંગલ માંથી માતા સીતા ને બચાવવા અથાગ પ્રયત્ન કર્યો હતો.રાક્ષસ રાજ રાવણ એ મારી પાંખ પર પ્રહાર કર્યો ને ઘાયલ કરી દીધો. ક્ષમા કરજો ભગવાન માતા સીતા ને બચાવવા અસમર્થ રહીયો

પ્રભુ મૃત્યુ પામું એ પહેલા આપની સમક્ષ અંતિમ વાત રજૂ કરું છું કે અધમ રાવણ એની નગરી લંકા તરફ માતા સીતા ને લઈને ગયો છે..જતા જતા માતા સીતા એ એના હાથ ના કંગન કાઢી ને મારા તરફ ફેક્યા..પ્રભુ આપની અમાનત માતા સીતાજી ના કંગન આપવા માટે મે પ્રાણ ટકાવ્યા હતા બોલી મે જટાયુ એ દેહ છોડયો..

મંગલ ભવન અમંગલ હારી,
દ્રાવહું શું દશરથ અજીર બિહારી..

નાવિક કેવટ ની શંકા નું સમાધાન ભગવાન રામ એ કર્યું ત્યારે કેવટ એ આજીવન રામ શરણ સ્વીકારી ને રામમય બની ગયા હતા. જ્યારે પ્રભુ શ્રી રામચંદ્રજી એ પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ જી સાથે ચલતા ચાલતા ગંગાજી ના તીરે આવ્યા ને કેવટ ને નાવ લાવવાનું કહ્યું ત્યારે કેવટ એ નાવ લાવવાની મનાઈ કરતા કીધું હતું કે પ્રભુ,હું સમજી ગયો છું આપ કોણ છો? પહેલા આપના પગ પખારીશ એ પછી જ નાવ લાવીશ..પ્રભુ આપના સ્પર્શ માત્ર થી પથ્થરની શીલા સુંદર સ્ત્રી બની ગઈ.મને ભય છે લાકડું પથ્થરથી કઠોર તો નથી હોતું.મારી નાવ પણ મુનિ ની સ્ત્રી થઈ જશે તો અને એ રીતે મારી નાવ ઉડી જશે,હું લૂંટાઈ જઈશ અથવા માર્ગ રોકાઈ જશે તો આપ પાર નહી ઉતરી શકો અને મારી આજીવિકા મરી પરવારશે..હે મારા નાથ આ નાવથી મારા આખાય પરિવાર નું પાલન પોષણ કરું છું બીજો અન્ય ધંધો જાણતો નથી. જો ખરેખર તમે સામે કિનારે પાર ઉતરવા જ ઈચ્છતા હો તો મને પહેલા આપના ચરણ પખરવા દયો.. ચરણ પખારી ના લઉં ત્યાં સુધી હે તુલસીદાસના નાથ! હું પાર નહી ઉતારું. હે રામ! મને આપની આણ અને દશરથ ના સોગંધ છે ભલે મને લક્ષમણ જી તીર મારે પણ જ્યાં સુધી ચરણ પખારીશ નહિ ત્યાં સુધી હે તુલસીદાસ ના નાથ હે કૃપાળુ ! હું પાર નહી ઉતારું..

કવિ શ્રી દુલા કાગ ના કાવ્ય ની પંક્તિ :
પગ મને ધોવા દ્યો રઘુરાય,
મને શક પડ્યો મનમાંહ્ય...




# 'ધુરંધર 2' સામે કોઈ પડવા નથી માગતું...!

## અત્યાર સુધીમાં ત્રણ ફિલ્મોએ પોતાની રિલીઝ ડેટ બદલી, બોક્સઓફિસ પર 19 માર્ચે 'ધ વન એન્ડ ઓનલી' શૉ

(એજન્સી) મુંબઈ તા.11

રણવીર સિંહ અભિનીત મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘ધુરંધર: ધ રિવેન્જ’ 19 માર્ચે રિલીઝ થવા માટે શેડ્યૂલ છે. પહેલાં KGF સ્ટાર યશની ફિલ્મ ’ટોક્સિક’ પણ 19 માર્ચે જ રિલીઝ થવાની હતી, પરંતુ રિલીઝના 2 અઠવાડિયા પહેલાં જ મેકર્સે તેને પોસ્ટપોન કરી દીધી છે. આ પછી હવે અદિવી શેષની ફિલ્મ ‘ડકૉઈટ’ પણ પોસ્ટપોન થઈ ગઈ છે.

એક્ટર અદિવી શેષે સોશિયલ મીડિયા દ્વારા રિલીઝ ડેટ બદલવાની જાહેરાત કરી છે. તેમણે ફિલ્મનું નવું પોસ્ટર રિલીઝ કર્યું છે, જેમાં રિલીઝ ડેટ 19 માર્ચ નહીં પણ 10 એપ્રિલ લખેલી છે. આ સાથે એક્ટરે કેપ્શનમાં લખ્યું, ગોલ્ડફિશ 10 એપ્રિલે, વર્લ્ડવાઈડ સિનેમાઘરોમાં. ડકૉઈટ.

રિલીઝ ડેટ ટાળી દેવા છતાં ફિલ્મને ક્લેશમાંથી રાહત મળી નથી. હવે આ ફિલ્મનો ક્લેશ ‘ધુરંધર 2’ સાથે નહીં પણ અક્ષય કુમાર અભિનીત હોરર કોમેડી ફિલ્મ ‘ભૂત બંગલા’ સાથે થશે. ફિલ્મ ડાકૂમાં પહેલા શ્રુતિ હાસન લીડ રોલ ભજવવાના હતા, જોકે, ક્રિએટિવ ડિફરન્સને કારણે તેમણે ફિલ્મ છોડી દીધી. તેમના પ્રોજેક્ટમાંથી હટી ગયા પછી મૃણાલ ઠાકુરે તેમને રિપ્લેસ કર્યા હતા.

KGF સ્ટાર યશ અને કિયારા અડવાણીની મોસ્ટ અવેટેડ ફિલ્મ ટોક્સિક પહેલા 19 માર્ચે રિલીઝ થવાની હતી, જોકે રિલીઝના બરાબર પહેલા મેકર્સે તેને પોસ્ટપોન કરી દીધી છે. જોકે તેનું કારણ ક્લેશ જણાવવામાં આવ્યું નથી. મેકર્સનું માનીએ તો ઈઝરાયલ, અમેરિકા અને ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધને કારણે તેની રિલીઝ ટાળવામાં આવી રહી છે. મેકર્સ ઈચ્છે છે કે ફિલ્મને વર્લ્ડવાઈડ મોટા પાયે રિલીઝ કરવામાં આવે, પરંતુ જો તેને 19 માર્ચે રિલીઝ કરવામાં આવતી તો ઘણા દેશોમાં ફિલ્મ રિલીઝ થઈ શકતી નહોતી.

# કૃતિકા કામરા અને ગૌરવ કપૂરની અનોખી કંકોત્રી...

## રિસેપ્શનને બદલે 'ધ પાર્ટી, આફ્ટર' નામથી ખાસ ઉજવણી, લખ્યું- 'વહેલા આવજો, મોડે સુધી રોકાજો'...



(એજન્સી) મુંબઈ તા.11

ટીવી સિરિયલ ’કિતની મહોબ્બત હૈ’ ફેમ એક્ટ્રેસ કૃતિકા કામરા અને ટીવી હોસ્ટ-એક્ટર ગૌરવ કપૂરના લગ્નને લઈને હવે ધીમે ધીમે નવી નવી વિગતો સામે આવવા લાગી છે. બંને 11 અને 12 માર્ચે મુંબઈમાં લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યા છે.

લગ્ન પહેલા તેમનું વેડિંગ ઈનવાઈટ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગયું છે, કારણ કે તેની શૈલી પરંપરાગત લગ્ન નિમંત્રણથી બિલકુલ અલગ અને ખૂબ જ મજેદાર છે.

કૃતિકા અને ગૌરવે તેમના લગ્નને ખૂબ ભવ્ય બનાવવાને બદલે તેને નજીકના મિત્રો અને પરિવાર વચ્ચે ખાનગી રીતે ઉજવવાનો નિર્ણય કર્યો છે. જોકે સમારોહ ખાનગી હશે, પરંતુ તેમાં ફિલ્મ અને રમત જગત સાથે જોડાયેલા ઘણા જાણીતા ચહેરાઓ સામેલ થઈ શકે છે.

આ લગ્નની સૌથી ખાસ વાત તેમનું અનોખું વેડિંગ ઈનવાઈટ છે. સામાન્ય રીતે લગ્નોમાં રિસેપ્શન કે કોકટેલ પાર્ટીનું આયોજન થાય છે, પરંતુ કૃતિકા અને ગૌરવે તેની જગ્યાએ ’ધ પાર્ટી, આફ્ટર’ નામે એક ખાસ લેટ-ઈવનિંગ સેલિબ્રેશન રાખ્યું છે. આ પાર્ટી ખરેખર એક પ્રકારની આફ્ટર-પાર્ટી હશે, જ્યાં મહેમાનો ઔપચારિકતાથી દૂર રહીને આરામથી બેસીને સંગીત, વાતચીત અને ઉત્સવનો આનંદ માણી શકશે. ઈનવાઈટમાં મહેમાનોને વહેલા આવવા, આરામથી બેસવા અને રાતભર ખૂલીને આનંદ માણવા આમંત્રણ આપવામાં આવ્યું છે. ત્યારબાદ તેણે ફિલ્મો અને વેબસિરીઝની દુનિયામાં પગ મૂક્યો અને તેમાં પણ છવાઈ ગઈ.

### જેઝ નાઈટ -સ્પીકઈઝી બાર જેવું હશે વાતાવરણ

માહિતી અનુસાર, આ ખાસ પાર્ટી સાઉથ મુંબઈના એક પ્રાઈવેટ વેન્યુ પર આયોજિત કરવામાં આવશે. અહીંનું વાતાવરણ જેઝ નાઈટ અને સ્પીકઈઝી બારથી પ્રેરિત રાખવામાં આવ્યું છે. એનો અર્થ એ છે કે, પાર્ટીમાં હળવું સંગીત, ક્લાસી ડેકોર અને એક રિલેક્સ્ડ વાતાવરણ જોવા મળશે.

ઈનવાઈટની ડિઝાઈન પણ ઘણી ખાસ છે. એમાં મોનોક્રોમ થીમનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે તેને એલિગન્ટ અને સ્ટાઈલિશ લુક આપે છે. સાથે જ એમાં હળવો અને મજેદાર ટેક્સ્ટ રાખવામાં આવ્યો છે, જેનાથી સ્પષ્ટપણે ખબર પડે છે કે આ કપલ પોતાના લગ્નને ઔપચારિક ઓછું અને યાદગાર વધુ બનાવવા માંગે છે.

કૃતિકાએ ઈન્સ્ટાગ્રામ પર ગૌરવ સાથે ઘણી તસવીરો શેર કરી હતી. આ તસવીરોમાં કૃતિકા અને ગૌરવ રેસ્ટોરન્ટમાં બેઠેલા જોવા મળી રહ્યા હતાં. કૃતિકાએ તસવીરોના કેપ્શનમાં લખ્યું- ’બ્રેકફાસ્ટ વિથ.’

# પ્રિયદર્શને રાજપાલને ઓછો ભણેલો કહ્યો

## હવે સ્પષ્ટતામાં આપી, 'નીચો દેખાડવા નહોતો માંગતો'; એક્ટરનો જવાબ- 'શિક્ષિત છું એટલે જ ટકી શક્યો છું'

(એજન્સી) મુંબઈ તા.11

ડિરેક્ટર પ્રિયદર્શને પોતાના તે નિવેદન પર સ્પષ્ટતા કરી છે, જેમાં તેમણે રાજપાલ યાદવને ઓછો ભણેલો કહ્યો હતો. ડિરેક્ટરનું કહેવું છે કે તેના નિવેદનનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો હતો, તે અભિનેતાને નીચો દેખાડવા માંગતા ન હતા. પ્રિયદર્શને ત્યારે સ્પષ્ટતા કરી, જ્યારે રાજપાલ યાદવે તેના નિવેદન પર સ્પષ્ટ કર્યું કે તે ભણેલા-ગણેલા છે.

પ્રિયદર્શને તાજેતરમાં હિન્દુસ્તાન ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે- ‘મારો તે મતલબ નહોતો.

જુઓ, શિક્ષણ ફક્ત પુસ્તકોમાંથી જ નથી મળતું, પરંતુ રસ્તા પરથી પણ ઘણું શીખવા મળે છે. મારો મતલબ ફક્ત એટલો હતો કે (સ્ટ્રીટ સ્માર્ટનેસ), કારણ કે શિક્ષણનો અર્થ જાગૃતિ પણ થાય છે. હું બસ આ જ કહેવા માંગતો હતો.’



આગળ તેણે કહ્યું- ‘કદાચ તે ગામડામાંથી આવે છે અને ગામડાના લોકો ખૂબ ભોળા હોય છે, તે સમજી શકતા નથી, તમારે સાચા અને ખોટા લોકો વચ્ચે ફરક કરતા આવડવું જોઈએ. વ્યાપક અર્થમાં તે જ શિક્ષણ છે.’

વાતચીતમાં પ્રિયદર્શને એ પણ કહ્યું કે- હેતુ કોઈપણ રીતે રાજપાલને નીચો બતાવવાનો નહોતો. તેણે કહ્યું, ‘મારો એવો કોઈ મતલબ નહોતો. હું તેમને અપમાનિત કરવા માંગતો નહોતો. મેં આવું એટલા માટે કહ્યું કારણ કે મેં મારા જીવનમાં રાજપાલ જેવો આટલો ભોળો વ્યક્તિ ક્યારેય જોયો નથી, વ્યાપક અર્થમાં શિક્ષણના અભાવથી જ આ માસૂમિયત આવે છે.’

થોડા સમય પહેલા જ ચેક બાઉન્સ કેસમાં રાજપાલ યાદવને જેલ જવું પડ્યું હતું. આ જ સમયે પ્રિયદર્શને મિડ ડેને આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું, ’હું રાજપાલ વિશે જાણું છું, તેથી હું તેમને મારી દરેક ફિલ્મમાં કાસ્ટ કરતો હતો. મેં તો તેમને કહ્યું કે તે એડ ફિલ્મો પણ કરે. આ બિચારા માણસે ઓછું ભણેલા હોવાને કારણે ભૂલ કરી. નહીં તો તે સારો માણસ છે.’

પ્રિયદર્શનનું આ નિવેદન સામે આવ્યા બાદ રાજપાલ યાદવે ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું, પ્રિયન જી (પ્રિયદર્શન) મને ઓળખતા નથી. હું ભણેલો છું. મેં 11 વર્ષની ઉંમરથી 55 વર્ષની ઉંમર સુધી કામ કર્યું. મોટા-મોટા દિગ્ગજો પણ મુશ્કેલીઓમાં ફસાઈ જાય છે. જો હું ઓછો ભણેલો હોત તો ઈન્ડસ્ટ્રીમાં 25-30 વર્ષ સુધી ટકી ન શકત.’



# યશની 'ટોક્સિક' સામે વરુણ ધવન નમ્યો! : 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'ની રિલીઝ ફરી પાછળ ઠેલવી...

બોલિવૂડ એક્ટર વરુણ ધવનની આગામી ફિલ્મ ‘હૈ જવાની તો ઈશ્ક હોના હૈ’ની રિલીઝ ડેટ ફરી એકવાર બદલવામાં આવી છે. પહેલા આ ફિલ્મ 5 જૂન 2026ના રોજ સિનેમાઘરોમાં આવવાની હતી, પરંતુ હવે તેને એક અઠવાડિયું આગળ વધારીને 12 જૂન 2026ના રોજ રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મેકર્સે આ પગલું બોક્સ ઓફિસ પર ’KGF’ સ્ટાર યશની ફિલ્મ ‘ટોક્સિક’ સાથે સંભવિત ટક્કર ટાળવા માટે ભર્યું છે. વાસ્તવમાં, રણવીર સિંહની બ્લોકબસ્ટર ફિલ્મ ’ધુરંધર’ના બીજા ભાગ ’ધુરંધરઃ ધ રિવેન્જ’ સાથેની ટક્કર ટાળવા સાઉથ સ્ટાર યશની પાન-ઈન્ડિયા ફિલ્મ ‘ટોક્સિક’ હવે 4 જૂન 2026ના રોજ રિલીઝ થવા જઈ રહી છે. આવી સ્થિતિમાં, વરુણ ધવનની ફિલ્મનું 5 જૂને આવવું સીધો ક્લેશ ઊભો કરી રહ્યું હતું. આને ધ્યાનમાં રાખીને, ફિલ્મના નિર્માતા રમેશ તૌરાની અને તેમની ટીમે રિલીઝ ડેટ બદલવાનો નિર્ણય લીધો.

ફિલ્મના નિર્માતાઓ દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે, ’‘હૈ જવાની તો ઈશ્ક હોના હૈ’ની રિલીઝ ડેટ ઘણા મહિનાઓ પહેલા 5 જૂન નક્કી કરવામાં આવી હતી.

જોકે, તાજેતરના વિકાસ અને ઈન્ડસ્ટ્રીના માહોલને જોતા અમને લાગ્યું કે રિલીઝ ડેટ આગળ વધારવી વધુ સારી રહેશે.’ નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે, ’ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે હંમેશા સારું હોય છે, જ્યારે ફિલ્મ નિર્માતાઓ એકબીજાને ટેકો આપે, ન કે એક જ દિવસે ફિલ્મો રિલીઝ કરીને બિનજરૂરી સ્પર્ધા ઊભી કરે.

આ જ વિચાર સાથે ફિલ્મને એક અઠવાડિયું આગળ ખસેડવામાં આવી.’ જોકે નિવેદનમાં ‘ટોક્સિક’નું નામ સીધું લેવામાં આવ્યું ન હતું.

# કંગનાની નવી ફિલ્મ મુંબઈની હોસ્પિટલમાં આતંકી એટેક પર હશે



મુંબઈ : કંગના રણૌતની આગામી ફિલ્મ ૨૬/૧૧ના મુંબઈ એટેક વખતે કામા હોસ્પિટલ પર થયેલા આતંકવાદી હુમલા આધારિત હશે એમ જાણવા મળ્યું છે.

કંગનાની આ ફિલ્મના હાલ ’ભારત ભાગ્ય વિધાતા’ એવું કામચલાઉ ટાઈટલ અપાયું છે. આ ફિલ્મમાં જાણીતી મરાઠી એક્ટ્રેસ ગિરીજા ઓક પણ મહત્વની ભૂમિકામાં હશે એમ કહેવાય છે. ઉલ્લેખનીય છે કે મુંબઈની કામા હોસ્પિટલ પર અજમલ કસાબ સહિતના ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. ત્યારે હોસ્પિટલના તબીબો તથા સમગ્ર સ્ટાફ આ આતંકી હુમલા સામે ઝઝૂમ્યા હતા અને તેમણે સંખ્યાબંધ દર્દીઓને બચાવી લીધા હતા. આ જ ઘટના પર અગાઉ ’મુંબઈ ડાયરીઝ’ વેબ સીરિઝ આવી ચૂકી છે. તેમાં કોંકણા સેન શર્મા તથા મોહિત રૈના સહિતના કલાકારોએ ભૂમિકા ભજવી હતી.

# લક્ષ્ય લાલવાણીએ પણ કંટાળીને દોસ્તાના ટુ છોડી દીધી

## કરણ જોહરના પ્રોજેક્ટમાં ભારે વિલંબ : વિક્રાંત મેસ્સી હજુ યથાવત, સિની શેટ્ટી આ ફિલ્મથી ડેબ્યૂ કરશે તેવી ચર્ચા હતી

મુંબઈ : કરણ જોહરની ’દોસ્તાના ટુ’ શરુ થવામાં વિલંબથી કંટાળીને આખરે લક્ષ્ય લાલવાણીએ પણ આ ફિલ્મ છોડી દીધી હોવાનું કહેવાય છે. શરુઆતમાં આ ફિલ્મ માટે કાર્તિક આર્યન અને લક્ષ્ય લાલવાણી સાથે જાહ્નવી કપૂરની કાસ્ટ નક્કી થઈ હતી. ફિલ્મનું કેટલુંક શૂટિંગ પણ કરી દેવામાં આવ્યું હતું. પરંતુ, જાહ્નવી અને કાર્તિક વચ્ચે અણબનાવ થતાં કરણ જોહરે કાર્તિક પર અનપ્રોફેશનલ બિહેવિયરનો આક્ષેપ કરી તેને ફિલ્મમાંથી હાંકી કાઢ્યો હતો. તેના કારણે ફિલ્મ અટકી ગઈ હતી.

વર્ષો બાદ કરણે આ પ્રોજેક્ટ લક્ષ્ય ઉપરાંત વિક્રાંત મેસ્સી સાથે શરુ કર્યો હતો. મિસ ઈન્ડિયા વર્લ્ડથી જાણીતી સિની શેટ્ટી આ ફિલ્મથી ડેબ્યૂ કરશે તેવી ચર્ચા હતી. જોકે, હવે લક્ષ્ય લાલવાણીએ ફિલ્મ છોડી દેતાં આ પ્રોજેક્ટ ફરી અટકી પડયો છે. જોકે, આ સમગ્ર ઘટનાક્રમ અંગે હજુ સુધી કરણ જોહરે કોઈ સ્પષ્ટતા કરી નથી.

# કિયારા પછી અનીત : મધુબાલાની બાયોપિક માટે રોજ નવાં નામની ચર્ચા : હિરોઈનોની પીઆર ટીમ અફવા ઉડાડે છે

મુંબઈ : મધુબાલાની બાયોપિકમાં મુખ્ય ભૂમિકા કોણ ભજવશે તે અંગે રોજેરોજ નવાં નામોની ચર્ચા થઈ રહી છે. અગાઉ મનાતું હતું કે કિયારા અડવાણી આ રોલ કરવાની છે. તે પછી અનીત પડ્ડાને આ ફિલ્મ મળી હોવાની વાત વહેતી થઈ હતી. જોકે,તે પછી અનીત પડ્ડા પણ આ ફિલ્મ માટે હોડમાં નહિ હોવાની સ્પષ્ટતા કરવામાં આવી છે.

બોલીવૂડ સૂત્રોના જણાવ્યા અનુસાર હિરોઈનોની પીઆર ટીમ હિરોઈનનું નામ ચર્ચામાં રહે તે માટે કોઈને કોઈ પ્રોજેક્ટ માટે તેનું નામ ચલાવ્યા કરતી હોય છે.

ક્યારેક કોઈ પ્રોજેક્ટ માટે વાતચીત ચાલતી હોય ત્યારે પ્રાઈઝ સહિતની બાબતોમાં હાર્ડ બાર્ગેઈનિંગ કરવા માટે આ હિરોઈન પાસે તો અત્યારે બીજી મોટી ફિલ્મની પણ ઓફર છે તેવી વાત વહેતી મૂકાય છે. આ પહેલાં પણ કિયારા અડવાણીએ ’શક્તિ શાલિની’ ફિલ્મ છોડી દીધા બાદ તેની જગ્યાએ અનીત પડ્ડા કામ કરવાની છે તેવી વીતો વહેતી થઈ હતી.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ઈન્ડિયન વેલ્સ ઓપન: સિનર, ઝવેરેવ અને સબાલેન્કાની આગેકૂચ



(એજન્સી) કેલિફોર્નિયા । તા.11

અમેરિકાના કેલિફોર્નિયામાં રમાઈ રહેલી પ્રતિષ્ઠિત ઈન્ડિયન વેલ્સ ઓપનમાં વિશ્વના ટોચના ટેનિસ ખેલાડીઓએ પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. જર્મનીના એલેક્ઝાન્ડર ઝવેરેવ, ઈટાલીના જાનિક સિનર અને બેલારુસની આર્યના સબાલેન્કાએ પોતપોતાની મેચો જીતીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. રમત પ્રેમીઓ માટે આ ટૂર્નામેન્ટ હવે તેના સૌથી રોમાંચક તબક્કામાં પહોંચી ગઈ છે.

વર્લ્ડ નંબર ૨ જાનિક સિનરે બ્રાઝિલના જોઆઓ ફોન્સેકા સામે ૭-૬, ૭-૬ થી સંઘર્ષપૂર્ણ જીત મેળવી હતી. સિનરે ૨૦૨૪ થી અત્યાર સુધી રમાયેલી ૧૨ માસ્ટર્સ ૧૦૦૦ ટૂર્નામેન્ટમાંથી ૧૧ માં ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવાનો અનોખો રેકોર્ડ બનાવ્યો છે. બીજી તરફ, જર્મન સ્ટાર એલેક્ઝાન્ડર ઝવેરેવે અમેરિકાના ફ્રાન્સિસ ટિયાફોને ૬-૩, ૬-૪ થી હરાવીને અંતિમ આઠમાં સ્થાન પાક્કું કર્યું છે. હવે ઝવેરેવનો સામનો ફ્રાન્સના આર્થર ફિલ્સ સામે થશે. મહિલા વર્ગમાં વિશ્વની પ્રથમ ક્રમાંકિત ખેલાડી આર્યના સબાલેન્કાએ જાપાનની નાઓમી ઓસાકાને સીધા સેટમાં ૬-૨, ૬-૪ થી હરાવીને પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું હતું.

## ઈન્ડિયન વેલ્સ આયોજકોની મોટી ભૂલ: વિનસ વિલિયમ્સની જોડી બહાર



કેલિફોર્નિયા: ઈન્ડિયન વેલ્સ ટેનિસ ટૂર્નામેન્ટના આયોજકોએ એક મોટી વહીવટી ભૂલ બદલ ટેનિસ સ્ટાર વિનસ વિલિયમ્સ અને તેની જોડીદાર લેલાહ ફર્નાન્ડીઝની સત્તાવાર માફી માંગી છે. એક ક્લેરિકલ ભૂલને કારણે આ વાઈલ્ડકાર્ડ જોડીનું નામ મહિલા ડબલ્સના ડ્રોમાં સામેલ થઈ શક્યું નથી, જેના કારણે આ જોડીને ટૂર્નામેન્ટમાંથી બહાર રહેવાની ફરજ પડી છે. ટેનિસ ફેન્સ માટે આ સમાચાર અત્યંત નિરાશાજનક છે કારણ કે તેઓ આ અનુભવી અને યુવા જોડીને સાથે રમતા જોવા આતુર હતા. આયોજકોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "અમે ડ્રો પહેલા આ જોડીની વાઈલ્ડકાર્ડ એન્ટ્રીને પ્રમાણિત કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

## ચેમ્પિયન્સ લીગ ટોટનહામ પરાજય: ગોલકીપરનું શરમજનક ડેબ્યૂ

મેડ્રિડ | ફૂટબોલ જગતની સૌથી પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ ચેમ્પિયન્સ લીગમાં ટોટનહામ હોટસ્પર માટે મંગળવારની રાત અત્યંત અપમાનજનક સાબિત થઈ હતી. એટ્લેટિકો મેડ્રિડ સામેની રાઉન્ડ-ઓફ-૧૬ ની મેચમાં ૨૨ વર્ષીય યુવા ચેક ગોલકીપર એન્ટોનિન કિન્સ્કીનું ડેબ્યૂ કોઈ દુઃસ્વપ્નથી ઓછું નહોતું. કિન્સ્કીએ શરૂઆતની માત્ર ૧૭ મિનિટમાં ત્રણ ગોલ ગુમાવ્યા હતા, જેના કારણે વચગાળાના મેનેજર ઈગોર ટ્યુડરે તેને તાત્કાલિક મેદાનની બહાર બોલાવી લેવો પડ્યો હતો. અંતે ટોટનહામનો ૨-૫ થી પરાજય થયો હતો.

મેચની છઠ્ઠી મિનિટમાં જ કિન્સ્કીએ બોલ ક્લિયર કરવામાં મોટી ભૂલ કરી હતી, જેનો લાભ લઈને એટ્લેટિકોના માર્કોસ લોરેન્ટેએ પ્રથમ ગોલ ફટકાર્યો હતો. ત્યારબાદ એન્ટોઈન ગ્રીઝમેને સ્કોર ૨-૦ કર્યો અને ૧૫મી મિનિટે કિન્સ્કીએ ફરી એકવાર ખોટો પાસ આપતા જુલિયન અલ્વારેઝે ખાલી નેટમાં ગોલ કરી દીધો હતો. ૧૫ મિનિટમાં ૩-૦ થી પાછળ રહ્યા બાદ કિન્સ્કી મેદાન પર જ મોઢું છુપાવીને બેસી ગયો હતો. તેની આ સ્થિતિ જોઈને મેનેજરે મુખ્ય ગોલકીપર વિકારિયોને મેદાનમાં ઉતાર્યો હતો.



# આઈપીએલ : વિરાટ કોહલી તૈયાર મેદાન ગજવવા સજ્જ



(એજન્સી) બેંગ્લોર । તા.11

ક્રિકેટના સૌથી લોકપ્રિય મહાકુંભ આઈપીએલની ૧૯મી સીઝનનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ૨૮ માર્ચથી શરૂ થનારી આ ટૂર્નામેન્ટ પહેલા જ ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) એ સોશિયલ મીડિયા પર એક ખાસ વીડિયો શેર કરીને ક્રિકેટ જગતમાં સનસનાટી મચાવી દીધી છે. આ વીડિયોમાં ટીમના સ્ટાર બેટર વિરાટ કોહલીની તૈયારીઓની ઝલક જોવા મળી રહી છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે 'કિંગ કોહલી' આગામી સીઝનમાં પણ બોલરો પર આક્રમણ કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. જ્યારે પણ 'રન મશીન' શબ્દનો પ્રયોગ થાય છે, ત્યારે ચાહકોની નજર સીધી વિરાટ કોહલી પર જ ઠરે છે. ૨૦૦૮થી આરસીબી સાથે જોડાયેલા કોહલી આજે પણ ટીમની બેટિંગ લાઈનઅપની કરોડરજ્જુ ગણાય છે. આઈપીએલના ઈતિહાસમાં ૨૬૭ મેચ રમીને ૮,૬૬૧ રન બનાવનાર કોહલીના નામે ૮ સદી અને ૬૩ અડધી સદી બોલે છે. સોશિયલ મીડિયા પર આરસીબીએ લખ્યું છે કે, "રન મશીન સંપૂર્ણ રીતે તૈયાર છે, ચાલો આઈપીએલ ૨૦૨૬ શરૂ કરીએ."

ક્રિકેટના આંકડાઓ સાક્ષી છે કે ૨૦૧૬ની સીઝન વિરાટ માટે સુવર્ણ વર્ષ સાબિત થઈ હતી. માત્ર ૧૬ મેચમાં ૯૭૩ રન બનાવીને તેણે એક એવો રેકોર્ડ સ્થાપ્યો હતો જે આજે પણ કોઈ તોડી શક્યું નથી. તે સીઝનમાં તેણે ૪ સદી ફટકારી હતી. અત્યાર સુધીમાં ૭૭૧ ચોગ્ગા અને ૨૯૧ છગ્ગા ફટકારનાર કોહલી ફરી એકવાર એ જ રૌદ્ર સ્વરૂપ ધારણ કરવા સજ્જ દેખાઈ રહ્યો છે.

### ચાહકોમાં ભારે ક્રેઝ

મીડિયા અહેવાલ મુજબ, આ વીડિયો પોસ્ટ થયાની થોડી જ મિનિટોમાં લાખો લોકોએ તેને લાઈક અને શેર કર્યો છે. આરસીબીના ફેન્સ આ વખતે પણ 'ઈ સાલા કપ નમદૂ' ના નારા સાથે સ્ટેડિયમમાં કિંગનું સ્વાગત કરવા ઉત્સુક છે. ૨૦૨૬ની આ સીઝન વિરાટ માટે અનેક વ્યક્તિગત માઈલસ્ટોન સર કરવા માટેની સુવર્ણ તક લઈને આવી રહી છે.

## શિવમ દુબે ટ્રેન મુસાફરી ઓળખ છુપાવીને અમદાવાદથી મુંબઈ પહોંચ્યો



(એજન્સી) અમદાવાદ । તા.11

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતની ઐતિહાસિક જીતના પડઘા હજુ આખા દેશમાં સંભળાઈ રહ્યા છે. વિશ્વવિજેતા ટીમનો દરેક ખેલાડી અત્યારે કરોડો ભારતીયોનો લાડકો બન્યો છે, પરંતુ આ જીતના શિલ્પીઓ પૈકીના એક એવા ઓલરાઉન્ડર શિવમ દુબેની ઘરવાપસીની કહાની કોઈ રોમાંચક ફિલ્મથી કમ નથી. અમદાવાદમાં વિજયી જશ્ન બાદ મુંબઈ જવા માટે ફ્લાઈટની ટિકિટ ન મળતા, આ સ્ટાર ખેલાડીએ મોડી રાત્રે ટ્રેનમાં મુસાફરી કરવાનો સાહસિક નિર્ણય લીધો હતો. પોતાની સેલિબ્રિટી ઈમેજ અને સુરક્ષાની પરવા કર્યા વગર શિવમ દુબે છૂપી રીતે ટ્રેનના થર્ડ-એસી કોચમાં મુસાફરી કરીને મુંબઈ પહોંચતા સોશિયલ મીડિયા પર તેની સાદગીની ચર્ચાઓ તેજ થઈ છે.

ફાઈનલમાં માત્ર ૮ બોલમાં ૨૫ રનની આક્રમક ઈનિંગ રમીને ભારતને જીત અપાવનાર શિવમ દુબે અમદાવાદથી વહેલી તકે મુંબઈ પહોંચવા માંગતો હતો. ફ્લાઈટમાં ટિકિટ ન મળવાને કારણે તેણે રેલવેનો સહારો લીધો હતો. પોતાની ઓળખ છુપાવવા માટે દુબેએ મોઢા પર માસ્ક અને માથા પર ટોપી પહેરી હતી જેથી કોઈ મુસાફર તેને ઓળખી ન શકે. મીડિયા અહેવાલ મુજબ, ભીડથી બચવા માટે તે ટ્રેન ઉપડવાની માત્ર ૫ મિનિટ પહેલા જ પ્લેટફોર્મ પર પહોંચ્યો હતો અને સીધો પોતાની અપર બર્થ પર જઈને સૂઈ ગયો હતો. આખા રસ્તે કોઈને ગંધ પણ ન આવી કે ભારતને વર્લ્ડ કપ જીતાડનાર હીરો તેમની બાજુમાં જ મુસાફરી કરી રહ્યો છે.

મુસાફરી દરમિયાન જ્યારે ટિકિટ ચેકર (TTE) ચાર્ટ ચેક કરવા આવ્યા ત્યારે એક ક્ષણ માટે શિવમ દુબેની ઓળખ જાહેર થઈ જવાની બીક હતી. જ્યારે ટીટીઈએ નામ વાંચીને શંકા વ્યક્ત કરી કે "શું તમે ક્રિકેટર શિવમ દુબે છો?", ત્યારે તેની સાથે મુસાફરી કરી રહેલી પત્ની અંજુમે સમયસૂચકતા વાપરીને ઓળખ આપવાની ના પાડી દીધી હતી. અંજુમે ખૂબ જ કુશળતાથી વાત વાળી લીધી અને ટીટીઈને વિશ્વાસ અપાવ્યો કે તેઓ સામાન્ય મુસાફરો છે. આમ, એક મોટી સેલિબ્રિટી હોવા છતાં દુબે આખી રાત સામાન્ય નાગરિકની જેમ ટ્રેનમાં સૂતા-સૂતા મુંબઈની મુસાફરી પૂરી કરવામાં સફળ રહ્યો હતો. શિવમ દુબેની આ મુસાફરી પાછળનું મુખ્ય કારણ તેના બાળકો પ્રત્યેનો અપાર પ્રેમ હતો. લાંબા સમય સુધી વર્લ્ડ કપ માટે ઘરથી દૂર રહ્યા બાદ તે પોતાના સંતાનોને મળવા માટે એટલો બેચેન હતો કે તે ફ્લાઈટ માટે બીજા દિવસની રાહ જોવા માંગતો ન હતો. તેણે જણાવ્યું કે, "એક ખેલાડી તરીકે મેં મારું કામ પૂરું કર્યું છે, પણ હવે મારે મારા પરિવાર પાસે પહોંચવું હતું." ફેમિલી માટે સ્ટારડમ બાજુ પર મૂકીને કરેલી આ મુસાફરીએ સાબિત કરી દીધું કે મેદાન પરના આક્રમક ખેલાડીના દિલમાં પણ એક નરમ પિતા અને પતિ છુપાયેલો છે.

# એશિયન ચેમ્પિયનશિપ કુસ્તી ટ્રાયલ્સ હવે 17 માર્ચે યોજાશે

(એજન્સી) કોલકાતા/નવી દિલ્હી । તા.11

ભારતીય કુસ્તી જગત માટે આગામી સપ્તાહ અત્યંત નિર્ણાયક સાબિત થવાનું છે. આગામી એશિયન ચેમ્પિયનશિપ માટે ભારતીય ટીમની પસંદગી કરવા માટેની ટ્રાયલ્સ હવે ૧૭ માર્ચ ૨૦ spark ૨૬ના રોજ દિલ્હી અને લખનૌ ખાતે યોજાશે. અગાઉ આ ટ્રાયલ્સ ૯ અને ૧૦ માર્ચે યોજાવાની હતી, પરંતુ પશ્ચિમ એશિયામાં સર્જાયેલી ભયાનક યુદ્ધની સ્થિતિ અને તેના કારણે ખોરવાયેલા હવાઈ વ્યવહારને લીધે ભારતીય કુસ્તીબાજો વિદેશમાં ફસાઈ જતાં તંત્રએ આ મોટો નિર્ણય લેવો પડ્યો છે. આ ટ્રાયલ્સમાં પેરિસ ઓલિમ્પિકના બ્રોન્ઝ મેડલિસ્ટ અમન સેહરાવત અને વર્લ્ડ ચેમ્પિયનશિપની મેડલિસ્ટ અંતિમ પંઘાલ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહેશે.





ભારતીય કુસ્તી ટીમ અલ્બેનિયામાં આયોજિત બીજી રેન્કિંગ સિરીઝમાં ભાગ લેવા ગઈ હતી. જોકે, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે પશ્ચિમ એશિયાના એરસ્પેસ બંધ કરી દેવામાં આવ્યા હતા, જેને લીધે ફ્લાઈટ્સ રદ થતા ભારતીય પહેલવાનો અલ્બેનિયામાં જ અટવાઈ પડ્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ખેલાડીઓના વિલંબિત આગમનને કારણે તેમની તૈયારીઓ પર અસર ન પડે તે હેતુથી કુસ્તી સંઘે ટ્રાયલ્સને એક સપ્તાહ પાછળ ઠેલવાનો નિર્ણય કર્યો છે. આ આકસ્મિક સંજોગોએ ખેલાડીઓની માનસિક અને શારીરિક ક્ષમતાની કસોટી કરી છે.

ટ્રાયલ્સ માટે જાહેર કરવામાં આવેલી યાદીમાં અમન સેહરાવતનું નામ ૬૧ કિગ્રા અને અંતિમ પંઘાલનું નામ ૫૫ કિગ્રા શ્રેણીમાં દર્શાવવામાં આવ્યું હતું, જેનાથી ખેલાડીઓ અને ચાહકોમાં મૂંઝવણ ઉભી થઈ હતી. જોકે, કોચ વિનોદ કુમારે સ્પષ્ટતા કરી છે કે અમન સેહરાવત પોતાની મૂળ ૫૭ કિગ્રા કેટેગરીમાં જ ભાગ લેશે. તે જ પ્રમાણે, મહિલા હેડ કોચ વિરેન્દ્ર દહિયાએ પણ પુષ્ટિ કરી છે કે અંતિમ પંઘાલ ૫૩ કિગ્રા વજન શ્રેણીમાં જ મેદાનમાં ઉતરશે. ડિસેમ્બરમાં અમદાવાદ ખાતે યોજાયેલી નેશનલ ચેમ્પિયનશિપમાં અમન ૬૧ કિગ્રામાં રમ્યો હોવાથી ટેકનિકલ કારણોસર તેનું નામ આ યાદીમાં ઉપર દેખાતું હતું, પરંતુ હવે સ્થિતિ સ્પષ્ટ કરી દેવામાં આવી છે. આગામી ટ્રાયલ્સમાં ખેલાડીઓને રાહત આપવા માટે વજનમાં છૂટછાટની જાહેરાત કરવામાં આવી છે.



## એલિયુડ કિપચોગે કેપ ટાઉન મેરેથોન: આફ્રિકાની ધરતી પર પ્રથમ જંગ

(એજન્સી) કેપ ટાઉન। તા.11

વિશ્વના સર્વશ્રેષ્ઠ લાંબા અંતરના દોડવીર અને ડબલ ઓલિમ્પિક ચેમ્પિયન એલિયુડ કિપચોગેએ રમત જગત માટે એક મોટી જાહેરાત કરી છે. ૪૧ વર્ષીય કેન્યાના આ દિગ્ગજ રનર આગામી ૨૪ મેના રોજ સાઉથ આફ્રિકાના કેપ ટાઉન ખાતે યોજાનારી મેરેથોનમાં ભાગ લેશે. નોંધનીય છે કે, કિપચોગેની શાનદાર કારકિર્દીમાં આ પ્રથમ મેરેથોન હશે જે તેઓ આફ્રિકા ખંડની ધરતી પર દોડશે. આ રેસ સાથે જ તેઓ આગામી બે વર્ષમાં વિશ્વના તમામ સાતેય ખંડોમાં મેરેથોન પૂર્ણ કરવાના તેમના 'વર્લ્ડ ટૂર' મિશનનો પ્રારંભ કરશે.

પોતાના આ નિર્ણય અંગે ભાવુક થતા કિપચોગેએ જણાવ્યું હતું કે, "આફ્રિકા એ જગ્યા છે જ્યાંથી રનર તરીકેની મારી સફર શરૂ થઈ હતી અને મારી સફળતાનો પાયો અહીં જ નંખાયો છે. કેપ ટાઉનથી આ વર્લ્ડ ટૂરની શરૂઆત કરવી મારા માટે ખૂબ જ ખાસ છે. આ દોડ આફ્રિકન રનિંગની તાકાતની ઉજવણી કરવા અને આવનારી પેઢીને પ્રેરણા આપવા માટે છે." સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આફ્રિકા ખંડ પર તેમની આ પ્રથમ સત્તાવાર મેરેથોન હોવાથી સમગ્ર વિશ્વના એથ્લેટિક્સ પ્રેમીઓની નજર આ ઈવેન્ટ પર રહેશે.

### કેપ ટાઉન મેરેથોન માટે ગોલ્ડન તક

કેપ ટાઉન મેરેથોન અત્યારે 'એબોટ વર્લ્ડ મેરેથોન મેજર્સ' સ્ટેટસ મેળવવા માટેની ઉમેદવાર રેસ છે. જો ૨૦૨૬માં આ ઈવેન્ટ સફળ રહેશે, તો તે લંડન, ન્યૂયોર્ક અને ટોક્યો જેવી વિશ્વની પ્રતિષ્ઠિત મેરેથોન શ્રેણીમાં સામેલ થઈ જશે. કિપચોગેની ભાગીદારી આ રેસના સ્તરને વૈશ્વિક ફલક પર લઈ જશે, જેનાથી આફ્રિકામાં રમતગમત અને પ્રવાસન ક્ષેત્રે મોટો ઉછાળો આવવાની શક્યતા છે.

### નવા પડકારો અને વિઝન

કિપચોગે હવે માત્ર રેસ જીતવા માટે જ નહીં, પરંતુ રમતગમતના માધ્યમથી વિશ્વને જોડવાના વિઝન સાથે આગળ વધી રહ્યા છે. ૪૧ વર્ષની ઉંમરે પણ સાત ખંડોમાં દોડવાનો તેમનો જુસ્સો યુવા રનર્સ માટે માર્ગદર્શક બની રહેશે. રમત વિશ્લેષકોનું માનવું છે કે કિપચોગેની હાજરીથી કેપ ટાઉન મેરેથોનનો ઈતિહાસ બદલાઈ જશે અને તે વિશ્વના નકશા પર એક મુખ્ય રનિંગ ડેસ્ટિનેશન તરીકે ઉભરી આવશે.

## જસપ્રીત બુમરાહ સ્લોઅર બોલ દાવો: 'બુમરાહે મારી પાસે કળા શીખી'



(એજન્સી) દુબઈ । તા.11

ભારતીય ટીમના સ્પીડ સ્ટાર જસપ્રીત બુમરાહના યોર્કર અને સ્લોઅર બોલ સામે વિશ્વના દિગ્ગજ બેટ્સમેનો પણ ઘૂંટણ ટેકી દે છે. જોકે, અત્યારે પાકિસ્તાની મૂળના અને યુએઈ (UAE) તરફથી રમતા ફાસ્ટ બોલર ઝહૂર ખાને એક એવો દાવો કર્યો છે જેનાથી ક્રિકેટ જગતમાં ભારે ચર્ચા જાગી છે. ઝહૂરનું કહેવું છે કે બુમરાહ જે અત્યાધુનિક સ્લોઅર બોલ ફેંકે છે, તેની ખાસ ગ્રીપ અને ટેકનિક તેણે મારી પાસેથી શીખી હતી.

### શેન વૉર્ન પણ આશ્ચર્યચકિત થયા હતા

ઝહૂર ખાને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે આ ઘટના યુએઈમાં રમાયેલી આઈપીએલ દરમિયાનની છે. પ્રેક્ટિસ સેશન દરમિયાન જ્યારે તેણે એક જ એક્શનમાં અત્યંત ધીમો બોલ ફેંક્યો, ત્યારે ત્યાં હાજર દિગ્ગજ સ્પિનર શેન વૉર્ન ચોંકી ગયા હતા. વૉર્ને ઝહૂરના વખાણ કરતા કહ્યું હતું કે, "આ તો ક્રિકેટ જગતની એક નવી જ શોધ છે." ઝહૂરનો દાવો છે કે તેની આ કળા જોઈને માહેલા જયવર્ધને જેવા કોચ પણ પ્રભાવિત થયા હતા. યુએઈની એક મેચમાં જ્યારે બુમરાહ અને બોલ્ટ મોંઘા સાબિત થઈ રહ્યા હતા, ત્યારે પૂર્વ ભારતીય બોલર ઝહીર ખાને હસ્તક્ષેપ કર્યો હતો. ઝહીર ખાને રોહિત શર્મા અને બુમરાહને ઝહૂર ખાનનો સ્લોઅર બોલ ફેંકતો વિડિયો બતાવ્યો હતો. બુમરાહ આ વિડિયો જોઈને દંગ રહી ગયો હતો કારણ કે બોલરના હાથની ગ્રીપ અને એક્શનમાં કોઈ જ ફેરફાર વગર બોલની ગતિ ઘટી જતી હતી.

ઝહૂર ખાનનો દાવો છે કે બુમરાહે તેની પાસે આવીને આ ખાસ ગ્રીપ વિશે પૂછપરછ કરી હતી. ત્યારબાદ બુમરાહે નેટ્સમાં તેનો અભ્યાસ કર્યો અને ધીમે-ધીમે આ સ્લોઅર બોલને પોતાના શસ્ત્રાગારમાં સામેલ કર્યો. ઝહૂરનું કહેવું છે કે, "આજે પણ બુમરાહ જે સ્લોઅર બોલ નાખે છે, તેમાં મારા જેવી જ ગ્રીપ જોવા મળે છે."

હોકી // સ્કોટલેન્ડ સામેના ડ્રો બાદ કોચ શોર્ડ મારિનની ચેતવણી

# ભારતીય મહિલા હોકી ટીમ વર્લ્ડ કપ ક્વોલિફાયર: કોચ મારિન નારાજ

(એજન્સી) હૈદરાબાદ । તા.11

હૈદરાબાદમાં રમાઈ રહેલી FIH મહિલા હોકી વર્લ્ડ કપ ક્વોલિફાયર ટૂર્નામેન્ટમાં ભારત ભલે પૂલ-બીમાં ટોચ પર હોય, પરંતુ ટીમની રમતથી મુખ્ય કોચ શોર્ડ મારિન સંતુષ્ટ નથી. સ્કોટલેન્ડ સામે રમાયેલી રોમાંચક મેચ ૨-૨ થી ડ્રો થયા બાદ મારિન એ ટીમની નબળી ફિનિશિંગ અને પેનલ્ટી કોર્નરના નબળા અમલીકરણ સામે લાલ આંખ કરી છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે જો ભારતને વિશ્વ સ્તરે મજબૂત પકડ બનાવવી હોય, તો મેદાન પર વધુ સચોટતા બતાવવી પડશે.

### પેનલ્ટી કોર્નરના ગોલમાં રૂપાંતરનો પડકાર

મેચ બાદ પત્રકારો સાથે વાત કરતા ૫૧ વર્ષીય કોચ મારિન એ જણાવ્યું હતું કે, "અમને ૯ પેનલ્ટી કોર્નર મળ્યા હતા, પરંતુ અમે માત્ર એક જ ગોલ કરી શક્યા. આ મેચ ડ્રો થઈ હોવા છતાં મને હાર જેવો અનુભવ થઈ રહ્યો છે. જો તમારે મોટી ટૂર્નામેન્ટમાં ટકી રહેવું હોય, તો આવી તકોને ગોલમાં ફેરવવી જ પડે." તેમણે ઉમેર્યું કે બોલને ટ્રેપ કરવાની દિશા અને ઈન્ફ્લેક્શનની ચોકસાઈમાં હજુ ઘણી ખામીઓ છે, જેના પર તાત્કાલિક કામ કરવું પડશે.

### ક્રમિક સુધારો અને પોઝિટિવ પાસાઓ

ટીમની રમત વિશે વિશ્લેષણ કરતા કોચે જણાવ્યું કે તેઓ



ખેલાડીઓના જુસ્સા અને લડાયક મિજાજથી ખુશ છે. સ્કોટલેન્ડ સામે એક ગોલથી પાછળ રહ્યા બાદ ભારતે જે રીતે વાપસી કરી તે પ્રશંસનીય છે. મારિન એ નોંધ્યું કે ઉરુગ્વે સામેની મેચ કરતા સ્કોટલેન્ડ સામે પાસિંગ ક્વોલિટી અને ડિફેન્સમાં સુધારો જોવા મળ્યો છે. જોકે, માત્ર આક્રમક હોકી પૂરતી નથી, તેને પરિણામમાં ફેરવવી અત્યંત આવશ્યક છે.

ભારતની આગામી મેચ વેલ્સ સામે છે, જે સ્કોટલેન્ડની જેમ જ 'લો ઝોન' ડિફેન્સિવ સ્ટ્રેટેજી અપનાવી શકે છે. કોચ મારિન એ જણાવ્યું કે ટીમ વિડિયો એનાલિસિસ દ્વારા વેલ્સની નબળાઈઓ શોધી રહી છે. આગામી મેચમાં માત્ર પેનલ્ટી કોર્નર જ નહીં, પણ ફિલ્ડ ગોલ માટેના શોટ્સમાં પણ વધુ સચોટતા લાવવા માટે ખેલાડીઓને કડક સૂચના આપવામાં આવી છે.

દિવ્યાંગ સાથી ખેલાડી સાથે દુષ્કર્મનો આરોપ

# રોબર્ટ ગ્રિસવોલ્ડ આજીવન પ્રતિબંધ: પેરાલિમ્પિક સ્વિમરની શરમજનક કરતૂત

(એજન્સી) ડેનવર તા.11

આંતરરાષ્ટ્રીય પેરાલિમ્પિક રમત જગત માટે અત્યંત આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. યુ.એસ. સેન્ટર ફોર સેફસ્પોર્ટ દ્વારા પેરાલિમ્પિક સ્વિમર રોબર્ટ ગ્રિસવોલ્ડ પર જાતીય અને શારીરિક ગેરવર્તણૂકના ગંભીર આરોપો હેઠળ આજીવન પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ગ્રિસવોલ્ડ પર ૨૦૨૧ના ટોક્યો પેરાલિમ્પિક્સ દરમિયાન અને ત્યારબાદ લગભગ એક વર્ષ સુધી તેના એક ઓટિસ્ટિક (સ્વલીનતા ધરાવતા) સાથી ખેલાડીનું જાતીય શોષણ કરવાનો આરોપ છે. ત્રણ વર્ષથી વધુ ચાલેલી તપાસ બાદ આ આકરો નિર્ણય લેવામાં આવ્યો છે.



૨૦૨૨માં આ મામલે એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો જેમાં ગ્રિસવોલ્ડની હિંસક અને અમાનવીય વર્તણૂકનો પર્દાફાશ થયો હતો. આરોપ છે કે ગ્રિસવોલ્ડે પીડિત ખેલાડી સાથે 'ગ્રોમિંગ' (માનસિક રીતે વશમાં કરવા) ની પ્રક્રિયા કરી હતી. નોંધનીય છે કે પીડિત ખેલાડી દિવ્યાંગ હોવાને કારણે તેની માનસિક ક્ષમતા માત્ર ૫ વર્ષના બાળક જેટલી હતી. તેમ છતાં યુ.એસ. ઓલિમ્પિક સમિતિએ તેને ગ્રિસવોલ્ડ સાથે રૂમ અને શાવર શેર કરવાની પરવાનગી આપી હતી, જે એક મોટી સુરક્ષા ચૂક ગણાય છે.

સેફસ્પોર્ટ સેન્ટરના નવા સીઈઓ બેનિતા ફિટ્ઝગેરાલ્ડ મોસ્લીએ જણાવ્યું હતું કે, "સાંસ્કૃતિક પરિવર્તન માટે જવાબદારી નક્કી કરવી અનિવાર્ય છે. જે લોકો હિંમત કરીને પોતાની વાતો રજૂ કરે છે, અમે તેમના આભારી છીએ કારણ કે તેમના કારણે જ અમે અન્ય લોકોને સુરક્ષિત રાખવા માટે કડક કાર્યવાહી કરી શકીએ છીએ." ઓગસ્ટ ૨૦૨૨માં ગ્રિસવોલ્ડને કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો, જે હવે કાયમી પ્રતિબંધમાં ફેરવાઈ ગયો છે.

ભારતીય નાગરિક ઈજાગ્રસ્ત થતા વિદેશ મંત્રાલય હરકતમાં આવ્યું

# ઈરાનનો દુબઈ એરપોર્ટ ડ્રોન હુમલો, ચાર ઘાયલ થયા

(એજન્સી)દુબઈ। તા. 11

વિશ્વના સૌથી વ્યસ્ત એવા દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બુધવારે સવારે આકાશી આફત ત્રાટકતા સનસનાટી મચી ગઈ છે. ૧૧ માર્ચ ૨૦૨૬ના રોજ વહેલી સવારે ઈરાન દ્વારા છોડવામાં આવેલા બે આત્મઘાતી ડ્રોન એરપોર્ટની નજીક ક્રેશ થતા જોરદાર ધડાકા સંભળાયા હતા. આ અચાનક થયેલા હુમલામાં એક ભારતીય સહિત કુલ ચાર વ્યક્તિઓ ઘાયલ થયા હોવાના સત્તાવાર સમાચાર પ્રાપ્ત થયા છે. આ ઘટનાને પગલે સમગ્ર ગલ્ફ દેશોમાં સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર મુકાઈ ગઈ છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજદ્વારી ગરમાવો તેજ બન્યો છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ (DXB) ની અત્યંત સંવેદનશીલ ગણાતી બાહ્ય સુરક્ષા દિવાલ પાસે બે ડ્રોન શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યા હતા. સુરક્ષા પ્રોટોકોલ સક્રિય થાય તે પૂર્વે જ આ ડ્રોન જોરદાર અવાજ સાથે જમીન પર પટકાયા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ધડાકો એટલો ભયાનક હતો કે આસપાસની ઈમારતોના કાચ ધ્રૂજી ઉઠ્યા હતા. આ હુમલામાં ઈજા પામેલા લોકોમાં બે ઘાનાના નાગરિકો, એક બાંગ્લાદેશી અને એક ભારતીય નાગરિકનો સમાવેશ થાય છે. સદનસીબે, તમામ ઘાયલોને સામાન્ય ઈજાઓ પહોંચી છે અને તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

જાણો સમગ્ર ઘટનાક્રમ વિશે વાત કરીએ તો, સ્થાનિક વહીવટી તંત્ર અને સુરક્ષા દળોએ હુમલાના ગણતરીની મિનિટોમાં જ આખા વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, આ ડ્રોન હુમલા પાછળ ઈરાનનો હાથ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જોકે આ અંગે હજુ સત્તાવાર તપાસ ચાલુ છે. દુબઈ મીડિયા ઓફિસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને આ ઘટનાની પુષ્ટિ કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે પરિસ્થિતિનું



ઝીણવટભર્યું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે અને એરપોર્ટના ઓપરેશનલ એરિયામાં કોઈ મોટું નુકસાન થયું નથી.

ઘાયલ થયેલા લોકોમાં ભારતીય નાગરિક હોવાથી દિલ્હી સ્થિત વિદેશ મંત્રાલય પણ સક્રિય થયું છે. મીડિયા અહેવાલ મુજબ, દુબઈમાં રહેલા ભારતીય દૂતાવાસના અધિકારીઓ ઘાયલ ભારતીય નાગરિકના સંપર્કમાં છે અને તેમને તમામ શક્ય મદદ પૂરી પાડવામાં આવી રહી છે. હુમલા બાદ થોડા સમય માટે એરપોર્ટ પર મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો, પરંતુ એરપોર્ટ પ્રશાસને સમયસૂચકતા વાપરીને સ્થિતિને કાબૂમાં લીધી હતી. પ્રવાસીઓને સુરક્ષિત સ્થાને ખસેડવામાં આવ્યા હતા અને એરપોર્ટની અંદર કડક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

ભલે આ હુમલો અત્યંત ગંભીર હતો, પરંતુ દુબઈ એરપોર્ટની મજબૂત સિસ્ટમના કારણે હવાઈ ટ્રાફિકને અસર થઈ નથી. સત્તાવાર નિવેદન મુજબ, તમામ ફ્લાઈટ્સ તેમના નિયત સમયે ઉડાન ભરી રહી છે અને લેન્ડિંગ પણ સામાન્ય છે. એરપોર્ટ ઓથોરિટીએ સ્પષ્ટતા કરી છે કે મુસાફરોની સુરક્ષા અમારી પ્રથમ પ્રાથમિકતા છે અને ટેક્નિકલ ટીમો સતત રડાર અને એન્ટી-ડ્રોન સિસ્ટમનું મોનિટરિંગ કરી રહી છે. અત્યારે એરપોર્ટ પર વધારાના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે અને સ્કેનિંગ પ્રક્રિયા વધુ સઘન બનાવી દેવામાં આવી છે.

પ્રવાહી કુદરતી ગેસ પુરવઠો હવે વધશે

# ભારત કેનેડા ગેસ સમજૂતી ઉર્જા જરૂરિયાત માટે કેનેડાનો સાથ

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

પશ્ચિમ એશિયામાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ફાટી નીકળેલા ભીષણ યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે ઈંધણના પુરવઠા પર ગંભીર ખતરો મંડરાઈ રહ્યો છે. આ આંતરરાષ્ટ્રીય અશાંતિના સમયમાં ભારતની ઉર્જા સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે કેનેડાએ મિત્રતાનો હાથ લંબાવ્યો છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ભારતને પ્રવાહી કુદરતી ગેસ (LNG) નો અવિરત પુરવઠો પૂરો પાડવાની ખાતરી આપી છે, જે ભારત માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ એક અધિકૃત નિવેદન દ્વારા સ્પષ્ટ કર્યું છે કે કેનેડા એક ઉર્જા મહાસત્તા તરીકે ભારતની વધતી જતી માંગને પૂર્ણ કરવા સક્ષમ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, વર્ષ ૨૦૪૦ સુધીમાં ભારતની ઉર્જાની જરૂરિયાત બમણી થવાની શક્યતા છે. આ સ્થિતિમાં કેનેડા ભારતનું સૌથી વિશ્વસનીય ભાગીદાર બનીને ઉભરી રહ્યું છે. આ સહયોગ માત્ર ગેસ પૂરતો મર્યાદિત નથી, પરંતુ પરમાણુ ઉર્જા અને મહત્વના ખનિજો માટે પણ બંને દેશો હાથ મિલાવી રહ્યા છે. કેનેડા દુનિયામાં સૌથી ઓછું કાર્બન ઉત્સર્જન કરતું ગેસ ઉત્પાદન કરે છે.

### આયાતના સ્ત્રોતોમાં વૈવિધ્યીકરણ

હાલમાં પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ હોવાથી કતર જેવા દેશોમાંથી આવતા ગેસ સપ્લાયમાં વિક્ષેપ પડ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, ભારતના પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ સંકેત આપ્યા છે કે ભારત હવે ખાડી દેશો પરની પોતાની નિર્ભરતા ઘટાડી રહ્યું છે. ભારત હવે કેનેડા જેવા સુરક્ષિત અને સ્થિર દેશો પાસેથી તેલ અને યુરેનિયમની આયાત કરવા માટે નવા માર્ગો શોધી રહ્યું છે, જેથી દેશના ઉદ્યોગો અને વીજ ઉત્પાદન પર કોઈ નકારાત્મક અસર ન પડે.

## ન્યૂઝ બ્રીફ

### ભારતીય વિદ્યાર્થીઓ ઈરાન સ્થળાંતર પ્રથમ ટુકડી રવાના થશે



નવી દિલ્હી । ઈરાનમાં સતત વણસતી જતી સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને ત્યાં અભ્યાસ કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓએ હવે દેશ છોડવાની શરૂઆત કરી દીધી છે. વધતા જતા તણાવ વચ્ચે ભારતીય છાત્રોની પ્રથમ ટુકડી આગામી ગુરુવારે આર્મેનિયા સરહદ તરફ પ્રયાણ કરે તેવી શક્યતા છે. તેહરાન અને શિરાજ જેવી મોટી મેડિકલ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત નિકાસ માર્ગો તૈયાર કરવામાં આવ્યા છે, જેથી તેઓ કોઈપણ જોખમ વગર ભારત પરત ફરી શકે. મીડિયા અહેવાલ મુજબ, તેહરાન યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સ અને આઈયુએમએસ ના વિદ્યાર્થીઓ માટે બે મુખ્ય માર્ગો સૂચવવામાં આવ્યા છે.

### બાળ સુરક્ષા પ્રગતિ જિનીવામાં ભારતનો ડંકો વાગ્યો

જિનીવા | સ્વિટ્ઝર્લેન્ડના જિનીવા ખાતે યોજાયેલ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના ૬૧મા સત્રમાં ભારતે બાળ સુરક્ષા ક્ષેત્રે કરેલી અભૂતપૂર્વ પ્રગતિની વૈશ્વિક સ્તરે નોંધ લેવામાં આવી છે. રાજસ્થાન સમગ્ર કલ્યાણ સંસ્થાનના પ્રતિનિધિ રોમાના મજીદે ભારતીય પક્ષ રજૂ કરતા જણાવ્યું હતું કે, ભારત બાળકો વિરુદ્ધની હિંસા નાબૂદ કરવા અને સુરક્ષા તંત્રને મજબૂત કરવા માટે મક્કમતાથી કામ કરી રહ્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે દરેક બાળકને જન્મસ્થળને ધ્યાનમાં લીધા વગર સુરક્ષા, સન્માન અને સમાન તક મળવી જોઈએ. ભારતના મજબૂત કાયદાકીય માળખાનો ઉલ્લેખ કરતા મજીદે જણાવ્યું કે પોક્સો (POCSO) એક્ટ અને જ્યુવેનાઈલ જસ્ટિસ એક્ટ જેવા કાયદાઓ બાળકોને શોષણથી બચાવવા અને તેમને ન્યાય અપાવવા માટે અત્યંત અસરકારક સાબિત થયા છે.

### ઈરાન સર્વોચ્ચ નેતા મજતબા ખમેની સુરક્ષિત હોવાનો દાવો



તેહરાન | પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈઝરાયેલના સચોટ હુમલાઓ વચ્ચે ઈરાનના નવા સર્વોચ્ચ નેતા મજતબા ખમેનીની સુરક્ષાને લઈને ચાલી રહેલી તમામ અટકળો પર વિરામ મુકાયો છે. ઈરાનના રાષ્ટ્રપતિના પુત્ર યુસુફ પેશેકિયાને સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે મજતબા ખમેની એકદમ સુરક્ષિત અને સ્વસ્થ છે. અગાઉ એવા અહેવાલો વહેતા થયા હતા કે ૨૮ ફેબ્રુઆરીએ ઈઝરાયેલના ઓપરેશન દરમિયાન તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા, પરંતુ હવે આ તમામ દાવાઓને પાયાવિહોણા ગણાવવામાં આવ્યા છે. અમેરિકાના પ્રતિષ્ઠિત અખબાર 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ' એ દાવો કર્યો હતો કે ઈજાના કારણે મજતબા ખમેની જાહેરમાં દેખાવાનું ટાળી રહ્યા છે.

વૈશ્વિક તેલ બજારમાં હાહાકાર ઈંધણના ભાવ વધતા હાડમારી

# ઈરાન અમેરિકા યુદ્ધ સંકટ ટ્રમ્પની ગણતરીઓ ઊંધી પડી દુનિયા પર ખતરો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 11

પશ્ચિમ એશિયાના રણમેદાનમાં ખેલાઈ રહેલા ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા વચ્ચેના સંઘર્ષે હવે વિશ્વયુદ્ધ જેવું ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. ૧૧ માર્ચ ૨૦૨૬ના રોજ પ્રાપ્ત થયેલા અહેવાલો મુજબ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલી વડાપ્રધાન નેતન્યાહૂએ ઈરાનની શક્તિનું જે આંકલન કર્યું હતું તે સંપૂર્ણપણે ખોટું સાબિત થયું છે. ઈરાને ધારણા કરતાં વધુ આક્રમકતા સાથે વળતો પ્રહાર શરૂ કરતાં પશ્ચિમી દેશોમાં ખળભળાટ મચી ગયો છે. અમેરિકી સંરક્ષણ મંત્રાલય એટલે કે પેન્ટાગોનના ઉચ્ચ અધિકારીઓ અત્યારે મૂંઝવણમાં મુકાયા છે, કારણ કે તેમની પાસે ઈરાનના આ 'સરપ્રાઈઝ' હુમલાઓનો કોઈ સચોટ તોડ નથી.

અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, અમેરિકન વિદેશી મીડિયા અહેવાલ મુજબ ડોનાલ્ડ ટ્રમ્પને એવી આશા હતી કે ઈરાન પર દબાણ વધારતા તે આત્મસમર્પણ કરી દેશે. જોકે, હકીકત તેનાથી બિલકુલ વિપરીત જોવા મળી રહી છે. ઈરાને પોતાની મિસાઈલ અને ડ્રોન ક્ષમતાનો ઉપયોગ કરીને ઈઝરાયલના રહેણાંક વિસ્તારો અને મધ્ય પૂર્વમાં આવેલા અમેરિકી સૈન્ય મથકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. આ આક્રમક પલટવારને કારણે ટ્રમ્પ સરકારની લોકપ્રિયતામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમની વ્યૂહરચનાની આકરી ટીકા થઈ રહી છે.

આ યુદ્ધ માત્ર સરહદો પૂરતું સીમિત નથી રહ્યું પણ હવે તે 'આર્થિક યુદ્ધ'માં ફેરવાઈ ગયું છે. ઈરાને વિશ્વના સૌથી મહત્વના દરિયાઈ માર્ગ



ગણાતા 'સ્ટ્રેટ ઑફ હોર્મુઝ'માં અવરોધો ઊભા કર્યા છે. આ એવો માર્ગ છે જ્યાંથી વિશ્વના ૨૦% કાચા તેલનો પુરવઠો પસાર થાય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, શિપિંગ રૂટ જોખમમાં મુકાતા આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં તોતિંગ વધારો થયો છે. અમેરિકામાં પણ ગેસ અને ઈંધણના ભાવ વધતા સામાન્ય જનતામાં રોષ જોવા મળી રહ્યો છે, જેના કારણે વ્હાઈટ હાઉસ પર તાત્કાલિક યુદ્ધ વિરામ માટે દબાણ વધી રહ્યું છે.

સંરક્ષણ સચિવ પીટ હેગસેથે પણ જાહેરમાં સ્વીકાર્યું છે કે ઈરાનના આટલા મોટા પાયે વળતા પ્રહાર માટે તેઓ તૈયાર નહોતા. પેન્ટાગોનના આંતરિક સૂત્રો જણાવે છે કે અત્યારે તેમની પાસે હોર્મુઝની સામુદ્રધુનીને સુરક્ષિત રીતે ફરીથી ખોલવા માટેની કોઈ નક્કર યોજના નથી. વિદેશ મંત્રી માર્કો રુબિયો અને સંરક્ષણ સચિવ વચ્ચે પણ રણનીતિને લઈને મતભેદો સપાટી પર આવ્યા છે. એક તરફ ટ્રમ્પ ઈરાનમાં સત્તા પરિવર્તનની જીદ પર અડેલા છે, તો બીજી તરફ તેમના જ મંત્રીઓ હવે કૂટનીતિક રસ્તો કાઢીને જંગ ખતમ કરવા મથી રહ્યા છે.

અમેરિકાની સાથે સાથે ઈઝરાયલ માટે પણ સ્થિતિ વણસી રહી છે. હજારોની સંખ્યામાં ડ્રોન અને મિસાઈલ હુમલાઓને કારણે ઈઝરાયલની સુરક્ષા વ્યવસ્થા દબાણ હેઠળ છે. નેતન્યાહૂ સરકાર અત્યારે આંતરિક અને બાહ્ય એમ બંને મોરચે ઘેરાયેલી છે. જો આ યુદ્ધ લાંબુ ચાલશે તો તેની સીધી અસર ઈઝરાયલના અર્થતંત્ર પર પડશે તે નક્કી છે. બીજી તરફ, વ્હાઈટ હાઉસના અધિકારીઓ હજુ પણ બચાવ કરી રહ્યા છે કે ઈરાની જોખમને જડમૂળથી ઉખેડવા માટે આ પ્રકારના આર્થિક અને લશ્કરી આઘાતો અનિવાર્ય છે, જે લાંબે ગાળે ફાયદો કરાવશે.

### ■ ઈરાન અમેરિકા ભીષણ જંગ બેન્કો અને કંપનીઓ નિશાના પર

તેહરાન | પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષે હવે અત્યંત ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના જંગમાં અમેરિકા સીધું કૂદી પડતા પરિસ્થિતિ કાબૂ બહાર ગઈ છે. ઈરાને હવે માત્ર લશ્કરી ઠેકાણાઓ જ નહીં, પરંતુ અમેરિકા અને ઈઝરાયેલ સાથે જોડાયેલી મોટી બેન્કો અને વિશ્વવિખ્યાત ટેક કંપનીઓને નિશાન બનાવવાની ખુલ્લી ધમકી આપી છે. આ ગંભીર પરિસ્થિતિને જોતા ઈરાની દળોએ સામાન્ય જનતાને આર્થિક કેન્દ્રોથી ઓછામાં ઓછા એક કિલોમીટર દૂર રહેવા તાકીદ કરી છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ એ સ્પષ્ટ કર્યું છે કે તેમની બેન્કો પર થયેલા હુમલાનો બદલો લેવા માટે હવે અમેરિકન અને ઈઝરાયેલી આર્થિક હિતો પર પ્રહાર કરવામાં આવશે. આ યુદ્ધ હવે માત્ર સરહદો પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ તે 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર વોર' માં ફેરવાઈ ગયું છે. ઈરાને ગૂગલ, માઈક્રોસોફ્ટ અને એનવીડિયા જેવી દિગ્ગજ કંપનીઓના ડેટા સેન્ટર્સની યાદી તૈયાર કરી છે.

ભારત તિબેટ સરહદ સુરક્ષા મુખ્ય મુદ્દો

# દલાઈ લામા દીર્ઘાયુ પ્રાર્થના મેકલોડગંજમાં જનસૈલાબ



(એજન્સી) મેકલોડગંજ । તા. 11

હિમાચલ પ્રદેશના રમણીય પર્વતો વચ્ચે વસેલા મેકલોડગંજમાં બુધવારે ભારતભરમાંથી તિબેટ સમર્થકો ઉમટી પડ્યા હતા. તિબેટના સર્વોચ્ચ આધ્યાત્મિક નેતા દલાઈ લામાના દીર્ઘાયુષ્ય માટે એક વિશેષ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. 'કોર ગ્રુપ ફોર તિબેટન કોઝ-ઈન્ડિયા' દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી સહિત તમામ ધર્મોના લોકોએ એકસાથે મળીને દલાઈ લામાના સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. ૧૯૫૯થી ભારતમાં નિર્વાસિત જીવન વિતાવી રહેલા દલાઈ લામા માટે આ પ્રકારની સંયુક્ત પ્રાર્થના સભા ઈતિહાસમાં પ્રથમ વખત યોજાઈ છે.

આ પ્રસંગે રાષ્ટ્રીય કન્વીનર આર.કે. ખ્રીમેએ ભારત અને તિબેટ વચ્ચેના સદીઓ જૂના સંબંધો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે "તિબેટની આઝાદીમાં જ ભારતની સુરક્ષા છુપાયેલી છે." સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ચીન દ્વારા તિબેટ પરના ગેરકાયદેસર કબજા બાદ ભારત માટે સરહદી પડકારો વધ્યા છે. ખ્રીમેએ ઉમેર્યું કે તિબેટ હંમેશા ભારતનું શાંતિપ્રિય પાડોશી રહ્યું છે અને આ સાંસ્કૃતિક એકતાને જાળવી રાખવી દેશહિતમાં છે.

આ આધ્યાત્મિક મહોત્સવમાં અરુણાચલ પ્રદેશના ૪૫ જેટલા પ્રતિનિધિઓએ તેમની પ્રાચીન 'ચો' (Cho) વિધિ રજૂ કરી હતી. આ વિધિમાં ભૌતિક આસક્તિ છોડીને દેવી 'ત્રિમા નાંગમો' (ક્રોધી કાલી) ની આરાધના કરવામાં આવે છે. છાત્રો અને ભક્તોએ દલાઈ લામાને તેમના 'મૂળ ગુરુ' ગણાવતા કહ્યું હતું કે તેમનું માર્ગદર્શન અને શાંતિનો સંદેશ સમગ્ર વિશ્વ માટે અનિવાર્ય છે. મહારાષ્ટ્રના અમરાવતી જેવા દૂરના વિસ્તારોમાંથી પણ લોકો આ આંદોલનમાં સહભાગી થવા પહોંચ્યા હતા.

# હોર્મુઝ સામુદ્રધુની દરિયાઈ હુમલો જહાજો પર મિસાઈલ પ્રહાર

(એજન્સી) લંડન । તા. 11

વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઉર્જા માર્ગ ગણાતી હોર્મુઝની સામુદ્રધુની અત્યારે યુદ્ધનું મેદાન બની ગઈ છે. UKMTO દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ, ઓમાન અને દુબઈના દરિયાઈ વિસ્તારોમાં આંતરરાષ્ટ્રીય માલવાહક જહાજો પર અજ્ઞાત પ્રક્ષેપાત્રો (Projectiles) થી હુમલા કરવામાં આવ્યા છે. આ હુમલાઓને કારણે એક જહાજમાં ભીષણ આગ લાગી હતી અને ક્રૂ મેમ્બરોએ જીવ બચાવવા જહાજ છોડવાની ફરજ પડી હતી.

પશ્ચિમી ગુપ્તચર એજન્સીઓના જણાવ્યા અનુસાર, ઈરાને હોર્મુઝની સામુદ્રધુનીમાં સમુદ્રી સુરંગો (Mines) બિછાવવાનું શરૂ કર્યું છે. આ એવો માર્ગ છે જ્યાંથી વિશ્વનો ૨૦ ટકા કાચું તેલ પસાર થાય છે. ઈરાન પાસે સેંકડોની સંખ્યામાં નાની નૌકાઓ અને સુરંગ બિછાવનારા જહાજો



છે, જે આંતરરાષ્ટ્રીય જળસીમામાં મોટો અવરોધ ઉભો કરી શકે છે. આ ઘટનાક્રમ વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને અત્યાર સુધીની સૌથી કડક ચેતવણી આપી છે. ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જો ઈરાને સુરંગો બિછાવી હશે, તો તેને તાત્કાલિક હટાવી લેવી જોઈએ, અન્યથા અમેરિકી સેના એવા સ્તરના લશ્કરી પરિણામો આપશે જે ઈરાને ક્યારેય જોયા નહીં હોય. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર દાવો કર્યો છે કે અમેરિકી દળોએ ઈરાનના ૧૦ સુરંગ બિછાવનારા જહાજોને તોડી પાડ્યા છે.

# રેઝા પહેલવીનો આખરી આદેશ નિર્ણાયક જંગ માટે તૈયાર રહો

પેરિસ | પશ્ચિમ એશિયામાં ભભકી રહેલી યુદ્ધની જ્વાળાઓ વચ્ચે ઈરાનના પૂર્વ ક્રાઉન પ્રિન્સ રેઝા પહેલવીએ તેમના દેશના નાગરિકો માટે એક અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ સંદેશ જારી કર્યો છે. પેરિસથી આપેલા સંબોધનમાં પહેલવીએ ઈરાની જનતાને તેમના ઘરોમાં રહેવા, જરૂરી ચીજવસ્તુઓનો સંગ્રહ કરવા અને વર્તમાન સત્તાધારીઓ વિરુદ્ધ ચાલી રહેલી દેશવ્યાપી હડતાળને વધુ મજબૂત કરવા આદેશ આપ્યો છે. તેમણે આ તબક્કાને 'અંતિમ સંઘર્ષ' ગણાવીને આગામી સમયમાં મોટા રાજકીય પરિવર્તનના સંકેત આપ્યા છે. રેઝા પહેલવીએ "દેશબંધુઓ" ને સંબોધતા જણાવ્યું કે સ્થિતિ અત્યંત ગંભીર વળાંક પર છે. તેમણે નાગરિકોને પોતાની સુરક્ષાને પ્રાથમિકતા આપવા અને રસ્તાઓ પર ઉતરીને સીધા સંઘર્ષમાં ઉતરવાને બદલે ઘરોમાં રહીને એકતા બતાવવા વિનંતી કરી છે.

# જયશંકર ઈરાન વિદેશ મંત્રી મંત્રણા યુદ્ધ વચ્ચે ભારત એક્શનમાં

### મિડલ ઈસ્ટ યુદ્ધ કટોકટીમાં ભારતનો શાંતિ સંદેશ

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

પશ્ચિમ એશિયામાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ફાટી નીકળેલા ભીષણ યુદ્ધની જ્વાળાઓ વચ્ચે ભારતે પોતાની રાજદ્વારી સક્રિયતા તેજ કરી છે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી સાથે ટેલિફોનિક વાતચીત કરીને વિસ્તારમાં પ્રવર્તી રહેલી ગંભીર સ્થિતિની સમીક્ષા કરી છે. ભારતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે આ મુશ્કેલ સમયમાં ભારતીય સમુદાયની સલામતી અને દેશની ઉર્જા સુરક્ષા એ સરકારની સૌથી મોટી પ્રાથમિકતા છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, યુદ્ધની શરૂઆત બાદ બંને દેશોના વિદેશ મંત્રીઓ વચ્ચે આ ત્રીજી વખતની વાતચીત છે. આ પહેલા ૨૮ ફેબ્રુઆરી અને ૫ માર્ચે પણ ગંભીર મંત્રણા થઈ હતી. એસ. જયશંકરે સોશિયલ મીડિયા દ્વારા પુષ્ટિ કરી છે કે ભારત અને ઈરાન સતત સંપર્કમાં રહેવા માટે સંમત થયા છે. સંસદમાં પણ વિદેશ મંત્રીએ સ્વીકાર્યું હતું કે ઈરાનમાં નેતૃત્વના સ્તરે સંપર્ક કરવો હાલમાં પડકારજનક છે, કારણ કે સંઘર્ષમાં અનેક ઉચ્ચ નેતાઓએ જીવ ગુમાવ્યા છે.

ભારતે આ આંતરરાષ્ટ્રીય કટોકટીમાં ત્રણ મુખ્ય મુદ્દાઓ પર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. પ્રથમ, ભારત કોઈપણ સંજોગોમાં શાંતિ અને સંવાદના પક્ષમાં છે. બીજું, યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં વસતા ભારતીય નાગરિકોની સુરક્ષા સાથે કોઈ સમજૂતી કરવામાં આવશે નહીં. ત્રીજું, દેશના વિકાસ માટે અનિવાર્ય એવી ઉર્જા સુરક્ષા જળવાઈ રહે તે માટે ભારત કટિબદ્ધ છે. અત્યાર સુધીમાં અંદાજે ૬૭,૦૦૦ ભારતીયોને સુરક્ષિત રીતે વતન પરત લાવવામાં આવ્યા છે.

સહયોગ | લોન્ગ રેન્જ સ્ટ્રાઈક ક્ષમતા વધારવા માટે બંને દેશોના નિષ્ણાતો એકઠા થયા

# ભારતીય સેના ફ્રાન્સ સૈન્ય સહયોગ આધુનિક યુદ્ધ માટે રણનીતિ ઘડાઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ભારત અને ફ્રાન્સ વચ્ચેના સંરક્ષણ સંબંધો હવે નવી ઊંચાઈઓ સર કરી રહ્યા છે. ૧૧ માર્ચ ૨૦૨૬ના રોજ નવી દિલ્હી ખાતે ભારતીય સેના અને ફ્રેન્ચ આર્મી વચ્ચે બે દિવસીય 'સબ્જેક્ટ મેટર એક્સપર્ટ એક્સચેન્જ' કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન થયું છે. આ મહત્વપૂર્ણ સૈન્ય મંથનનો મુખ્ય ઉદ્દેશ્ય બદલાતા વૈશ્વિક સંજોગોમાં આધુનિક યુદ્ધકળાની સમજને વધુ ઊંડી બનાવવાનો અને બંને દેશોની સેનાઓ વચ્ચે પરસ્પર તાલમેલ વધારવાનો છે. આ બેઠકમાં ખાસ કરીને લાંબા અંતરના પ્રહારો અને અત્યંત સચોટ હથિયારોના ઉપયોગ અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી.

અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ,



વર્તમાન સમયમાં યુદ્ધનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. હવે માત્ર સંખ્યાબળ નહીં પરંતુ ટેકનોલોજી અને સચોટતા વિજય અપાવે છે. ૯ અને ૧૦ માર્ચ દરમિયાન ચાલેલા આ સંવાદમાં 'લોન્ગ રેન્જ વેક્ટર્સ' (LRVs) અને 'પ્રિસિઝન ગાઈડેડ મ્યુનિશન્સ' (PGMs) ના ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, ભારતીય સેનાના એડિશનલ ડાયરેક્ટોરેટ જનરલ ઓફ પબ્લિક ઈન્ફોર્મેશન દ્વારા સોશિયલ મીડિયા પર માહિતી આપવામાં આવી છે કે, આ આદાનપ્રદાનથી બંને દેશોના સૈન્ય વ્યાવસાયિકોને એકબીજાના અનુભવો અને સિદ્ધાંતોમાંથી શીખવાની અમૂલ્ય તક મળી છે.

આ એક્સચેન્જ પ્રોગ્રામ દરમિયાન બંને દેશોના પ્રતિનિધિ મંડળે ઓપરેશનલ રોજગાર, સિદ્ધાંતિક વિકાસ અને સચોટ પ્રહાર ક્ષમતામાં વિકસતા વૈશ્વિક પ્રવાહો પર પોતપોતાના દ્રષ્ટિકોણ રજૂ કર્યા હતા. આધુનિક સંઘર્ષોમાં વ્યૂહાત્મક લક્ષ્યોને ન્યૂનતમ નુકસાન સાથે કેવી રીતે નષ્ટ કરી શકાય તે માટે 'પ્રિસિઝન સ્ટ્રાઈક' અત્યંત મહત્વની છે. સૈન્ય નિષ્ણાતોએ ઉભરતી ટેકનોલોજી અને વ્યૂહાત્મક આયોજનને પ્રભાવિત કરતા પરિબળો વિશે પણ ચર્ચા કરી હતી. આ પ્રકારના કાર્યક્રમોથી બંને મિત્ર રાષ્ટ્રો વચ્ચે સંરક્ષણ સહયોગ વધુ મજબૂત બને છે અને એકબીજાની શક્તિઓનો લાભ લઈ શકાય છે.

# રશિયન ઓઈલ ખરીદવાની છૂટ ભારતની મોટી કૂટનીતિક જીત થઈ

(એજન્સી) વોશિંગ્ટન/નવી દિલ્હી । તા. 11

પશ્ચિમ એશિયામાં ભભૂકી રહેલા યુદ્ધની જ્વાળાઓ વચ્ચે ભારત માટે રાહતના મોટા સમાચાર સામે આવ્યા છે. વિશ્વભરમાં ખોરવાયેલા ઓઈલ પુરવઠા અને આસમાને પહોંચતા ભાવને ધ્યાનમાં રાખીને અમેરિકાએ ભારત પ્રત્યે નરમ વલણ અપનાવ્યું છે. ૧૧ માર્ચ ૨૦૨૬ના રોજ વ્હાઈટ હાઉસે સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું છે કે ભારતને રશિયન ઓઈલ ખરીદવાની છૂટ આપવામાં આવે છે. આ નિર્ણયને ભારતીય વિદેશ નીતિની મોટી સફળતા માનવામાં આવે છે, કારણ કે જ્યારે સમગ્ર વિશ્વ પર આર્થિક સંકટ તોળાઈ રહ્યું છે ત્યારે ભારતે પોતાની ઊર્જા જરૂરિયાતો સુરક્ષિત કરી લીધી છે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના જંગને કારણે પશ્ચિમ એશિયામાંથી તેલનો પુરવઠો લગભગ અટકી ગયો છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલા અવરોધોને કારણે કાચા તેલના ભાવમાં જોરદાર ભડકો થયો છે. આ સ્થિતિમાં અમેરિકાએ ભારતને આગામી ૩૦ દિવસ માટે રશિયા પાસેથી તેલ ખરીદવાની વિશેષ મંજૂરી આપી છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે એક બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયાની વર્તમાન અસ્થિર પરિસ્થિતિ અને વૈશ્વિક બજારમાં તેલની અછતને જોતા ભારત માટે આ અપવાદરૂપ વ્યવસ્થા કરવામાં આવી છે.

અમેરિકાએ આ નિર્ણય પાછળ ભારતની વિશ્વસનીયતાને મુખ્ય કારણ ગણાવ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, લેવિટે સ્પષ્ટ કર્યું કે ભારત હંમેશાથી એક જવાબદાર સહયોગી રાષ્ટ્ર રહ્યું છે. ભારતે અગાઉ અમેરિકાના અનુરોધ પર રશિયા પાસેથી તેલની આયાતમાં કાપ મૂક્યો હતો, જેની વ્હાઈટ હાઉસે સરાહના કરી છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પશ્ચિમ બંગાળમાં આધુનિક રેલ મુસાફરીનો વિસ્તરણ

માલીગાંવ : દશકોથી, પશ્ચિમ બંગાળમાં રેલ વિકાસ ધીમો રહ્યો. ઘણા પ્રોજેક્ટ વર્ષો સુધી અધૂરા રહ્યા, અને રેલ માળખાગત સુવિધાઓનું આધુનિકીકરણ રાજ્યની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું. આ પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ, પશ્ચિમ બંગાળ રાજ્ય ભારતીય રેલ્વેમાં થઈ રહેલા મોટા પરિવર્તનનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. આ પરિવર્તન ફક્ત નવી રેલ લાઈન અને સ્ટેશનો પૂરતું મર્યાદિત નથી; તે કનેક્ટિવિટી, સલામતી, મુસાફરોની સુવિધા અને આર્થિક તકો માટે નવા રસ્તાઓ પણ ખોલી રહ્યું છે. ૨૦૦૯-૧૪ દરમિયાન પશ્ચિમ બંગાળ માટે સરેરાશ વાર્ષિક રેલ્વે બજેટ ફાળવણી આશરે ૪,૩૮૦ કરોડ હતી. જોકે, ૨૦૨૬-૨૭ માટે બજેટ ફાળવણી ત્રણ ગણાથી વધુ વધીને ૧૪,૨૦૫ કરોડ થઈ ગઈ છે. આ આંકડા પોતે જ આ પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે. આ અભૂતપૂર્વ વૃદ્ધિ રાજ્યના રેલ માળખાગત સુવિધાઓને નવી ઊંચાઈઓ પર લઈ જવાની વર્તમાન સરકારની પ્રતિબદ્ધતા સ્પષ્ટપણે દર્શાવે છે.

આ વધેલા રોકાણથી રાજ્યમાં મોટા પાયે માળખાગત પરિવર્તન થઈ રહ્યું છે. હાલમાં, પશ્ચિમ બંગાળમાં આશરે 93,000 કરોડના રેલ પ્રોજેક્ટ્સ વિકાસના વિવિધ તબક્કામાં છે. આ પ્રોજેક્ટ્સમાં નવા રેલ ટ્રેકનું નિર્માણ, સ્ટેશન પુનઃવિકાસ, સલામતી અપગ્રેડ અને રેલ્વે ક્ષમતાનું વિસ્તરણ શામેલ છે. આનો ઉદ્દેશ્ય રાજ્યના દરેક ભાગને ઝડપી અને સારી રેલ કનેક્ટિવિટી સાથે જોડવાનો છે. મુસાફરોના અનુભવને વધુ આધુનિક, અનુકૂળ અને વિશ્વ કક્ષાનો બનાવવા માટે, પશ્ચિમ બંગાળના રેલ્વે સ્ટેશનોનો અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વ્યાપકપણે પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ મહત્વાકાંક્ષી કાર્યક્રમ હેઠળ,



રાજ્યમાં કુલ 101 રેલ્વે સ્ટેશનોને પુનર્વિકાસ માટે ઓળખવામાં આવ્યા છે, જેનો અંદાજિત ખર્ચ આશરે 3,600 કરોડ છે. આ સ્ટેશનોને સુધારેલ મુસાફરોની સુવિધાઓ, આધુનિક માળખાગત સુવિધાઓ અને આકર્ષક છતાં કાર્યાત્મક ડિઝાઈન સાથે અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે, જે તેમને આસપાસના વિસ્તારો માટે શહેર કેન્દ્રો તરીકે વિકસાવવા સક્ષમ બનાવે છે. અત્યાર સુધી, રાજ્યમાં નવ રેલ્વે સ્ટેશનોનો પુનર્વિકાસ સફળતાપૂર્વક પૂર્ણ થયો છે. આમાં અનારા, બારભુમ, હલ્દિયા, જયચંડી પહાર જંકશન, કલ્યાણી ઘોષ પાડા, કામાખ્યાગુરી, પાનાગઢ, સિઉરી અને તમલુકનો સમાવેશ થાય છે. આ સ્ટેશનોમાં, જયચંડી પહાર જંકશન, કલ્યાણી ઘોષ પાડા અને પાનાગઢ રેલ્વે સ્ટેશનોનો પુનઃવિકાસ અને ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ અપગ્રેડેડ સ્ટેશનો હવે મુસાફરોને સુધારેલી સુવિધાઓ પ્રદાન કરે છે જેમ કે સુધારેલ વેઈટિંગ એરિયા, સુધારેલ સાઈનેજ અને લાઈટિંગ, ડિજિટલ માહિતી પ્રણાલી, મોટા ફરતા વિસ્તારો, ફૂડ કોર્ટ, પાર્કિંગ સુવિધાઓ, સરળ અવરજવર માટે અલગ પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા, સુધારેલ સુલભતા માટે એલિવેટર અને એસ્કેલેટર, સ્વચ્છ વાતાવરણ અને સૌંદર્યલક્ષી રીતે ડિઝાઈન કરાયેલ સ્ટેશન ઈમારતો. આ સુવિધાઓ મુસાફરો માટે રેલ મુસાફરીને વધુ આરામદાયક, સલામત અને આનંદપ્રદ બનાવી રહી છે. રાજ્યમાં કનેક્ટિવિટીને મજબૂત કરવા અને મુસાફરોને આધુનિક રેલ સેવાઓ પૂરી પાડવા માટે, પ્રીમિયમ ટ્રેન સેવાઓનો પણ ઝડપથી વિસ્તરણ થયો છે. ભારતીય રેલ્વે પશ્ચિમ બંગાળને દેશના મુખ્ય શહેરો સાથે જોડતી ઘણી આધુનિક અને હાઈ-ટેક ટ્રેન સેવાઓ ચલાવે છે. હાલમાં, વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ સેવાઓની એક જોડી પશ્ચિમ બંગાળથી કાર્યરત છે, જે લાંબા અંતરની મુસાફરીને વધુ આરામદાયક અને અનુકૂળ બનાવે છે. વધુમાં, ૧૮ વંદે ભારત એક્સપ્રેસ સેવાઓ અને ૨૨ અમૃત ભારત એક્સપ્રેસ સેવાઓ રાજ્યના મુખ્ય શહેરો અને મુખ્ય આર્થિક કેન્દ્રોને જોડે છે. આ ટ્રેનો મુસાફરોને ઝડપી, આધુનિક અને સસ્તી મુસાફરીનો અનુભવ પ્રદાન કરે છે. આ સેવાઓની શરૂઆતથી મુસાફરીનો સમય ઓછો થયો છે અને સામાન્ય નાગરિકોની પહોંચમાં વિશ્વ કક્ષાની રેલ મુસાફરી આવી છે. આ સેવાઓએ રાજ્યના મુખ્ય શહેરો, વ્યવસાય કેન્દ્રો અને પર્યટન સ્થળો વચ્ચે જોડાણને વધુ મજબૂત બનાવ્યું છે, જેનાથી પ્રાદેશિક વિકાસ અને આર્થિક પ્રવૃત્તિમાં વધારો થયો છે.પશ્ચિમ બંગાળે તેના રેલ નેટવર્કના વિસ્તરણમાં પણ નોંધપાત્ર પ્રગતિ જોઈ છે.

## જામનગર જિલ્લામાં પેટ્રોલ-ડીઝલનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ: નાગરિકોને અફવાઓથી દૂર રહેવા જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરની અપીલ

વિશાલ જે હરવરા જામનગર

જામનગર જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલની અછત અંગે વહેતા થયેલા સમાચારો બાબતે જિલ્લા કલેક્ટર કેતન ઠકરે મહત્વની સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, સમગ્ર જિલ્લાના તમામ પેટ્રોલ પંપ પર પૂરતા પ્રમાણમાં પેટ્રોલ અને ડીઝલનો જથ્થો ઉપલબ્ધ છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ બાબતે જિલ્લાના પેટ્રોલિયમ પેદાશના ડીલરો, પેટ્રોલ પંપના માલિકો તેમજ પેટ્રોલિયમ કંપનીઓ સાથે ખાસ બેઠક યોજી વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી છે. આજરોજ તારીખ 11-03-2026 ની સ્થિતિએ જામનગર જિલ્લાના તમામ પેટ્રોલ પંપ પર ઈંધણનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે, તેથી નાગરિકોએ કોઈપણ પ્રકારની અફવાઓથી પ્રેરાવું નહીં તેમજ કોઈપણ પ્રકારની પેનિક સિચ્યુએશનમાં ન આવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નમ્ર અપીલ કરવામાં આવે છે.

વિશેષમાં, અમુક પેટ્રોલ પંપ પર સ્થાનિક પરિસ્થિતિને કારણે હાલ ઈંધણનો જથ્થો ઉપલબ્ધ નથી ત્યાં પેટ્રોલ-ડીઝલના જથ્થાની તાત્કાલિક આપૂર્તિ કરવા માટે પણ તમામ પેટ્રોલિયમ કંપનીઓને તંત્ર દ્વારા કડક સૂચના આપવામાં આવી છે. આ સાથે જ સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો દ્વારા આ પ્રકારની પાયાવિહોણી અફવા ફેલાવનાર શખ્સો સામે કડક કાયદાકીય પગલાં લેવા માટે પોલીસ તંત્રને પણ જરૂરી આદેશો આપવામાં આવ્યા છે.

# News Brief

## ખાંભા વાંકુનીધાર ખાતે રાજુલા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સંગઠના પદ્મ શ્રી રતિભાઈ બોરીસાગર નું સન્માન કરવામાં આવ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સંગઠન દ્વારા ખાંભા વાંકુનીધાર ખાતે પદ્મશ્રી રતિભાઈ બોરીસાગર નું સન્માન કરાયું આ તકે પૂજ્ય મુક્તાનંદબાપુ ચાપરડા, પૂજ્ય રામબાલકદાસબાપુ , રતિદાદા ચલાલા સહિતના સંતો મહંતો અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા ખાંભા નજીક વાકુંનીધાર પંચમુખી હનુમાનજી આશ્રમ ખાતે રાજુલા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ પ્રેરિત અમરેલી જિલ્લા અને મહુવા તાલુકા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડ દ્વારા સન્માનિત પદ્મશ્રી રતિભાઈ બોરીસાગર નું ગૌરવ સન્માન કરવામાં આવેલ આ તકે સૌપ્રથમ કાર્યક્રમના અધ્યક્ષ અને અખિલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ પરમ પૂજ્ય મુક્તાનંદબાપુ ચાપરડા, વાકુંનીધાર પંચમુખી હનુમાનજી આશ્રમ ના મહંત પરમ પૂજ્ય રામબાલકદાસ બાપુ ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ ત્યારબાદ નાની - નાની બાળાઓ બહેનોએ સ્વાગત ગીત રજૂ કરી મહેમાનોને આવકાર્યા હતા સમગ્ર કાર્યક્રમના આયોજક અને રાજુલા રાજગોર બ્રહ્મ સમાજના પ્રમુખ ભાનુભાઈ રાજગોરે આમંત્રિત સાધુ સંતો અને આમંત્રિત મહેમાનો શાબ્દિક સન્માન કરેલ સમગ્ર રાજગોર સમાજને પદ્મશ્રી એવોર્ડ ગૌરવ અપાવનાર પદ્મશ્રી રતિભાઈ બોરીસાગરને પરમ પૂજ્ય મુક્તાનંદ બાપુ, પરમ પૂજ્ય રામબાલકદાસ બાપુ ના વરદ હસ્તે પુષ્પહાર શાલ અને સન્માન પત્ર એનાયત કરી સન્માન કરવામાં આવે ત્યારબાદ અમરેલી જિલ્લા ભર માથી આવેલા અને મહુવા તાલુકા સહિત વિવિધ વિસ્તારમાંથી આવેલ રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સંગઠન ના હોદેદારો દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવે આ તકે પૂજ્ય મુક્તાનંદ બાપુ , રતિદાદા ચલાલા, ગિજુભાઈ ભરાડ, પદ્મશ્રી રતિભાઈ બોરીસાગર, આશ્રમ ના લઘુ મહંત પૂજ્ય કરુણાનિદાનબાપુ, પદ્મશ્રી રતિભાઈ બોરીસાગર દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવેલ કાર્યક્રમના અંતે રાજુલા રાજગોર યુવા પ્રમુખ ગૌરાંગભાઈ જાનીએ આભાર વિધિ કરી હતી સમગ્ર કાર્યક્રમના અંતે વાંકુ ની ધાર ખાતે શ્રી પંચ મુખી હનુમાનજી દાદા ને થાળ ધરવા મા આવેલ અને મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવેલ જે આવેલ રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સમાજના આવેલ જ્ઞાતિ બંધુઓ એ ભોજન પ્રસાદ લીધેલ હતો આ સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ભાનુભાઈ રાજગોર સંજીવભાઈ જોષી, ગૌરાંગભાઈ જાની, જીતેન્દ્રભાઈ તેરૈયા, હરેશભાઈ તેરૈયા, ભરતભાઈ મહેતા સહિતના યુવાનો એ ભારે જહેમત ઉઠાવી હતી મંચસ્થ સંચાલન શૈલેષભાઈ રવીયા એ કરેલ તેમ રાજુલા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સમાજના પ્રમુખ ભાનુભાઈ રાજગોર દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.

## કોડીનાર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી અંતર્ગત ઈ-રિક્ષા લોકાર્પણ કરવામાં આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ : કોડીનાર તા.૧૧ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર ખાતે સોરઠ મહિલા વિકાસ સહકારી મંડળી, અંબુજા ફાઉન્ડેશન અને અદાણી અંબુજા સિમેન્ટના સયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. અંબુજા ફાઉન્ડેશન દ્વારા ગ્રામ્ય મહિલાઓને સ્વ સહાય જૂથો બનાવી આર્થિક તેમજ સમજી ઉત્થાનની કામગીરી કરવામાં આવે છે. મહિલ સ્વ સહાય જૂથો સોરઠ મહિલ વિકાસ સહકારી મડળીની રચના કરાયેલ છે. જેમાં ૧૮૦૦થી વધારે મહિલાઓ ૧૩૦૦ થી વધારે સ્વ સહાય જુથ દ્વારા જોડાયેલ છે. જેમાં મહિલા સશક્તિકરણ, આર્થિક સમસ્યાનું નિરાકરણ, સામાજિક બદલાવ, વિધવા સન્માન અને વ્યસન મુક્તિ ઉપર મુખ્યતવે કામ કરે છે. મહિલા સશક્તિકરણના ભાગરૂપે મહિલા આર્થિક રીતે સ્વનિર્ભર બને તે પ્રયાસથી સોરઠ મહિલા વિકાસ સહકારી મડળી, અંબુજા ફાઉન્ડેશન, અદાણી અંબુજા સિમેન્ટ થકી કરવામાં આવે છે. સેડી સસ્થા દ્વારા યુવાનોને કૌશલ્ય તાલીમ આપવામાં આવે છે. આ પહેલના ભાગરૂપે ૧૦ બહેનોને ઈ-રિક્ષા ચલાવવાની ૨ મહિનાની તાલીમ આપવામાં આવી અને એમને સાસ્થાન સહયોગથી ઈ-રિક્ષા ખરીદવા માટે પ્રેરાયા અને આજરોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે સીએમઓ,અંબુજા સિમેન્ટ, શ્રી સંજય વશિષ્ટના વરદ હસ્તે ઈ-રિક્ષા લોકાર્પણ કરવામાં આવ્યું. સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત બહેનો ઈ-રિક્ષા ચલાવી આત્મનિર્ભર બનશે. જેનો મુખ્ય ઉદેશ મહિલાઓની અને વિધ્યાર્થીઓની સલામતી અને સુરક્ષા છે. આ કાર્યક્રમમાં ૧૫૦૦ થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાં પધારેલા મહેમાનશ્રીઓએ મહિલા સશક્તિકરણ, વ્યસન મુક્તિ, સ્વરોજગારી જેવા મુદ્દાઓ ઉપર પ્રકાશ પાડ્યો હતો અને સ્વ સહાય જૂથના બહેનો દ્વારા બનાવતી જુદી-જુદી વસ્તુઓના સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સીએમઓ, અંબુજા સિમેન્ટ, શ્રી સંજય વશિષ્ટ, શ્રી ઉમાશંકર ચૌધરી, શ્રી રાજુ દતા, શ્રી દેવેન્દ્ર ચૌહાણ,શ્રી ધાનબાઈમાં, વડનગર, શ્રી દલસુખ વઘાસિયા, શ્રી મોતીબેન ચાવડા, શ્રીમતિ જયાબેન દાહિમાં, કેવિકે, અંબુજા ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

## જોન ડિયર પાવર એન્ડ ટેકનોલોજી શો અને ભારતમાં 5M સિરીઝ- 5130M (130HP)ની રજૂઆત

(એજન્સી) નવી દિલ્હી | તા 11

ડિયર એન્ડ કંપની કૃષિ, બાંધકામ અને વનોદ્યોગમાં આગેવાન વૈશ્વિક ટેકનોલોજી કંપની છે, જે તેમના ગ્રાહકો, ચેનલ ભાગીદારો, સપ્લાયરો અને કર્મચારીઓની સફળતા પ્રત્યે કટિબદ્ધ છે. જોન ડિયરે ટેકનોલોજી ખેલાડી તરીકે તેની ભૂમિકા મજબૂત કરવાનું ચાલુ રાખ્યું છે અને દુનિયાના અનેક ભૂગોળોમાં ઉક્ત ક્ષેત્રોમાં પરિવર્તન લાવવામાં સક્રિય છે. જોન ડિયર ભારતમાં છેલ્લાં 27+ વર્ષથી ખેત ઉત્પાદકતા સુધારવાના લક્ષ્ય સાથે ખેડૂત સમુદાયની સુખાકારી માટે ટેકનોલોજીની દ્રષ્ટિએ આધુનિક સમાધાનની આગેવાની કરી રહી છે, જે સાથે માટીનું સ્વાસ્થ્યનું રક્ષણ અને જળ સંવર્ધન તથા પર્યાવરણનું રક્ષણ કરે છે, જે સક્ષમ ખેતીવાડીના મહત્ત્વપૂર્ણ પાયા છે.જોન ડિયર ઈન્ડિયાના એમડી અને કન્ટ્રી મેનેજર તેમ જ પ્રેસિડેન્ટ સીએન્ડએફ વર્લ્ડવાઈડ માટે વ્યૂહાત્મક સલાહકાર રાજેશ સિંહાએ જણાવ્યું હતું કે, “જોન ડિયરની વ્યૂહરચનાનું હાર્દ સ્માર્ટ કનેક્ટેડ મશીન્સ માટે અચૂક કૃષિ, ડિજિટલ સમાધાનના ઈન્ટીગ્રેશન આસપાસ ફરે છે, જે ખેડૂતોને જૂજ સંસાધનો સાથે વધુ ઉત્પાદન કરવા માટે અભિમુખ બનાવે છે. તાજેતરમાં લોન્ચ કરાયેલી ટેકનોલોજીઓ ખેતરમાં કામગીરી અને ઈનપુટ ખર્ચ, અચૂક પાક સંભાળ સમાધાન મહત્તમ બનાવવા તૈયાર કરાઈ છે, જે માટી અને પર્યાવરણીય સક્ષમતાની ખાતરી રાખે છે.” જોન ડિયરની ભારતમાં પહોંચ આરએન્ડડી, એન્જિનિયરિંગ, ગ્લોબલ આઈટી, સપ્લાય ચેઈન, રસ્તા નિર્માણ ઉપરાંત ઉત્પાદન અને પ્રતિભામાં વૈશ્વિક કામગીરી માટે નોંધપાત્ર અને મહત્ત્વપૂર્ણ તરીકે ચાલુ રહી છે, એમ સિંહાએ ઉમેર્યું હતું.

## સ્પીકર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ ચર્ચા દરમિયાન ગૃહમાં હંગામો મચ્યો

# રાહુલ ગાંધીનું પીએમ કોમ્પ્રોમાઇઝ્ડ નિવેદન સંસદમાં પ્રચંડ હોબાળો મચ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 11

ભારતીય સંસદના ઈતિહાસમાં બીજી વખત જ્યારે સ્પીકર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા ચાલી રહી હતી, ત્યારે લોકસભામાં આજે ભારે રાજકીય ભૂકંપ જોવા મળ્યો હતો. મિડલ ઈસ્ટના યુદ્ધ અને આર્થિક કટોકટી વચ્ચે ચાલી રહેલા બજેટ સત્રમાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે અત્યંત ગંભીર અને વિવાદાસ્પદ આક્ષેપ કરતા સંસદની ગરિમા દાવ પર લાગી હતી. રાહુલ ગાંધીના “પીએમ કોમ્પ્રોમાઈઝ્ડ” (તડજોડ કરનારા) હોવાના નિવેદને સત્તાપક્ષને ઉશ્કેર્યો હતો, જેના પરિણામે ગૃહની કાર્યવાહી વારંવાર સ્થગિત કરવી પડી હતી.લોકસભામાં ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીએ આક્રમક તેવર બતાવતા કહ્યું હતું કે, “મને સંસદમાં વારંવાર બોલતા રોકવામાં આવે છે અને મારી લોકતાંત્રિક અભિવ્યક્તિને દબાવવામાં આવી રહી છે. આપણા વડાપ્રધાન પોતે કોમ્પ્રોમાઈઝ્ડ છે.” રાહુલના આ શબ્દો સાંભળતા જ ભાજપના વરિષ્ઠ સાંસદ રવિશંકર પ્રસાદ ઉભા થઈ ગયા હતા અને આકરા સ્વરે જવાબ આપ્યો હતો કે, “નેવર... નેવર... નેવર... (ક્યારેય નહીં). પીએમ મોદીનું ભારત ક્યારેય કોઈની સાથે તડજોડ કે કોમ્પ્રોમાઈઝ નહીં કરે.” પ્રસાદે ઉમેર્યું હતું કે વિપક્ષને દેશની ગરિમા અને સંસદીય કાર્યપદ્ધતિની પાયાની સમજ પણ નથી.આઝાદી બાદ બીજી વાર સ્પીકર ઓમ બિરલાને પદ પરથી હટાવવા માટે અવિશ્વાસ પ્રસ્તાવ પર ૧૦ કલાકની લાંબી ચર્ચા હાથ ધરવામાં આવી હતી. રવિશંકર પ્રસાદે ઈમરજન્સીના કાળા દિવસો યાદ કરાવી કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે સ્પીકરનું પદ અત્યંત સન્માનજનક છે અને તેને રાજકીય હથિયાર ન બનાવવું જોઈએ. મીડિયા અહેવાલ મુજબ, આ ચર્ચામાં ગૃહમંત્રી અમિત શાહ પણ સંબોધન કરી શકે છે, ત્યારબાદ મોડી સાંજે વોટિંગ થવાની શક્યતા છે.

## મેઘાણી એટલે મેઘવાણી

## પૂ.મોરારિબાપુ બગસરાના આંગણિયે રામકથાનો રૂડો ઉત્સવ રમેશ પારેખ અને કાનજી ભુટા જેવા સારસ્વતો માટે કથા

કિશોર આર. સોલંકી જાફરાબાદ

બગસરા એટલે ગાંધીજીએ જેને રાષ્ટ્રીય શાયરનું બિરુદ આપ્યું છે એ ઝવેરચંદ મેઘાણીની કર્મભૂમિ અને આ ભૂમિ ઉપર રામકથાના માધ્યમથી તેને સ્મરણાંજલિ આપવાનો રૂડો ઉત્સવ પૂ. મોરારિબાપુએ ઉભો કર્યો છે. તેનો પ્રારંભ ૭ માર્ચથી થયો અને સમાપન ૧૫ માર્ચના રોજ થશે.કથાના મનોરથી મૂળ લાઠીના અને હાલ યુ.એસ.એ.સ્થિત સુશ્રી હર્ષાબા ગોહિલ છે. બાપુએ પોતાની વાણીને મુખર કરી પોતાનો રાજીપો વ્યક્ત કરતા કહ્યું કે મેઘાણી શબ્દને હું તલગાજરડાના શબ્દોથી કહું તો તેમના શબ્દો એ મેઘવાણી છે.આ વાણી અને લોકોને ભીંજવે છે.



મેઘાણી ભાઈને 14 રત્ન સન્માનથી નવાજવાનો આ સંકલ્પ આજે સિદ્ધ થઈ રહ્યો છે તેનો આનંદ અને ગૌરવ અનુભવું છું. રામકથાના માધ્યમથી હિન્દીના સર્જકો નિરાલા અને દિનકર વગેરેને આ જ રીતે શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. ગુજરાતીના પ્રતિષ્ઠિત સાહિત્યકાર કવિ ઉમાશંકર જોશીને પણ યાદ કરીને તેમના વતન બામણામા કથા ગાનના માધ્યમથી ભાવાંજલિ અર્પી છે. બાપુએ આપણા અમરેલીના રમેશ પારેખ અને ચલાલાના લોકસાહિત્યકાર કાનજી ભુટા બારોટ અને આપણા સેવા સાથી પૂજ્ય રવિશંકર મહારાજને પણ કથાના માધ્યમથી યાદ કરવાનો મનોરથ વક્ત કર્યો. પ્રથમ દિવસે કથાનો ક્રમ વિવિધ પાત્રો અને દેવોની વંદના સાથે આજની કથાને વિરામ આપવામાં આવ્યો હતો.કથાની ભુમિકા કવિ,ગાયક શ્રી હરીચંદ્ર જોશીએ પ્રસ્તુત કરી હતી. દીપ પ્રાગટ્ય અને કથામાં મનોરથી શ્રી અજયસિંહ રસિકસિંહ ગોહિલ, સાંસદ શ્રી પુરુષોત્તમ રૂપાલા ઈફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણી ધારાસભ્ય શ્રી કસવાલા અને શ્રી જે. વી.કાકડીયા માનવ મંદિરના પૂ ભક્તિરામબાપુ,મોરબીના શિવરામ સાહેબ,શ્રી બદરુભાઈ વાળા, ઝવેરચંદ મેઘાણીના સુપુત્રો શ્રી અશોકભાઈ મેઘાણી અને પીનાકી મેઘાણી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. કથાના સમગ્ર આયોજન વ્યવસ્થામાં શ્રી ચીમનભાઈ વાઘેલા, ભરતભાઈ ચાંદ્રાણી, લવકુભાઈ વાળા અને બગસરાના સ્થાનિક આગેવાનો પણ જોડાયાં હતાં.

# પ્રિયંકા ગાંધીની LPG અછત પર ચર્ચાની માંગ સરકારને ઘેરી

નવી દિલ્હી: દેશમાં વધી રહેલી મોંઘવારી અને રાંધણ ગેસ (LPG) ની તીવ્ર અછતને મુદ્દે કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ બુધવારે સંસદમાં સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના બહાને ગેસના ભાવમાં કરવામાં આવેલા 60 રૂપિયાના વધારા અને સપ્લાયમાં વિલંબને લઈને તેમણે સંસદમાં તાત્કાલિક ચર્ચા કરવાની માંગણી દોહરાવી છે. પ્રિયંકા ગાંધીએ સવાલ ઉઠાવ્યો હતો કે, “જનતા આખરે કેટલું સહન કરશે?”સંસદ ભવનની બહાર મીડિયા સાથેની વાતચીતમાં પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની ખોટી નીતિઓ અને યોજનાઓને કારણે આજે સામાન્ય માણસ મોંઘવારી, બેરોજગારી અને રાંધણ ગેસની અછતનો સામનો કરી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, જો સંસદમાં આ મુદ્દે ગંભીર ચર્ચા થઈ હોત, તો જનતાના પાયાના પ્રશ્નોને યોગ્ય રીતે વાચા આપી શકાઈ હોત. નોંધનીય છે કે, તાજેતરમાં જ ગેસ સિલિન્ડરના ભાવમાં 60 રૂપિયાનો વધારો થતા દિલ્હીમાં નોન-સબસિડાઈઝ્ડ સિલિન્ડરની કિંમત 913 રૂપિયા પર પહોંચી ગઈ છે. યુદ્ધને કારણે ઉભી થયેલી ઉર્જા કટોકટીને પહોંચી વળવા સરકારે ‘આવશ્યક વસ્તુ ધારા’ (Essential Commodities Act) હેઠળ નવા નિયમો લાગુ કર્યા છે. હવે ઘરેલું ગેસ સિલિન્ડરના બુકિંગ વચ્ચે ફરજિયાત 25 દિવસનો અંતર રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. વિપક્ષી સાંસદોએ આ નિયમનો વિરોધ કરતા જણાવ્યું છે કે, આનાથી સામાન્ય પરિવારોમાં ગેસની ભારે અછત સર્જાઈ છે અને વેટિંગ પીરિયડ વધવાને કારણે લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

માત્ર કોંગ્રેસ જ નહીં, પરંતુ સીપીઆઈ (CPI) સહિતના વિપક્ષી દળોએ પણ ગેસની અછત મુદ્દે રાજ્યસભામાં બિઝનેસ સસ્પેન્શન નોટિસ આપી છે. સાંસદોનું કહેવું છે કે હોસ્પિટલો અને આવશ્યક સેવાઓને પ્રાધાન્ય આપવાના બહાને સરકારે કોમર્શિયલ અને ઘરેલું વિતરણ પર જે મર્યાદાઓ લાદી છે, તેનાથી ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આર્થિક પ્રવૃત્તિઓ પર માઠી અસર પડી છે.

## સરકારી જમીન પર ગેરકાયદે અતિક્રમણ દુર કરવા વહીવટીતંત્રે કડક વલણ અપનાવ્યું

# ભાજપ નેતાના ભાઈ પર બુલડોઝર એક્શન અફીણ કાંડમાં મોટી કાર્યવાહી

(એજન્સી) રાયપુર | તા 11

છત્તીસગઢના દુર્ગ જિલ્લામાં વહીવટીતંત્રએ ગેરકાયદે પ્રવૃત્તિઓ અને અતિક્રમણ સામે લાલ આંખ કરી છે. સમોદા ગામમાં થયેલી એક મોટી કાર્યવાહીમાં, ભાજપ કિસાન મોરચાના નેતાના ભાઈની ગેરકાયદેસર દુકાન પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. આ કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે તાજેતરમાં જ કરોડો રૂપિયાની કિંમતના અફીણની ખેતીના કેસમાં ભાજપ નેતા વિજય તામ્રકારની ધરપકડ કરવામાં આવી હતી. વહીવટીતંત્રના આ આકરા પ્રહારથી સમગ્ર વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો છે અને રાજકીય ગરમાવો તેજ બન્યો છે.આ સમગ્ર પ્રકરણની શરૂઆત ૭ માર્ચના રોજ થઈ હતી, જ્યારે પોલીસ અને નાર્કોટિક્સ વિભાગની ટીમે સમોદા ગામમાં એક શંકાસ્પદ ખેતર પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા કારણ કે મકાઈના પાકની વચ્ચે ગુપ્ત રીતે અફીણના છોડ ઉગાડવામાં આવ્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, જપ્ત કરાયેલા આ પાકની બજાર કિંમત અંદાજે ૮ કરોડ રૂપિયા હોવાનું મનાય છે. આ ગેરકાયદે ખેતીના આરોપસર ભાજપ નેતા વિજય તામ્રકાર સહિત અન્ય બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી, જેનાથી શાસક પક્ષની છબી



ખરડાઈ હતી.અફીણ કાંડના ગણતરીના દિવસોમાં જ વહીવટીતંત્રએ આરોપીના ભાઈ બ્રિજેશ તામ્રકારની મિલકત પર નિશાન સાધ્યું હતું. તપાસમાં બહાર આવ્યું હતું કે બ્રિજેશ તામ્રકાર ગામની આશરે ૩૨ ડેસિમલ સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે દુકાન ચલાવી રહ્યો હતો. મીડિયા અહેવાલ અનુસાર, વહીવટીતંત્રને આ અતિક્રમણ અંગે લાંબા સમયથી ફરિયાદો મળી રહી હતી. મંગળવારે સવારે ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે બુલડોઝર ઘટનાસ્થળે પહોંચ્યું હતું અને અધિક તહસીલદારના નેતૃત્વમાં સમગ્ર ગેરકાયદે બાંધકામને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું હતું.

## સન્માન સાથે મૃત્યુનો અધિકાર | અસહ્ય પીડા ભોગવતા દર્દી માટે કોર્ટનો મોટો નિર્ણય

# સુપ્રીમ કોર્ટની ઈચ્છા મૃત્યુની મંજૂરી: ૧૩ વર્ષની પીડાનો અંત

(એજન્સી) નવી દિલ્હી | તા 11

ભારતીય ન્યાયતંત્રના ઈતિહાસમાં એક અત્યંત સંવેદનશીલ અને ઐતિહાસિક પ્રકરણ ઉમેરાયું છે. સુપ્રીમ કોર્ટે માનવીય અભિગમ અપનાવીને છેલ્લા ૧૩ વર્ષથી ‘પરમેનેન્ટ વેજિટેટિવ સ્ટેટ’ (જીવતી લાશ જેવી સ્થિતિ) માં રહેલા ૩૧ વર્ષીય હરીશ રાણાને ‘પેસિવ યુથેનેશિયા’ એટલે કે ઈચ્છા મૃત્યુની મંજૂરી આપી દીધી છે. આ ચુકાદો સંભળાવતી વખતે ન્યાયાધીશ પોતે પણ ભાવુક થઈ ગયા હતા, જે દર્શાવે છે કે કાયદાના શુષ્ક અક્ષરો પાછળ પણ કેટલી ઊંડી માનવીય સંવેદના છુપાયેલી હોય છે. આ કરુણ ગાથા ૨૦૧૩માં શરૂ થઈ હતી, જ્યારે ચંડીગઢમાં અભ્યાસ કરતો હરીશ હોસ્ટેલના ચોથા માળેથી નીચે પટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ત્યારથી તે ગાઝિયાબાદમાં પોતાના ઘરે પથારીવશ હતો. હરીશના વૃદ્ધ માતા-પિતાએ પોતાના પુત્રને માત્ર પથારીમાં શ્વાસ લેતો જોઈને ભારે હૃદયે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. તેમની માંગણી હતી કે તેમના પુત્રને આ નરક જેવી પીડામાંથી મુક્તિ આપવામાં આવે. જસ્ટિસ જે.બી. પારડીવાલાની બેન્ચે આ મામલે દિલ્હી એઈમ્સ (AIIMS) ના નિષ્ણાત તબીબોની સલાહ માંગી હતી. તબીબોએ સ્પષ્ટ કર્યું હતું કે હરીશના સ્વાસ્થ્યમાં સુધારાની કોઈ જ શક્યતા નથી. આ રિપોર્ટના આધારે કોર્ટે ટિપ્પણી કરી હતી કે, “કોઈપણ વ્યક્તિને અનિશ્ચિતકાળ સુધી આ પ્રકારની અસહ્ય શારીરિક અને માનસિક પીડામાં રાખવી એ ક્રૂરતા સમાન છે.” કોર્ટે સ્વીકાર્યું કે દરેક નાગરિકને ગરિમા સાથે જીવવાની સાથે ગરિમા સાથે મૃત્યુ પામવાનો પણ અધિકાર છે.કોર્ટે હરીશ માટે ‘પેસિવ યુથેનેશિયા’ની મંજૂરી આપી છે. આ પ્રક્રિયામાં દર્દીને આપવામાં આવતા કૃત્રિમ લાઈફ સપોર્ટ સિસ્ટમ, જેમ કે વેન્ટિલેટર અથવા ફીડિંગ ટ્યુબ, ધીરે



ધીરે હટાવી લેવામાં આવે છે. આનાથી દર્દીનું મૃત્યુ કુદરતી રીતે થાય છે. સક્રિય ઈચ્છા મૃત્યુ (જેમાં ઈન્જેક્શન આપીને જીવ લેવાય છે) ભારતમાં પ્રતિબંધિત છે, પરંતુ ‘પેસિવ’ પદ્ધતિને અમુક કડક શરતો હેઠળ સુપ્રીમ કોર્ટે માન્યતા આપી છે.તબીબી ભાષામાં હરીશની સ્થિતિને ‘પરમેનેન્ટ વેજિટેટિવ સ્ટેટ’ કહેવામાં આવે છે. આ સ્થિતિ કોમા કરતા અલગ છે. કોમામાં દર્દીની આંખો બંધ હોય છે, જ્યારે વેજિટેટિવ સ્ટેટમાં દર્દીની આંખો ખુલ્લી હોય છે અને તે જાગતો હોય તેવું લાગે છે, પરંતુ તેનું મગજ કોઈ વિચાર કરી શકતું નથી કે કોઈ પ્રતિક્રિયા આપી શકતું નથી.

સિટી એક્સપ્રેસ

THURSDAY 12 MARCH-2026

AHMEDABAD

## પાલડીમાં ફાલ્કન ટ્રાવેલ્સની કાર્ગો ઓફિસમાં પાર્સલમાં ભેદી ધડાકો

અમદાવાદ | અમદાવાદ શહેરના વ્યસ્ત ગણાતા પાલડી વિસ્તારમાં આજે બપોરના સમયે 'ફાલ્કન ટ્રાવેલ્સ'ની કાર્ગો ઓફિસમાં એકાએક જોરદાર ધડાકો થતાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. આ બ્લાસ્ટની તીવ્રતા એટલી વધારે હતી કે ઓફિસના બોર્ડ અને આસપાસના સાધનોને નુકસાન પહોંચ્યું હતું. જોકે, પોલીસની પ્રાથમિક તપાસમાં આ ધડાકો પાર્સલમાં રહેલા સિલિકોન સ્પ્રેની બોટલોમાં થયો હતો.ઘટનાની ગંભીરતા જોતા ઝોન 7ના DCP, ACP અને PI સહિતની ટીમો તાત્કાલિક પાલડી પહોંચી હતી.

## મુસ્લિમ યુવક-હિન્દુ યુવતીને સ્પે. મેરેજ એક્ટ હેઠળ લગ્ન કરવા હુકમ

મહેસાણા | મહેસાણા જિલ્લામાં લિવઈનમાં રહેતા 22 વર્ષીય મુસ્લિમ યુવક અને 21 વર્ષીય હિન્દુ યુવતીને પરિવારે છુટા પાડ્યા બાદ યુવક તરફથી હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસ અરજી કરાતા કોર્ટે મહત્વનો હુકમ કર્યો છે. નારી સંરક્ષણ ગૃહમાં રહેતી યુવતીને હાઈકોર્ટમાં બોલાવી કોર્ટે તેની ઈચ્છા જાણી હતી. ત્યારબાદ અલગ અલગ ધર્મના યુવક-યુવતીને સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ લગ્ન કરવા હુકમ કર્યો હતો. સાથે જ જો ભવિષ્યમાં અલગ થાય તો સ્ત્રીની સુરક્ષા માટે તેના પક્ષમાં 3 લાખ રૂપિયા જમા કરાવવા પણ યુવકને હુકમ કર્યો છે.

**નવા ઝોન માટેની દરખાસ્ત અને આગામી દિવસોમાં મંજૂરી મળશે જેને લઈને નવા ઝોન 8 ડીસીપી તરીકે મયુર પાટીલની નિમણૂક તાજેતરમાં જ કરવામાં આવી**

# 6 પોલીસ સ્ટેશન સાથે DCP ઝોન-8 ઓફિસ શરૂ:ઈન્ડસ્ટ્રીયલ-રીંગરોડ વિસ્તારનો સમાવેશ, વસ્ત્રાલ પોલીસ સ્ટેશન નવું બનશે; ઝોન-2માં મોટેરા પોલીસ સ્ટેશન નવું બનશે

અમદાવાદ | રાજ્યની સૌથી વધુ વસ્તી ધરાવતા તેમજ આર્થિક પાટનગર એવા અમદાવાદ શહેરના 6 પોલીસ સ્ટેશનને નવા બનાવાયેલા ઝોન-8માં સમાવેશ કરાયો છે. તાજેતરમાં જ IPS અધિકારીઓની બદલી કરવામાં આવી છે જેમાં નવા ઝોન 8ના ડીસીપી તરીકે મયુર પાટીલની નિમણૂક કરવામાં આવી છે ત્યારે અમદાવાદ પોલીસ કમિશનરે નવી ડીસીપી ઝોન 8 કચેરી રામોલ પોલીસ સ્ટેશન ખાતે શરૂ કરવાનો નિર્ણય લીધો છે. ઝોન 8 વિસ્તારમાં નવા વસ્ત્રાલ પોલીસ સ્ટેશન સાથે કુલ 6 પોલીસ સ્ટેશનનો સમાવેશ કરવામાં આવનાર છે. નવા ઝોનની સત્તાવાર રીતે નોટિફિકેશન બહાર પાડી જાહેરાત કરવામાં આવશે.

આ સાથે આવનારા સમયમાં અમદાવાદમાં નવા 3 પોલીસ સ્ટેશનનો પણ બનાવાશે. જેમાં ઝોન 8માં વસ્ત્રાલ પોલીસ સ્ટેશન, ઝોન 4માં હંસપુરા પોલીસ સ્ટેશન અને ઝોન 2માં મોટેરા પોલીસ સ્ટેશન બનાવામાં આવશે. અમદાવાદ રાજ્યનું આર્થિક



પાટનગરની સાથે સૌથી મહત્વનું શહેર છે. વધારે વસ્તીના કારણે નાના-મોટા ગુનાઓ બનતા હોય છે. ઉચ્ચ અધિકારીઓનું મોનિટરિંગથી કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સારી રીતે રહે તેના માટે પોલીસ સ્ટેશનોની હદમાં ફેરફાર કરીને નવો ઝોન બનાવવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અંગેની રાજ્ય સરકારમાં દરખાસ્ત મોકલવામાં આવી છે. નવા ઝોન માટેની દરખાસ્ત અને આગામી દિવસોમાં મંજૂરી મળશે જેને લઈને નવા ઝોન 8 ડીસીપી તરીકે મયુર પાટીલની નિમણૂક તાજેતરમાં જ કરવામાં આવી છે.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિક દ્વારા નવા ઝોન 8ની ડીસીપી ઓફિસ રામોલ પોલીસ સ્ટેશન ખાતે શરૂ કરવા મંજૂરી આપી દીધી છે. જેથી રામોલ પોલીસ સ્ટેશનની ઉપર ઝોન 8 ડીસીપીની ઓફિસ રહેશે. પોલીસ કમિશનર દ્વારા ઝોન 5 ડીસીપી અને નવા ઝોન 8 ડીસીપી મયુર પાટીલ સાથે રામોલ પોલીસ સ્ટેશન ખાતે મુલાકાત લઈને નવી ડીસીપી ઓફિસ અંગે ચર્ચા વિચારણા કરી હતી. જે બાદ નવી ડીસીપી ઓફિસ શરૂ કરવા માટેનો નિર્ણય લઈ લેવામાં આવ્યો છે. નવા ઝોનમાં પોલીસ સ્ટેશનો પણ દરખાસ્ત મુજબ નક્કી કરી દેવામાં આવ્યા છે. જેનો સત્તાવાર રીતે આગામી દિવસોમાં ઓર્ડર થતાં જ કાર્યરત થઈ જશે.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા નવા ઝોન 8 માટે જે મુજબ દરખાસ્ત મોકલવામાં આવી છે તેમાં પૂર્વ વિસ્તારના ઝોન 5 અને ઝોન 6 પોલીસ સ્ટેશન વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઝોન 5 પોલીસ સ્ટેશનમાંથી રામોલ નિકોલ અને ઓઢવ તેમજ ઝોન 6 પોલીસ સ્ટેશનમાંથી વટવા અને વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનનો ઝોન 8માં સમાવેશ કરવામાં આવ્યો છે. નવા બનનારા વસ્ત્રાલ પોલીસ સ્ટેશનનો પણ તેમા સમાવેશ કરી દેવામાં આવ્યો છે. આમ કુલ 6 પોલીસ સ્ટેશન નવા ઝોનમાં રહેશે. ઝોન 4 પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતું કૃષ્ણનગર પોલીસ સ્ટેશનનો ઝોન-5માં સમાવેશ કરવામાં આવ્યો છે જ્યારે નવા બનનારા હંસપુરા પોલીસ સ્ટેશનનો ઝોન 4માં સમાવેશ કરવામાં આવ્યો છે.

### નાગરિકો ડીસીપી કક્ષાએ રજૂઆત કરી શકશે

ઝોન 5 અને 6 પોલીસ સ્ટેશન વિસ્તારમાં સમાવેશ થતા પોલીસ સ્ટેશનો હવે ઝોન 8 ડીસીપીના તાબા હેઠળ આવી ગયા છે. રીંગરોડ અને ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારના રામોલ, ઓઢવ, નિકોલ અને વસ્ત્રાલ વિસ્તારના નાગરિકોને જો ઉચ્ચ અધિકારી સુધી રજૂઆત કરવી હોય તો ઝોન 5 ડીસીપી ઓફિસ અમરાઈવાડી ખાતે જવું પડતું હતું, જ્યારે વટવા અને વટવા જીઆઈડીસી વિસ્તારના નાગરિકોને ઝોન 6 ડીસીપી ઓફિસ કાંકરિયા ખાતે જવું પડતું હતું, પરંતુ હવેથી આ તમામ વિસ્તારના નાગરિકોને રામોલ પોલીસ સ્ટેશન ખાતે કાર્યરત કરવામાં આવેલી ઝોન 8 ડીસીપીની ઓફિસ ખાતે રજૂઆત કરવા જવું પડશે. જોકે ઝોન 8 ડીસીપીના પોલીસ સ્ટેશનને લઈને સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

## બાપુનગરમાંથી ગાંજો અને વસ્ત્રાલમાંથી એમડી ડ્રગ્સ ઝડપાયું

અમદાવાદ | અમદાવાદ ક્રાઈમ બ્રાંચ ગાંજા અને એમડી ડ્રગ્સ માફિયાઓ સામે એક જ દિવસમાં બે કેસ કર્યા છે. બાપુનગરથી ગાંજો તેમજ વસ્ત્રાલમાંથી એમડી ડ્રગ્સ ઝડપી પાડ્યુ છે. બંને કેસમાં એક મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે, બાપુનગરની ગાયત્રીનગરમાં રહેતી કાયનાચબાનુ શેખ પોતા ઘરમાં ગાંજાનો વેચી રહી છે બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમ ગાયત્રીનગર પહોચી ગઈ હતી. ક્રાઈમ બ્રાંચ વોચમાં હતી ત્યારે ઈમરાનખાન પઠાણ નામનો યુવક ગાંજો લઈને આવ્યો હતો.

ક્રાઈમ બ્રાંચે ઈમરાનખાનની ધરપકડ કરી હતી સાથે કાયનાતબાનુની પણ ધરપકડ કરી હતી. બન્ને પાસેથી ક્રાઈમ બ્રાંચે 3.912 કિલો ગાંજો ઝડપી પાડ્યો છે. ક્રાઈમ બ્રાંચે કુલ 3.33 લાખની કિંમતનો મુદ્દામલ જપ્ત કર્યો છે.આ ગાંજાનો જથ્થો ગોમતીપુરના રઉફ ઉર્ફે લાલા સહિત બે લોકોએ આપ્યો હતો. ક્રાઈમ બ્રાંચે વસ્ત્રાલ રીંગ રોડ પર આવેલા નૈયા કોમર્શીયલ કોમ્પલેક્ષના બેઝમેન્ટમાંથી ડ્રગ્સની હેરફેર કરતા બે યુવકને ઝડપી લીધા છે. ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે, દાણીલીમડા વિસ્તારમાં રહેતા આફીક શેખ અને અજીમુદ્દીન ઉર્ફે ભુરો ડ્રગ્સની હેરફેર કરી રહ્યા છે.

બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચ પહોચી ગઈ હતી અને એમડી ડ્રગ્સના જથ્થા સાથે બે લોકોની ધરપકડ કરી હતી. એફએસએલની ટીમ ઘટના સ્થળે આવીને તપાસ કરાતા મળી આવેલો પ્રદાર્થ એમડી ડ્રગ્સ હોવાનું સામે આવ્યુ હતું.

**સો. મીડિયામાં દેહવેપાર ચલાવતા હતા, ગોવા પોલીસે અમદાવાદ ક્રાઈમ બ્રાંચને રીપોર્ટ આપતા ભાંડો ફૂટ્યો**

## યુવકના મોબાઈલમાંથી દેહવેપારનો પર્દાફાશ

અમદાવાદ | અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમે સોશિયલ મીડિયા મારફતે ચાલતા દેહવેપારનો પર્દાફાશ કર્યો છે. ક્રાઈમ બ્રાંચના સંકજામાં આવેલા લોકો ગોવામાં ડ્રગ્સ રેકેસમાં ઝડપાયા હતાં. જેમના મોબાઈલની તપાસ બાદ ગોવાના અધિકારીએ ક્રાઈમ બ્રાંચને જાણ કરતા ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધ્યો છે.

નોર્થ ગોવા પોલીસે પણજી ખાતે રેડ કરી હતી અને 4.325 કિલો કોકેન સાથે નીબુ વિન્સેન્ટ, રેશ્મા વાડેકર, માંગેશ વાડેકર અને ચિરાગ દુધાતની ધરપકડ કરી હતી. ગોવા પોલીસે ચિરાગ દુધાતનો મોબાઈલ જપ્ત કર્યો હતો અને તેને FSLમાં મોકલી આપ્યો હતો. એફએસએલના રીપોર્ટમાં ઘણો ચોંકાવનારો પર્દાફાશ થયો હતો. જેમાં સામે આવ્યુ હતું કે, ચિરાગ દેહવેપારનો કારોબાર ચલાવી રહ્યો છે.

ચિરાગ ઉર્ફે મોન્ટી દુધાત અને માસુમ ઉર્ફે માહી (બન્ને રહે, દેવનંદર સંકલ્પ સીટી, નવાનરોડા) વિરૂદ્ધ ફરિયાદ થઈ છે કે દેહવેપારનો કારોબાર કરી રહ્યા છે. ક્રાઈમ બ્રાંચની એન્ટી હ્યુમન ટ્રાફિકીંગની ટીમે ઘટનાની ગંભીરતા લઈને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

તપાસ દરમિયાન સામે આવ્યુ હતું કે, ચિરાગ દુધાત અને માસુમ દેહવેપારના ધંધામાં સંડોવાયેલા છે અને ગ્રાહકોનો ડેટા પણ તેમની પાસે છે. ચિરાગ અને માસુમ દેશભરમાંથી રૂપલલનાઓને લાવતા હતા અને ત્યારબાદ દેહવેપારનો કાળો કારોબાર ચલાવી રહ્યા હતાં. વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, લિંકડીન એકાઉન્ટ તેમજ ઈન્ટરનેટના માધ્યમથી દેહવેપાર ચલાવતા હતાં.



**એક યુવક ગોવાની જેલમાં |** હાલ ચિરાગ દુધાત ગોવાની જેલમાં છે અને ક્રાઈમ બ્રાંચે ઉંડાણ પુર્વક તપાસ સરૂ કરી છે. ગોવાના ઉચ્ચ અધિકારીએ અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ કરી છે. ગોવા પોલીસે અનુપ નામના સાક્ષીનું નિવેદન પણ લીધુ છે જેમાં તેણે જણાવ્યુ છે કે, જ્યારે ચિરાગ અને માહી અમદાવાદમાં રહેતા હતા ત્યારે તે ઓનલાઈન દેહવેપારનો ધંધો ચલાવતા હતાં.

અનુપ 20 દીવસ સુધી અમદાવાદમાં રોકાયો હતો જ્યા બન્નેનો ધંધો જોયો હતો. ચિરાગના મોબાઈલમાંથી હોટેલના નામ, યુવતીના ફોટોગ્રાફ્સ તેમજ વિવિધ વિગતો મળી આવી છે. ગોવાના અધિકારીએ પત્ર લખ્યા બાદ ગુનો દાખલ કર્યો છે. ચિરાગ દુધાત જે યુવતીઓના ફોટોગ્રાફ્સ મોકલી આપતો હતો તેના રેટનું લિસ્ટ પણ મોકલી આપતો હતો. સોશિયલ મીડિયા મારફતે આ કારોબાર થતો હતો જેનાથી પોલીસ ખુદ અજાણ હતી. ડ્રગ્સ કેસમાં ચિરાગ ઝડપાયો તે પહેલા તે દેહવેપારમાં પણ ઝડપાઈ ચુક્યો હતો. હાલ ચિરાગ દુધાત જોડે કેટલાક કેટલા દલાલો સંડોવાયેલા છે તે મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ જેતલપુર સ્વામિનારાયણ મંદિરના દ્વિશતાબ્દી મહામહોત્સવ 'અવસર'માં ઉપસ્થિત રહ્યા



(એજન્સી) અમદાવાદ | તા.11

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જેતલપુર સ્વામિનારાયણ મંદિરના દ્વિશતાબ્દી મહામહોત્સવ 'અવસર'માં જણાવ્યું હતું કે આજે જેતલપુર ધામની સ્થાપનાને ૨૦૦ વર્ષ પૂર્ણ થયાં છે. સ્વામિનારાયણ ભગવાને પોતે આ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરી હશે, એ દિવસ ભવ્ય અને દિવ્ય હશે! શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે પ્રાણ પ્રતિષ્ઠા કરીને સ્થાપેલા નવ મંદિરોમાંથી જેતલપુરનું મંદિર પાંચમુ હતું, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે વિશ્વના સાંપ્રત પ્રવાહોમાં પણ ભારત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મજબૂત રહ્યું છે. વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા આપણે સૌ સાથે મળીને પ્રયાસ કરીએ, એવું તેમણે ઉમેર્યું હતું.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે સ્વામિનારાયણ સંપ્રદાયનું સામાજિક સમરસતામાં મોટું યોગદાન રહ્યું છે. સમાજમાંથી કુરિવાજો અને અંધશ્રદ્ધા દૂર કરવાનું મોટું કામ સ્વામિનારાયણ ભગવાને કર્યું હતું અને આજે આ સંપ્રદાયના સાધુ-સંતો પણ એ જ કામ કરી રહ્યા છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ-સંતો અને હરિભક્તોએ હંમેશાં રાષ્ટ્રહિતની ભાવના સાથે સેવાકાર્યો કર્યા છે

આ પ્રસંગે પૂજ્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે જણાવ્યું હતું કે ધર્મમાં રાજકારણ ન હોવું જોઈએ, પરંતુ રાજકારણમાં જ્યારે ધર્મનાં મૂલ્યોનું પાલન કરવામાં આવે ત્યારે તે શોભી ઊઠે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાં રાજકારણમાં ધર્મને આગળ રાખ્યો છે. શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની જનતા ખૂબ સુખી થાય, એવા આશીર્વાદ પણ શ્રી તેજેન્દ્રપ્રસાદજીએ આપ્યા હતા.

આ પ્રસંગે આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદ મહારાજ, શ્રી લાલજી મહારાજ, સ્થાનિક ધારાસભ્ય શ્રી બાબુભાઈ જ. પટેલ, કાલુપુર અને જેતલપુર સહિતના ધામના વરિષ્ઠ સ્વામીશ્રીઓ સહિતના સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ-સંતો અને હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ડિજિટલ ઓળખ સેવાઓને મજબૂત કરવા માટે UIDAI એ જેતલપુર, અમદાવાદમાં આધાર સેવા કેમ્પનું આયોજન

(એજન્સી) અમદાવાદ | તા.11

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) એ તમામ રહેવાસીઓ અને વિસ્તારના લોકો માટે આધાર નોંધણી અને અપડેટ સેવાઓની પહોંચ વધારવા માટે તેના ચાલુ આઉટરીચના ભાગરૂપે જેતલપુર, અમદાવાદમાં એક સમર્પિત આધાર સેવા કેમ્પનું આયોજન કર્યું હતું. આ કેમ્પનું આયોજન શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટના દ્વિશતાબ્દી ઉત્સવનું આયોજન કરતી સમિતિની વિનંતીના આધારે કરવામાં આવ્યું હતું.

5-11 માર્ચ, 2026 દરમિયાન યોજાયેલા આ કેમ્પે અનુકૂળ આધાર નોંધણી અને અપડેટ સુવિધાઓ પૂરી પાડી હતી, જે હજારો લોકોને સરકારી યોજનાઓ અને ડિજિટલ સેવાઓનો સૂચારુ રીતે લાભ લેવા માટે સક્ષમ બનાવે છે. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ UIDAI નું મેસ્કોટ 'UDAI' હતું, જેણે આધારને સુરક્ષિત ડિજિટલ ઓળખ તરીકે જાગૃત કરવા માટે બાળકો અને પરિવારો સાથે સંપર્ક સાધ્યો હતો. 5 થી 17 વર્ષની વયના બાળકો માટેના મેન્ડેટરી બાયોમેટ્રિક અપડેટ્સ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું, જે વિનામૂલ્યે ઉપલબ્ધ છે, જેથી યુવા રહેવાસીઓ તેમના આધાર રેકોર્ડને સચોટ અને અપ-ટૂ-ડેટ જાળવી શકે. આ પહેલને વધુ ટેકો આપવા માટે, ટ્રસ્ટના વરિષ્ઠ સભ્યો, મહંત સ્વામી શાસ્ત્રી આત્મા પ્રકાશ દાસ, પૂજ્ય વ્રજેન્દ્ર પ્રસાદજી મહારાજ, શ્રી રાજેશ કુમાર ગુપ્તા, ડાયરેક્ટર, UIDAI સ્ટેટ ઓફિસ અમદાવાદ અને UIDAI RO મુંબઈના IEC મેનેજરે, તમામ રહેવાસીઓ અને મુલાકાતીઓને કેમ્પમાં ઓફર કરવામાં આવતી સેવાઓનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

## ઓપરેશન 'અમાનત' હેઠળ, મુસાફરી દરમિયાન ખોવાયેલા મુસાફરનો આઈફોન સુરક્ષિત રીતે પાછો આપવામાં આવ્યો

વડોદરા : ભારતીય રેલવે માં મુસાફરોની સુરક્ષા અને તેમની ખોવાયેલી વસ્તુઓ પાછી મેળવવા માટે રેલવે પ્રોટેક્શન ફોર્સ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'ઓપરેશન અમાનત' હેઠળ, પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં ફરી એકવાર તત્પરતા અને સંવેદનશીલતાનું ઉદાહરણ જોવા મળ્યું, જ્યારે મુસાફરી દરમિયાન સીટ પર રહી ગયેલા એક મુસાફરનો મોંઘો આઈફોન RPF દ્વારા શોધીને મુસાફરને સુરક્ષિત રીતે પરત કરવામાં આવ્યો. પશ્ચિમ રેલવે ના વડોદરા મંડળ ના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર તારીખ 10 માર્ચ, 2026 ના રોજ, મુસાફર શ્રી ધવલ ટ્રેન નંબર 12927 એકતાનગર-દાદર એક્સપ્રેસના કોચ નંબર A-2 માં દાદરથી વડોદરા જઈ રહ્યા હતા. વડોદરા સ્ટેશન પર ઉતર્યા પછી અને સ્ટેશનમાંથી બહાર નીકળ્યા પછી, તેમને ખ્યાલ આવ્યો કે તેમણે પોતાનો આઈફોન ટ્રેનની સીટ પર છુટી ગયો છે. મુસાફરે તાત્કાલિક 139 નંબર પર રેલ મદદ હેલ્પલાઇન પર ઘટનાની જાણ કરી. માહિતી મળતાં, રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) ના એકતાનગર પોસ્ટ પર તૈનાત કોન્સ્ટેબલ સત્યેન્દ્ર કુમાર અને કોન્સ્ટેબલ મહેશ ચંદ શર્માએ તાત્કાલિક કાર્યવાહી કરી અને એકતાનગર સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 05 પર ઉભેલી ટ્રેન ના કોચ નંબર A-2 નું નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન સીટ પર મોબાઈલ ફોન સુરક્ષિત રીતે મળી આવ્યો.મુસાફર દ્વારા આપવામાં આવેલી વિગતો સાથે મોબાઈલ મેચ કર્યા પછી અને જરૂરી ચકાસણી કર્યા પછી, હેડ કોન્સ્ટેબલ સતેન્દ્ર કુમાર દ્વારા ઉપરોક્ત આઈફોન સંબંધિત મુસાફરને યોગ્ય રીતે સોંપવામાં આવ્યો. પોતાનો મોબાઈલ સુરક્ષિત રીતે પરત મળતા યાત્રી શ્રી ધવલે આનંદ વ્યક્ત કરતા પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા સંચાલિત રેલ મદદ 139 હેલ્પલાઈનની ત્વરિત અને અસરકારક સેવાની પ્રશંસા કરી. સાથે જ તેમણે આરપીએફ એકતાનગર પોસ્ટની સતર્કતા તેમજ રેલવે સુરક્ષા દળ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'ઓપરેશન અમાનત'ના પ્રશંસનીય કાર્યોની પણ પ્રશંસા કરી.

## સાયન્સ સિટી પાસે એક બિલ્ડિંગના પાર્કિંગમાં ભીષણ આગ, 10થી વધુ કાર ખાખ

અમદાવાદ | અમદાવાદના સાયન્સ સિટી રોડ પર આવેલા કીયા ગાડીના શો રૂમના પાર્કિંગમાં આજે(11 માર્ચ) અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ આગ બિલ્ડિંગના પાર્કિંગ વિસ્તારમાં લાગી હતી, જેના કારણે ત્યાં પાર્ક કરેલા વાહનો જોતજોતામાં આગની લપેટમાં આવી ગયા હતા. કાળા ધુમાડાના ગોટા દૂર-દૂર સુધી જોવા મળતા સ્થાનિક લોકોમાં ફાળ પડી હતી.

ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ત્રણ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને



આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ, આ દુર્ઘટનામાં 10થી વધુ કાર બળીને ખાખ થઈ ગઈ છે, જેના કારણે મોટું આર્થિક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. સદનસીબે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી.

## અમદાવાદ રેલવે સ્ટેશન પર મુસાફરો સાથે ઠગાઈ કરનાર આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ



અમદાવાદ : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રેલવે સુરક્ષા દળ (આરપીએફ) દ્વારા નિરંતર સતર્કતા રાખવામાં આવી રહી છે. આ જ ક્રમમાં આરપીએફએ અમદાવાદ રેલવે સ્ટેશન પર મુસાફરો સાથે ઠગાઈ કરનાર એક આંતરરાજ્ય ગેંગના બે સક્રિય સભ્યોને પકડીને આગળની કાર્યવાહી માટે જીઆરપી અમદાવાદને સોંપ્યા છે. હાલમાં બે મુસાફરોએ આરપીએફ પોસ્ટ અમદાવાદ ખાતે ફરિયાદ નોંધાવી હતી કે કેટલાક અજાણ્યા લોકોએ તેમને એવું કહીને છેતર્યા હતા કે રેલવે પરિસરમાં રોકડ રકમ સાથે ફરવું પ્રતિબંધિત છે અને તેને રેલવે કાર્ડમાં જમા કરાવવી જરૂરી છે. આ બહાને પ્રથમ ઘટનામાં એક મુસાફર પાસેથી 12,000 રોકડ અને એક મોબાઈલ ફોન ઠગાઈ કરીને લઈ લેવામાં આવ્યા, જ્યારે બીજી ઘટનામાં અન્ય એક મુસાફર પાસેથી 3,000 રોકડ, મોબાઈલ ફોન તેમજ તેના બેંક ખાતામાંથી અંદાજે 1,00,000ની છેતરપિંડી કરવામાં આવી.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વરિષ્ઠ મંડળ સુરક્ષા આયુક્ત, અમદાવાદના માર્ગદર્શન હેઠળ ઈન્સ્પેક્ટર/ આરપીએફ અમદાવાદના નેતૃત્વમાં એક વિશેષ ટીમ (CPDS)ની રચના કરવામાં આવી. ટીમ દ્વારા સ્ટેશન પરિસરના સીસીટીવી ફૂટેજની વિગતવાર તપાસ દરમિયાન ચાર શંકાસ્પદ વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી, જેમની માહિતી ક્રાઈમ બ્રાંચ તથા જીઆરપી સાથે શેર કરવામાં આવી.આરપીએફ ટીમના એએસઆઈ માનસિંહ, સીટી મંજીત કુમાર તથા સીઆઈબી સ્ટાફ દ્વારા સ્ટેશન પરિસરમાં સઘન શોધ અભિયાન હાથ ધરવામાં આવ્યું, જેમાં બે શંકાસ્પદોને ઝડપી લેવામાં આવ્યા. તેમની ઓળખ પરેશ કુમાર પટેલ (રહેવાસી સુરત) તથા કાઉડા (રહેવાસી ઉદયપુર) તરીકે થઈ.પૂછપરછ દરમિયાન આરોપીઓએ સ્વીકાર્યું કે તેઓ તેમના સાથી મિટ્ઠુ સિંહ અને પ્રિન્સ સાથે મળીને અમદાવાદ, સાબરમતી, દિલ્હી, સિકંદરાબાદ, હૈદરાબાદ, જયપુર, ભોપાલ અને સુરત જેવા મોટા રેલવે સ્ટેશનો પર ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહાર જતાં ઓછા શિક્ષિત મુસાફરોને નિશાન બનાવતા હતા.બંને આરોપીઓ તેમના સાથીઓ સાથે રેલવે સ્ટેશનોના બુકિંગ હોલ, પ્લેટફોર્મ વગેરે સ્થળોએ ઉભા રહી મુસાફરો પર નજર રાખતા હતા અને ખાસ કરીને બિહાર તથા ઉત્તર પ્રદેશ જતાં ઓછા શિક્ષિત મજૂર વર્ગના મુસાફરોને નિશાન બનાવતા હતા. તેઓ મુસાફરો સાથે તેમની ભાષામાં વાતચીત કરીને વિશ્વાસ જીતતા અને ખોટી માહિતી આપતા કે રેલવેમાં રોકડ કે મોબાઈલ રાખવું પ્રતિબંધિત છે, તેથી પૈસા અને મોબાઈલ જમા કરાવી કાર્ડ બનાવવું પડશે. ત્યારબાદ તેમનો એક સાથી નકલી 500ના કૂપન નોટ આપીને કાર્ડ બનાવવાનું નાટક કરતો, જેથી મુસાફરને વિશ્વાસ થઈ જાય. આ રીતે વિશ્વાસમાં લઈ તેઓ મુસાફરો પાસેથી રોકડ અને મોબાઈલ લઈને ફરાર થઈ જતા અને મોબાઈલ દ્વારા પૈસાની લેવડદેવડ પણ કરી લેતા. આ રીતે તેઓ ભોળા અને ઓછા શિક્ષિત મુસાફરોને પોતાનો શિકાર બનાવતા હતા. પકડાયેલા આરોપીઓ પાસેથી 1,03,150 રોકડ, 04 મોબાઈલ ફોન, 02 બેગ તેમજ 84 નકલી કૂપન નોટો જપ્ત કરવામાં આવી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...